દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૩ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 229 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ભાદ્રપદ વદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 September 2024, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | ૭ | ૮ | ૯ | ૧૦ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# વિદાય વખતે વરસાદ વીફર્યો

- કડાકા-ભડાકા સાથે ગઈકાલ સાંજથી જ પડેલા ધોધમાર વરસાદને લીધે ઠેર ઠેર પાણી ભરાયાં
- ટ્રેનવ્યવહાર ખોડંગાતા અને ટ્રાફિક જૅમને કારણે લાખો મુંબઈગરા અટવાયા
- આજે સ્કૂલ-કોલેજોમાં રજા



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સાંજ બાદ વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ ચાલુ થયો હતો. મુશળધાર વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સાથે જ લોકલ ટ્રેન અને રોડ પરના વાહનવ્યવહારને અસર થઈ હતી. ભારે વરસાદને પગલે હવામાન ખાતાએ ફરી એક વખત મુંબઈ માટે અગાઉ જાહેર કરેલા ઓરેન્જ એલર્ટને રેડ એલર્ટમાં અપગ્રેડ કર્યું હતું. હવામાન ખાતાએ ગુરવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધી મુંબઈ માટે રેડ એલર્ટની ચેતવણી આપી હોવાથી પાલિકા પ્રશાસન સજ્જ થઈ ગયું હતું. ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને આજે મુંબઈની સ્કૂલો અને કોલેજોમાં રજાની જાહેરાત કરાઈ છે.

હવામાન વિભાગે અગાઉ મુંબઈ, થાણે, પાલઘર માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરી ભારે વરસાદની આગાહી કરી હતી. જોકે બુધવાર સાંજ બાદ પાલઘરને બાદ કરતા મુંબઈ, થાણે માટેની આગાહીને ઓરેન્જમાંથી રેડમાં અપગ્રેડ કરી હતી. તે મુજબ બુધવાર સાંજના લગભગ પાંચેક વાગ્યાથી એકદમ અંધારું થઈને ધોધમાર વરસાદ ચાલુ થઈ ગયો. વીજળીના ગડગડાટ (જુઓ પાનું ૨) ▶▶

# શૅરબજાર અને સોનાચાંદીમાં તેજીના ઉછાળા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજાર અને બુલિયન બજારમાં તેજીના જોરદાર ઉછાળા જોવા મળ્યાં હતાં. લેવાલીનો પર્યાપ્ત ટેકો મળતાં સેન્સેક્સ ૮૫,૦૦૦, નિફ્ટી ૨૬,૦૦૦, સોનું ૭૫,૦૦૦ અને ચાંદી ૯૦,૫૦૦ની સપાટી વટાવી નાંખી છે.

નીચા મથાળે શરૂઆત થયાં બાદ સત્રના પાછલા ભાગમાં નવેસરની લેવાલી નીકળતાં શેરબજારમાં સેન્સેક્સ તથા નિફ્ટીને નવી વિક્રમી ઊંચી સપાટીએ પહોંચાડ્યા હતા. સેન્સેક્સ ૨૫૫.૮૩ પોઈન્ટ અથવા ૦.૩૦ ટકા વધીને ૮૫,૧૬૯.૮૭ પોઇન્ટની સર્વકાલીન ઊંચી સપાટી પર સેટલ થયો હતો. જ્યારે નિફ્ટી ૬૩.૭૫ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકા વધીને ૨૬,૦૦૪.૧૫ પોઇન્ટની

વિક્રમી સપાટીએ બંધ રહ્યો હતો.

આ તરફ બલિયન બજારમાં પણ તેજીનો પવન ફૂંકાયો હતો. ડોલર નબળો પડવા સાથે સત્ર દરમિયાન લેવાલીનો સારો ટેકો મળતાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૭૪,૭૬૪ના પાછલા બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૪ના ઉછાળા સાથે રૂ. ૭૫,૨૪૮ બોલાયું હતું. જ્યારે .૯૯૯ ટચ હાજર ચાંદીનો ભાવ રૂ. ૮૮,૪૦૨ પ્રતિ કિલોના પાછલા બંધ સામે રૂ. ૨૩૨૮ના જોરદાર ઉછાળા સાથએ રૂ. ૯૦,૭૩૦ની સપાટીએ પહોંચ્યો હતો.

શેરબજારમાં બીએસઇ ખાતે બજાજ ફિનસર્વ, બ્લુ સ્ટાર, બોશ, કેમ્પસ એક્ટિવ, સીએટ, ઇક્લેરક્સ સર્વિસ, ફર્સ્ટસોર્સ સોલ્યુશન્સ, હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, ઇપકા લેબ્સ, એમએન્ડએમ, મહાનગર ગેસ, મેટ્રોપોલિસ, એનટીપીસી, પીસીબીએલ, પાવર ગ્રીડ કોર્પ, ટાટા કોમ્યુનિકેશન્સ, ટ્રેન્ટ, ટીવીએસ મોટર સહિત લગભગ ૩૦૦ શેર તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીને સ્પર્શ્યા હતા.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, રેન્જ-બાઉન્ડ ટ્રેડ પછી પાવર અને બેંકિંગ શેરોની આગેવાની હેઠળ શેરબજારમાં બેન્ચમાર્ક શેરઆંક સત્રના પાછલા ભાગમાં ઊંચી સપાટી તરફ આગળ વધ્યાં હતાં, જ્યારે ઊંચા વેલ્યુએશન્સની ચિંતા વચ્ચે કરેકશન આવતાં મિડકેપ અને સ્મોલકેપ શેરઆંક નીચી સપાટીએ ગબડ્યા હતા. ઇક્વિટી એનાલિસ્ટે એવી ચેતવણી પણ આપી છે કે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોના પ્રવાહમાં ઘટાડો અને સસ્તા

(જુઓ પાનું ૨) ▶▶

# જમ્મુ ડિવિઝનના રિયાસીએ ૭૧ ટકા મતદાન સાથે રંગ રાખ્યો



## આતંકવાદી પ્રવૃત્તિઓ સરહદના રહેવાસીઓને હતોત્સાહ કરવામાં નિષ્ફળ

જમ્મુઃ જમ્મુ-કાશ્મીર વિધાનસભાની બીજા તબક્કાની ૨૬ બેઠકો માટેનું મતદાન બુધવારે શાંતીપુર્વક પાર પડ્યું હતું. બીજા તબક્કાની ૨૬ બેઠકોમાં સાંજે પાંચ વાગ્યા સુધી સરેરાશ ચોપન ટકા મતદાન થયું હોવાનું જાણવા મળ્યું હતું. સૌથી વધુ મતદાન જમ્મુની રિયાસીમાં ૭૧.૮૧ ટકા થયું હતું, જ્યારે સૌથી ઓછું મતદાન શ્રીનગર જિલ્લામાં ૨૭.૩૧ ટકા મતદાન થયું હતું, એવી માહિતી ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવી હતી.

બુધવારે સવારે સાત વાગ્યે મતદાનની શરૂઆત થઈ હતી અને ૨૩૯ બેઠકો માટે કુલ ૨૫,૭૮,૦૯૯ મતદારો પાત્ર હતા, જેમાં ૧૩,૧૨,૭૩૦ પુરુષ અને ૧૨,૬૫,૩૧૬ મહિલા જ્યારે ૫૩ ટ્રાન્સજેન્ડર મતદાતાનો સમાવેશ થાય છે.

બીજી તરફ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે ભારપૂર્વક કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો બહાલ કરાવવા માટે વિપક્ષ પોતાની પૂરી તાકાત લગાવશે.

છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં થયેલી આતંકવાદી પ્રવૃત્તિઓ છતાં રાજૌરી અને પુંછના સરહદી જિલ્લાઓમાં

(જુઓ પાનું ૨) ▶▶

# હિંમતનગર હાઈવે પર કાર ટ્રેલરની પાછળ ઘૂસી જતા સાત લોકોનાં કમકમાટીભર્યા મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પાસે બુધવારે વહેલી સવારે ભયાનક અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર કાર ટ્રેલરના પાછળના ભાગમાં ઘૂસી જતા સાત લોકોના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા, જ્યારે એકની હાલત ગંભીર છે. નજરે જોનારાઓએ જણાવ્યું હતું કે, અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ નિકળી ગયો હતો, કારની અંદર લાશો ફસાઈ ગઈ હતી. મૃતદેહો બહાર કાઢવા ગૅસ કટરથી કારના પતરાં કાપવા પડ્યાં હતાં. આ ગમખ્વાર અકસ્માતના પગલે મૃતકોના પરિવારજનોમાં ભારે શોકની લાગણી ફેલાઈ હતી અને હિંમતનગર સિવિલ હૉસ્પિટલમાં હૃદયદ્રાવક દશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ થતાં જ હિંમતનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો.

અકસ્માત અંગે મળતી માહિતી મુજબ, હિંમતનગરમાં સહકારી જીન નજીક બુધવારે વહેલી સવારે શામળાજી તરફથી અમદાવાદ આવતી કાર ધડાકાભેર એક ટ્રેલરના પાછળના ભાગમાં ઘૂસી ગઇ હતી, જેના લીધે હાઈવે પર અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. કારમાં સવાર અમદાવાદના ૮ યુવકમાંથી ૭ યુવકના કરુણ મોત નિપજ્યા હતા અને એકને ગંભીર રીતે ઈજાઓ પહોંચી હતી. આ તમામ મૃતકોની લાશને પીએમ અર્થે હિંમતનગર સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવી છે. તેમ જ ઈજાગ્રસ્ત યુવકને પણ હિંમતનગર સિવિલ હૉસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેના પિતા પણ વહેલી સવારે દોડી આવ્યા હતા. હિંમતનગર સિવિલથી અમદાવાદ ખાનગી હૉસ્પિટલમાં વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

અકસ્માતમાં મૃત્યુ પામેલા યુવાનોમાં ૧. ચિરાગ રવિભાઈ ધનવાની (ઉંમર ૨૩, રહે. કૈલાસરાજ હાઈટ્સ, કુબેરનગર-અમદાવાદ) ૨. રોહિત સુરેશભાઈ

(જુઓ પાનું ૨) ▶▶



**જોખમ ટળ્યુંઃ** ચેન્નઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી દુબઈ માટે રવાના થયેલી અમિરાતની ફ્લાઈટમાંથી ધુમાડા નીકળતા જોવા મળ્યા હતા. વિમાનમાં ઈંધણ ભરવામાં આવી રહ્યું હતું ત્યારે આ ઘટના બની હતી. (એજન્સી)

# જમ્મુ-કાશ્મીરને ચૂંટણી બાદ રાજ્યનો દરજ્જો નહીં મળે તો ઈન્ડિયા બ્લોક રસ્તા પર ઊતરશેઃ રાહુલ ગાંધી

જમ્મુઃ જો ભાજપની આગેવાની હેઠળની સરકાર હાલની વિધાનસભાની ચૂંટણીઓ બાદ જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવામાં નિષ્ફળ રહેશે તો ઇન્ડિયા બ્લોક સંસદની અંદર તેની તમામ શક્તિનો ઉપયોગ કરશે અને ત્યાં સુધી કે રસ્તા પર પણ ઊતરશે એમ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે જણાવ્યું હતું.

અહીં પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં એક જાહેર રેલીને સંબોધતા ભૂતપૂર્વ કૉંગ્રેસ અધ્યક્ષે જણાવ્યું કે જમ્મુ-કાશ્મીરના લોકો સાથે ઘોર અન્યાય થયો હતો જ્યારે ૨૦૧૯માં તત્કાલીન રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. છેલ્લાં ત્રણ અઠવાડિયામાં આ તેમની જમ્મુ-કાશ્મીરની ત્રીજી મુલાકાત હતી.

જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માટે કામ કરવાના તેમના સંકલ્પનું પુનરાવર્તન કરતા ગાંધીએ જણાવ્યું કે ભારતના ઇતિહાસમાં આવું ક્યારેય બન્યું નથી કે અમે રાજ્યનો દરજ્જો છીનવી લીધો હોય અને એક રાજ્યને કેન્દ્રશાસિત પ્રદેશમાં ફેરવ્યું હોય. તેમણે રેલીમાં કહ્યું કે આવું ક્યારેય બનવું જોઇતું ન હતું અને હું તમને ખાતરી આપું છું કે જો ભાજપ(ચૂંટણી પછી) રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત નહીં કરે તો અમે ઇન્ડિયા બ્લોક લોકસભા, રાજ્યસભામાં અમારી સંપૂર્ણ તાકાત લગાવીશું અને ત્યાં સુધી કે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવા માટે રસ્તા પરઊતરી જઇશું.

તેમણે આરોપ લગાવ્યો કે ઉપરાજ્યપાલના માધ્યમથી બહારના લોકોને ફાયદો પહોંચાડવા માટે જમ્મુ-કાશ્મીર પાસેથી રાજ્યનો દરજ્જો છીનવી લેવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે જ્યાં સુધી ઉપરાજ્યપાલ છે ત્યાં સુધી બહારના લોકોને ફાયદો થશે અને સ્થાનિક લોકોને હાંસિયામાં ધકેલી દેવાશે. આ જ કારણ હતું કે જમ્મુ-કાશ્મીર પાસેથી રાજ્યનો દરજ્જો છીનવાઇ ગયો. તેઓ ઇચ્છતા હતા કે જમ્મુ-કાશ્મીરને સ્થાનિક લોકોના બદલેબહારના લોકો ચલાવે. (એજન્સી) ■

# ભારતમાં ૨૦૨૩-૨૪માં અનાજનું વિક્રમી ઉત્પાદન

નવી દિલ્હીઃ ઘઉં અને ચોખાનો મબલક પાક થતાં જૂનમાં પૂરી થયેલી પાકની મોસમમાં અનાજનું ૩૩૨.૨૨ મિલિયન ટન વિક્રમી ઉત્પાદન થયું છે, એવી માહિતી કૃષિ મંત્રાલયે આપી છે. ૨૦૨૩-૨૪નો અંતિમ અંદાજ ગયા વર્ષના ઉત્પાદન ૩૨૯.૬ મિલિયન ટનમાં ૨.૬૧ મિલિયન ટનનો વધારો સૂચવે છે. ચોખાનું ઉત્પાદન ૨૦૨૨-૨૩ના ૧૩૫.૭૫ મિલિયન ટનથી વધીને વિક્રમી ૧૩૭.૮૨ મિલિયન થયું છે.

ઘઉંનું ઉત્પાદન પણ વિક્રમી રહ્યું હતું. ઘઉંનું ઉત્પાદન ૨૦૨૨-૨૩ના ૧૧૦.૫૫ મિલિયન ટનથી વધીને વિક્રમી ૧૧૩.૨૯ મિલિયન થયું છે. કઠોળનું ઉત્પાદન ૨૬.૦૫ મિલિયન ટનથી ઘટીને ૨૪.૨૪ મિલિયન ટન થયું છે. તેલીબિયાનું ઉત્પાદન ૪૧.૩૫ મિલિયન ટનથી ઘટીને ૩૯.૬૬ મિલિયન ટન થયું છે. મંત્રાલયે કહ્યું હતું કે કઠોળ, કડ ધાન્ય, સોયાબીન અને કપાસનું ઉત્પાદન મહારાષ્ટ્ર સહિતના દક્ષિણનાં રાજ્યોમાં દુકાળ અને ઓગસ્ટ સુધી લંબાયેલું રાજસ્થાનમાં સુકું હવામાન જેવી સ્થિતિને લીધે ઘટ્યું છે. (એજન્સી) ■

# જમ્મુ-કાશ્મીર ચૂંટણીમાં ઇતિહાસ રચાઇ રહ્યો છે

નવી દિલ્હીઃ મુખ્ય ચૂંટણી કમિશ્નર(સીઇસી) રાજીવ કુમારે બુધવારે જમ્મુ અને કાશ્મીરમાં ચાલી રહેલી વિધાનસભાની ચૂંટણીઓને 'ઇતિહાસ રચાતો' હોવાનું જણાવતા કહ્યું કે લોકો તે સ્થળોએ મતદાન મથકોની બહાર લાંબી કતારોમાં ઊભા હતા, જ્યાં એક સમયે લોકતાંત્રિક પ્રક્રિયાનો બહિષ્કાર કરવાની હાકલ કરવામાં આવી હતી.

કેન્દ્રશાસિત પ્રદેશમાં ૨૬ બેઠકો પર મતદાનના બીજા તબક્કા દરમિયાન અહીં પત્રકારો સાથે વાત કરતા કુમારે જણાવ્યું કે આ તબક્કા માટે ૧૦૦ ટકા સીસીટીવી કવરેજ ઉપલબ્ધ છે અને યુવાનો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ધીરજપૂર્વક કતારોમાં ઊભા રહીને રાહ જોઇ રહ્યા છે. (એજન્સી) ■

# 'મેક ઇન ઈન્ડિયા' યોજનાની ૧૦મી વર્ષગાંઠ પર મોદીએ કહ્યું! 'દેશ હવે અટકવાનો નથી'

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે તેમની સરકારના 'મેક ઇન ઇન્ડિયા' યોજનાની ૧૦મી વર્ષગાંઠ નિમિત્તે કહ્યું હતું કે ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની મહત્ત્વાકાંક્ષી યોજનાએ એક સપનાને એક શક્તિશાળી આંદોલનમાં બદલી દીધું છે અને તેની અસરથી ખ્યાલ આવે છે કે 'ભારત હવે અટકવાનો નથી'.

લિંક્ડઇન પર એક બ્લોગમાં તેમણે એ તમામની પ્રશંસા કરી હતી જેમણે આ યોજનાને ''અદ્ભુત સફળ'' બનાવવામાં ભૂમિકા ભજવી હતી અને કહ્યું કે તેમાંથી દરેક એક નેતા, સ્વપનદ્રષ્ટા અને સંશોધક છે. તેમણે કહ્યું હતું કે તેમના અથાક પ્રયત્નોથી કાર્યક્રમની સફળતાને બળ મળ્યું છે, જેના કારણે ભારત વૈશ્વિક આકર્ષણનું તેમજ ઉત્સુકતાનું કેન્દ્ર બની ગયું છે.

તેમણે વધુમાં કહ્યું હતુ કે આ સામૂહિક અભિયાન છે અને તે પ્રકૃતિમાં અવિરત છે. તેણે એક સપનાને એક શક્તિશાળી આંદોલનમાં બદલી દીધું છે. 'મેક ઇન ઇન્ડિયા'ની અસર દર્શાવે છે કે ભારત દેશ હવે રોકાવાનો નથી.

મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આજે ભારતની તરફેણમાં ઘણું બધું જઈ રહ્યું છે કારણ કે આ લોકશાહી, વસ્તી અને માગનું એક આદર્શ મિશ્રણ છે. તેમણે કહ્યું કે દેશ પાસે એ બધુ જ છે જે વૈશ્વિક સપ્લાય ચેઇનમાં એક પ્રમુખ ખેલાડી બનવા માટે આવશ્યક છે. તેમણે કહ્યું કે ભારતને આજે વેપાર માટે વિશ્વસનીય ભાગીદાર તરીકે જોવામાં આવે છે.

વૈશ્વિક મહામારી જેવા પડકારોનો સામનો કરવા છતાં ભારત વિકાસના માર્ગ પર મક્કમતાથી આગળ વધી રહ્યુ છે. આજે આપણને વૈશ્વિક વિકાસના વાહક તરીકે જોવામાં આવે છે. હું મારા યુવા મિત્રોને મેક ઈન ઈન્ડિયાને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે અમારી સાથે જોડાવા આહ્વાન કરું છું. આપણે બધાએ શ્રેષ્ઠતા માટે પ્રયત્ન કરવો જોઈએ. ડિલિવરીની ગુણવત્તા અમારી પ્રતિબદ્ધતા હોવી જોઈએ. શૂન્ય ખામી આપણો મંત્ર હોવો જોઈએ.

તેમણે કહ્યું હતું કે, છેલ્લા દાયકાને યાદ કરીને મને એ જોઈને ગર્વ થાય છે કે ૧૪૦ કરોડ ભારતીયોની શક્તિ અને કૌશલ્ય આપણને કેટલા આગળ લઈ ગયા છે. મેક ઈન ઈન્ડિયાની અસર તમામ ક્ષેત્રોમાં જોવા મળે છે, જેમાં એવા ક્ષેત્રોનો પણ સમાવેશ થાય છે જ્યાં અમે પ્રભાવ પાડવાનું સ્વપન પણ જોયું ન હતું. એક ઉદાહરણ આપતા મોદીએ કહ્યું કે સમગ્ર દેશમાં ભારતમાં માત્ર બે જ મોબાઈલ મેન્યુફેક્ચરિંગ યુનિટ હતા, જેની સંખ્યા વધીને આજે ૨૦૦થી વધુ થઈ ગઈ છે. તેમણે કહ્યું, આપણી મોબાઈલ નિકાસ ૧,૫૫૬ કરોડ રૂપિયાથી વધીને ૧.૨ લાખ કરોડ રૂપિયા થઈ છે, જે ૭૫૦૦ ટકાની આશ્ચર્યજનક વૃદ્ધિ છે! આજે ભારતમાં ઉપયોગમાં લેવાતા ૯૯ ટકા મોબાઈલ ભારતમાં બને છે. આપણે વૈશ્વિક સ્તરે બીજા નંબરના સૌથી મોટા મોબાઈલ ઉત્પાદક બની ગયા છીએ.

તેમણે કહ્યું કે સ્ટીલ ઉદ્યોગમાં દેશ સ્ટીલનો નિકાસકાર બની ગયો છે અને ૨૦૧૪થી ઉત્પાદનમાં ૫૦ ટકાથી વધુનો વધારો થયો છે. આપણા સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ સેક્ટરે ૧.૫ લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ આકર્ષિત કર્યું છે, જેમાં પાંચ પ્લાન્ટ મંજૂર થયા છે જેની સંયુક્ત ક્ષમતા દરરોજ સાત કરોડથી વધુ ચિપ્સની હશે. દેશ વૈશ્વિક સ્તરે રિન્યુએબલ એનર્જીનો ચોથો સૌથી મોટો ઉત્પાદક છે, માત્ર એક દાયકામાં તેની ક્ષમતામાં ૪૦૦ ટકાનો વધારો થયો છે. (એજન્સી) ■



**એમઓયુ :** ઓસ્ટ્રેલિયાના એડિલેડ ખાતે ભારત અને ઓસ્ટ્રેડ વચ્ચેની બેઠક દરમિયાન એમઓયુમાં સહી કરવામાં આવી હતી. એ સમયે ભારતના વાણિજય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયુષ ગોયલ સાથે અન્યો. (એદજન્સી)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કૃષિ કાયદા મુદ્દે કંગનાના લવારા ભાજપને ભારે પડશે

**બોલીવૂડની** ક્વીન કંગના રણૌત ભાજપમાં નવાં બડફા ક્વીન તરીકે ઊભરી રહ્યાં છે અને સ્મૃતિ ઈરાની કે પ્રજ્ઞા ઠાકુર જેવી બકવાસ કરી કરીને ભાજપની બુંદ બેસાડી દેનારી સન્નારીઓની ખોટ પૂરી રહ્યાં છે. હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક પરથી જીત્યા પછી કંગનાએ ઉપરાછાપરી વિવાદો સર્જીને ભાજપની હાલત કફોડી કરી નાખી છે. કંગનાના લવારાના કારણે થઈ રહેલા રાજકીય નુકસાનના કારણે ભાજપે કંગનાને ખમૈયા કરવા કહેવું પડેલું.

કંગનાએ ખેડૂત આંદોલન દરમિયાન મહિલાઓ પર બળાત્કારો થયેલા અને હત્યાઓ થયેલી એવો લવારો કરતાં ક્ષોભજનક સ્થિતિમાં મુકાયેલા ભાજપે સત્તાવાર રીતે જાહેરાત કરવી પડેલી કે, કંગના કહે એ ભાજપનું સત્તાવાર વલણ નથી ને કંગનાને નીતિવિષયક બાબતો અંગે બોલવાનો અધિકાર કે સત્તા નથી તેથી કંગના પોતાની લૂલીને કાબૂમાં રાખે.

કંગનાએ ભાજપની આ સલાહને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખી છે અને ફરી ખેડૂત આંદોલનનો મુદ્દો છેડી દીધો છે. હમણાં ભાજપનું સભ્ય નોંધણી અભિયાન ચાલે છે. કંગના પણ પોતાના મતવિસ્તારમાં મંડીમાં આ અભિયાન ચલાવી રહ્યાં છે. આ દરમિયાન કંગનાએ સોમવારે મંડીની નાચન એસેમ્બલીમાં કાર્યકરો સાથે બેઠકમાં એલાન કર્યું કે, ખેડૂતોને લગતા ત્રણ કૃષિ કાયદા પાછા ખેંચવામાં આવ્યા છે એ ફરીથી લાગુ કરવા જોઈએ એવું મને લાગે છે. કંગનાના કહેવા પ્રમાણે, આ કાયદા અંગે વિવાદ સર્જાયો હતો પણ વિવાદાસ્પદ હોઈ તેને લાગે છે કે ખેડૂતો માટે આ કાયદા ફાયદાકારક હોવાથી આ કાયદા પાછા આવવા જોઈએ.

કંગનાએ ખેડૂતોને વણમાગી સલાહ પણ આપી કે, ખેડૂતોએ પોતે આ કાયદા પાછા લાવવાની માગ કરવી જોઈએ કે જેથી બીજા દેશોની જેમ આપણા ખેડૂતો પણ સમૃદ્ધ થાય, ખેડૂતોની સમૃદ્ધિમાં બ્રેક ન આવે. કંગનાએ હજુ બે દિવસ પહેલાં જ સોનિયા ગાંધી વિશે લવારો કરેલો કે, હિમાચલ પ્રદેશની સુખવિંદર સિંહ સુખ્ખુની સરકાર દેવું કરી કરીને કૉંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ સોનિયા ગાંધીને આપી દે છે. તેના કારણે રાજ્યની તિજોરી ખાલી થઈ ગઈ છે. કંગનાની બાલિશ ને સાવ બુદ્ધિ વિનાની વાત સાંભળીને શું કરવું એ ભાજપ હજુ વિચારે એ પહેલાં તો કંગનાએ કૃષિ કાયદા પાછા લાવવાની વાત કરીને ભાજપને પાછો બંબૂ લગાવી દીધો છે.

અત્યારે હરિયાણામાં વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર પુરજોશમાં ચાલુ છે અને ભાજપ માટે સત્તા જાળવવા ખેડૂતોનો સાથ અત્યંત જરૂરી છે ત્યારે જ કંગનાએ નવો પલિતો ચાંપી દીધો છે. મોદી સરકારે બીજી ઈનિંગમાં ત્રણ કૃષિ કાયદાને સંસદમાં પાસ કરાવ્યા હતા. ખેડૂત ઉત્પાદન વેપાર અને વાણિજ્ય (પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) અધિનિયમ ૨૦૨૦, ખેડૂત (સશક્તિકરણ અને સંરક્ષણ) એગ્રીમેન્ટ ઓન પ્રાઇસ એશ્યોરન્સ એન્ડ ફાર્મ સર્વિસ એક્ટ ૨૦૨૦ અને આવશ્યક ચીજવસ્તુઓ (સુધારો) અધિનિયમ ૨૦૨૦ નામના આ કાયદાઓનો ખેડૂત સંગઠનો દ્વારા ખૂબ વિરોધ થયો હતો.

દિલ્હીની સરહદે ખેડૂતો સવા વર્ષથી વધુ સમય સુધી ધરણાં પર બેઠા હતા અને ઉગ્ર આંદોલન ચલાવ્યું હતું. આ આંદોલનના કારણે ૨૦૨૨ના માર્ચમાં યોજાનારી ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી પર અસર થશે એવું લાગતાં અંતે નવેમ્બર ૨૦૨૧માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રણેય કાયદાને રદ કરવાની જાહેરાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, આ કાયદાના ફાયદા અંગે પોતે ખેડૂતોને સમજાવી શક્યા નહીં તેથી ખેડૂતોના હિતમાં પોતે આ કાયદા પાછા ખેંચે છે.

મોદીએ પીછેહઠ કરીને ખેડૂતોનો વિરોધ શાંત કરેલો અને આ પ્રકરણને કાયમ માટે બંધ કરી દીધેલું. હવે કંગનાના લવારાના કારણે કૉંગ્રેસને તક મળી ગઈ છે. કૉંગ્રેસે જરાય વાર કર્યા વિના ટ્વિટ કરી દીધી છે કે, ખેડૂતો પર લાદવામાં આવેલા ત્રણ કાળા કાયદા પાછા લાવવા જોઈએ એવી માગ ભાજપનાં સાંસદ કંગના રનૌતે કરી છે. ખેડૂત આંદેલનમાં દેશના ૭૫૦ થી વધુ ખેડૂતો શહીદ થયા પછી મોદી સરકાર જાગી હતી અને આ કાળા કાયદા પાછા ખેંચવા પડ્યા હતા. હવે ભાજપના સાંસદો ફરીથી આ કાયદાઓને પાછા ખેંચવાની યોજના બનાવી રહ્યા છે પણ કૉંગ્રેસ ખેડૂતોની સાથે છે. નરેન્દ્ર મોદી અને તેમના સાંસદો ગમે તેટલી કૂદાકૂદ કરે, આ કાળા કાયદા ક્યારેય પાછા નહીં આવે.

કંગનાની પિન ખેડૂતોના આંદોલન પર કેમ ચોંટી ગઈ છે એ કહેવું મુશ્કેલ છે પણ કંગના ખેડૂત આંદોલન મુદ્દે વારંવાર લવારા કર્યા કરે એ ભાજપના હિતમાં નથી જ. આ લવારા દ્વારા કંગના ભાજપની સાંસદ થઈને કૉંગ્રેસ સહિતના વિપક્ષોને ફાયદો કરાવી રહી છે. હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં આ પ્રકારના બકવાસ ભાજપને ભારે પડી શકે છે.

હરિયાણામાં ભાજપ જીતવાનો નથી એવી હવા જામેલી છે. આ કારણે ભાજપમાંથી મોટા પાયે રાજીનામાં પડી રહ્યાં છે. હરિયાણામાં ભાજપ વિરુદ્ધ હવા જામી તેનું એક કારણ એ છે કે ભાજપે ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં હરિયાણામાં તમામ ૧૦ બેઠકો જીતી હતી પણ ૨૦૨૪માં ચિત્ર બદલાઈ ગયું. ૨૦૨૪માં હરિયાણાની ૧૦ બેઠકોમાંથી ૫ બેઠકો ભાજપ જીત્યો જ્યારે ૫ બેઠકો કૉંગ્રેસે જીતી છે. આ કારણે કૉંગ્રેસ જોરદાર ફોર્મમાં છે અને ભાજપ ડાઉન છે.

હરિયાણામાં ખેડૂત આંદોલન સહિતના મુદ્દાની વ્યાપક અસર થઈ છે એ કારણે પણ ભાજપ નહીં જીતે એવી હવા જામેલી છે તેથી સત્તા માટે ભાજપમાં આવેલા નેતા સત્તા છોડીને ભાગી રહ્યા છે. હરિયાણા વિધાનસભાની ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી નહોતી મળી. એ વખતે સત્તા ટકાવવા માટે ભાજપે જેજેપીનો ટેકો લીધેલો ને પછી જેજેપીના ઘણા ધારાસભ્યોને તોડી લીધા તેની પણ અસર છે પણ મુખ્ય અસર ખેડૂત આંદોલનની છે. ભાજપે ખેડૂતોને મનાવવા માટે ઘણી બધી જાહેરાતો કરી છે ને ચૂંટણી ઢંઢેરામાં વચનોની લહાણી પણ કરી છે. કંગનાના લવારાના કારણે ખેડૂતોને એવું લાગશે કે, ભાજપ સત્તામાં આવવા માટે અમને પંપાળી રહ્યો છે પણ સત્તા મળતાંજ પાછા ત્રણ કૃષિ કાયદા લાવીને અમારી મેથી મારશે. ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી હતી ત્યારે ભાજપ એ કાયદાનો અમલ નહોતો કરાવી શક્યો તો અત્યારે તો એ શક્ય જ નથી પણ લોકો વાસ્તવિકતા જોતા નથી, વાતોમાં વહી જાય છે તેથી ભાજપને નુકસાન થઈ શકે છે.

ભાજપે આ નુકસાન રોકવા કંગનાને ઝાપટી નાખવી જોઈએ. કંગના પોતાને દુનિયાની સૌથી બુદ્ધિશાળી વ્યક્તિ માને છે તેથી દરેક મુદ્દે ફેંકાફેંક કરે છે. તેને તો ભાન નથી પણ ભાજપને ભાન થવું જોઈએ કે, આ બેનને નહીં રોકીએ તો તપેલું ચડી જશે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), ગુરુવાર, તા. ૨૬-૯-૨૦૨૪
દશમનું શ્રાદ્ધ, ગુરુ પુષ્યામૃત સિદ્ધિયોગ

- ભારતીય દિનાંક ૪, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ વદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ વદ-૯
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૩મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૨૩-૩૩ સુધી, પછી પુષ્ય.
- ચંદ્ર મિથુનમાં સાંજે ક. ૧૭-૧૨ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૯ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૨, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક. ૦૭-૩૨, રાત્રે ક. ૧૯-૧૭
- ઓટઃ બપોરે ક. ૧૪-૦૫, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૪૭ (તા. ૨૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, ''રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી'' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - નવમી. દશમનું શ્રાદ્ધ, સૂર્ય મહાનક્ષત્ર હસ્ત ક. ૨૫-૧૦, વાહન મોર (સંયોગીયું નથી). ગુરુ પુષ્યામૃત સિદ્ધિયોગ ક. ૨૩-૩૪ થી સૂર્યોદય, વિષ્ટિ ક. ૨૪-૪૭થી.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, સપ્તષતી પાઠ વાંચન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, ગુરુગ્રહદેવતાના જાપ-પૂજન, અદિતિ પૂજન, વાંસ વાવવા, ધાન્ય ભરવું, બી વાવવું, નિત્ય થતાં દુકાન-વેપાર, સ્થાવર લેવડદેવડ, પશુ લે-વેંચના કામકાજ, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી. ગુરુપુષ્યામૃત યોગમાં મંત્રસિદ્ધિ, શ્રીયંત્ર સિદ્ધિ, બ્રહ્મલીન હરિહર પંડિત મહેસાણાવાળા સંશોધિત, પ્રેરિત રિદ્ધિસિદ્ધિદાયક શ્રી ગણેશ યંત્ર પ્રતિષ્ઠા પૂજા, અભિષેકનો મહિમા છે. શ્રીસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્, પુરુસુક્ત, રાત્રિસુક્ત, અભિષેકનો મહિમા.
- શ્રાદ્ધ પર્વઃ દસમ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. દસમનું શ્રાદ્ધ બ્રહ્મલોક અપાવે છે. આજ રોજ ધાન્યનું દાન કરવું. કન્યા પૂજન કરી જમાડવા. પરમાત્મા સાથેનું સાયુજ્ય શ્રાદ્ધ દ્વારા સાકાર થઈ શકે છે. કાગડાનું મહત્ત્વઃ ગરુડ પુરાણમાં કાગડાને પિતૃઓનો પ્રતિનિધિ ગણાવ્યો છે. કાગડામાં ''ટેલીપેથી'' (સામાવાળાનાં) વિચારો જાણી લેવાની અદ્‌ભુત શક્તિ હોય છે. મૃત વ્યક્તિના પ્રાણસૂત્રને તે ઓળખે છે. આથી જ શ્રાદ્ધમાં કાગવાસ નાખવામાં આવે છે. ગાયને માતાનું સ્વરૂપ આપેલ છે. બ્રાહ્મણો દેવતાઓનું પ્રતિનિધિત્વ ગણાય છે. આથી આ બધાને જમાડવાનું વિધાન પ્રચલિત છે.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચ્યૂન ત્રિકોણ સંગીતપ્રિય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચ્યૂન ત્રિકોણ (તા. ૨૭) ચંદ્ર પુનર્વસુ યુતિ થાય છે. ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, માર્ગી બુધ-કન્યા, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# બુદ્ધિની કસોટી ચઢાવ્યા વગરનો કોઈ અમલ જાયઝ ગણાય ખરો?

**ગયા** અંકમાં આપણે તૌહીદ (એકેશ્વરવાદ)ને સમજ્યા પછી શીર્કને સમજવું પણ અત્યંત જરૂરી બની રહેવા પામે છે. વેહદાનીયત એટલે એક અલ્લાહને સ્વીકાર્યા બાદ તેની જાત સાથે કોઈને શરીક કરીએ - કોઈને માનીએ તેને શીર્ક કહેવાય. કુરાન શરીફમાં સૃષ્ટિનો સર્જનહાર અલ્લાહતઆલા સખત શબ્દોમાં ફરમાવે છે, કે બીજા કોઈ પણ ગુનાહને તેની માફી ખરા દિલથી માગવામાં આવે તો હું માફ કરી શકું, પરંતુ આ શીર્કના ગુનાને કદી માફી નહીં કરું. તેની સજા કર્તાને ભોગવવી જ પડશે.

રોજિંદા વ્યવહારમાં જાણે અજાણ્યે બંદો કેટલીય ભૂલો કરતો હોય છે તેનો શાંતચિત્તે વિચાર કરીએ તો તેનો શીર્કની વ્યાખ્યામાં સમાવેશ થઈ શકે. આપણા ઘણા કામ બગડે છે અને સુધરે પણ છે. કામમાં સફળતા મળે તો એમ જ માનવું જોઈએ કે આ સફળતા અલ્લાહતઆલાના ફઝલો કરમથી મળી છે અને નિષ્ફળતા મળે તો ખુદાની મસ્લેહત (ભેદ) સમજીને તેની ઈચ્છા સાથે રાજી રહેવું જોઈએ.

મહાન પીરો, ઓલિયાઓની મઝાર મુબારક પર અકીદત (શ્રદ્ધા-આસ્થા)નાં ફૂલો ચઢાવવા, તેમની મઝાર શરીફની ઝિયારત કરવી આ કર્મ ઘણા સારા અને ઈચ્છનીય પણ છે, પરંતુ આવા મહાન બુઝુર્ગો (આલિમ, જ્ઞાનીઓ) અલ્લાહથી ઘણા નજીક હોય તેમના વસીલાથી ઈલાહી દરબારમાં આપણી મનોકામના સત્વરે કબૂલ થાય તેવી દુઆ માગવી ઓલિયાએ કીરામને પણ પસંદ છે. આવી માન્યતાથી હટીને કોઈ વ્યક્તિ અથવા સાધનને સફળતાનું માધ્યમ ગણે અથવા નિષ્ફળતા માટે જવાબદાર લેખે તો આવી સોચ શીર્કનું કારણ બની શકે. ઈસ્લામમાં બુદ્ધિની કસોટીએ ચઢાવ્યા વગરનો કોઈ અમલ જાયેઝ ન ગણાય.

સુજ્ઞ વાચકો! તૌહીદ (એકેશ્વરવાદ)ને બુદ્ધિથી સમજો-કબૂલ કરો શીર્કથી બચો. ઈસ્લામનો બુનિયાદી સ્તંભ અલ્લાહ એક અને માત્ર અકેલો હોવાનો તથા તેની બરાબરીનો યા ચઢિયાતો કે ઉતરતો કોઈ જ નથી. તે ક્યાં નથી? અલ્લાહ સર્વત્ર છે. 'કમાલ'સા'બની આ પંક્તિઓ મુજબઃ-

શશીમાં તૂ, રવિમાં તૂ કવિની કલ્પનામાં તૂ વળી આકાશમાં, અવકાશમાં રહે છે હવામાં તૂ મનુજની માન્યતામાં, ભાવનામાં આસ્થામાં તૂ દુઆમાં, પ્રાર્થનામાં તૂ યતિની યાચનામાં તૂ વસતો પાનખરમાં તૂ પરિમલમાં છે પુષ્પોમાં, સુમનમાં તૂ છે ઉપવનમાં અને પ્રત્યેક લતામાં તૂ રગેરગમાં, અંગેઅંગમાં અને નખશિખ બદનમાં તૂ નયનમાં તૂ, વદનમાં તૂ અને પ્રત્યેક અદામાં તૂ તૂ ધખતા ધોમમાં છે વ્યોમમાં ને વીજળીમાં તૂ તૂ સાગરમાં, સરિતામાં, સરોવરમાં, ઝરામાં તૂ નથી કંઈ રવિ પર નિર્ભર ઘણું વ્યાપક છે તારું નૂર, કણેકણમાં છે રજકણમાં અને આખી ધરામાં તૂ 'કમાલ' મસ્જિદમાં શોધે, નમાઝો અઝામાં તૂ ખુદા દિલમાં રહે છે તૂ, વસે છે આત્મામાં તૂ

અલ્લાહતઆલા કુરાન શરીફમાં ફરમાવે છે કે, 'શું તમે દેખતા નથી કે જે કાંઈ આકાશ અને જમીનમાં છે તે બધા જ અલ્લાહની પવિત્રતા વર્ણવી રહ્યા છે. અરે પંખ પ્રસારીને હવામાં ઊડતાં પંખીઓ પણ (તસ્બીહ કરે છે) તે દરેકને તેમની બંદગીની (અલ્લાહની ઉપાસનાની) અને પવિત્રતાની બોલીની જાણકારી છે.

આખરી પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ (સ.અ.વ)ને સંબોધીને અલ્લાહતઆલા કુરાન શરીફમાં ફરમાવે છે કે, '(હે નબી), તુ (તેઓને) કહી દે કે શું તમે અલ્લાહને છોડીને એવી વસ્તુની ઈબાદત કરો છો, જે તમારા લાભ કે નુકસાન પર મુદલ અધિકાર ધરાવતી નથી? અને અલ્લાહ જ મહાન સાંભળનાર અને જાણનાર છે.'

બીજી એક આયતમાં ફરમાવવામાં આવ્યું છે કે, 'બેશક, અલ્લાહ એ વાત કદીય માફ નહીં કરે, કે તેની ઈબાદતમાં કોઈને શરીક (સામિલ) ગણવામાં આવે. તે સિવાય (એટલે કે શીર્કના ગુના સિવાય) અલ્લાહ જેને ચાહે તેને બક્ષી દેશે અને જેણે રબની સાથે બીજાને શરીક બનાવ્યો, તો તે સત્ય માર્ગથી રખડીને ઘણે દૂર ભટકી ગયો.'

'અલબત્ત, જે શખસ પોતાનું વચન પાલન કરે અને (પાપકર્મથી) બચીને ચાલ્યો (એટલે અલ્લાહથી ડરીને ચાલ્યો) તો બેશક! એવા પરહેઝગારો (નિયમ પાળનારાઓ)ને અલ્લાહ પ્રિય રાખે છે.'

'અને તેણે રાત તથા દિવસને તથા સૂર્ય-ચંદ્રને તમારા તાબે કરી દીધા (તમારા માટે કામે લગાડી દીધા) અને તારાઓ પણ તેનાજ હુકમથી કામે લાગેલા છે. બેશક, એમાં પણ તે લોકો માટે (તૌહીદ એટલે કે એકેશ્વરવાદની) કેટલીક દલીલો છે, જે સમજે છે.'

**- જાફરઅલી ઈ. વિરાણી**

* * *

**અલ્લાહ ક્યાં છે?**

'અમે તેમની ધોરી નસથીય નજદીક છીએ.'
(કુરાન ૫૦/૧૬)
રસુલે ખુદા ક્યાં છે?
'રસુલે પાક તો મોમીનો માટે તેમની જાતથીય નજદીક છે.
(કુરાન ૩૩/૬)

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

પૂર્ણતાનો અતિ આગ્રહ ન રાખો. તેમાં તમારા સમય અને શક્તિ બંને વેડફાશે છતાં પૂર્ણતાને પામશો નહીં.

**- હદીસ**

# ટ્રમ્પ પર ગોળીબાર એ ગુપ્તચર સેવાની નિષ્ફળતા : સેનેટ પેનલ

વોશિંગ્ટનઃ 'ભૂતપૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જુલાઈની રેલીમાં એક બંદૂકધારીએ ગોળીબાર કર્યો હતો તે અટકાવી શકાય તેવી ઘટના હતી અને તે દિવસે હત્યાના પ્રયાસમાં પરિણમેલી ઘટનાઓ બહુવિધ ગુપ્તચર સુરક્ષા સેવાની નિષ્ફળતા સાથે સીધી રીતે સંબંધિત હતી', એમ દ્વિપક્ષીય સેનેટ તપાસમાં બુધવારે બહાર પાડવામાં આવ્યું હતું. એજન્સીની પોતાની આંતરિક તપાસ અને ચાલી રહેલી દ્વિપક્ષીય ગૃહની તપાસની જેમ જ, સેનેટ હોમલેન્ડ સિક્યુરિટી એન્ડ ગવર્નમેન્ટલ અફેર્સ કમિટીના વચગાળાના અહેવાલમાં જણાવાયુ હતું કે પેન્સિલવેનિયામાં ગોળીબાર પહેલા લગભગ દરેક સ્તરે અનેક નિષ્ફળતાઓ જોવા મળી હતી, જેમાં આયોજન, સંચાર, સુરક્ષા અને સંસાધનોની ફાળવણીનો સમાવેશ થાય છે.

'તે નિષ્ફળતાઓનાં પરિણામો ભયંકર હતા,' એમ હોમલેન્ડ પેનલના ડેમોક્રેટિક અધ્યક્ષ મિશિગન સેનેટ ગેરી પીટર્સએ જણાવ્યું હતું.

તપાસકર્તાઓએ શોધી કાઢ્યું હતું કે સિક્રેટ સર્વિસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ વચ્ચે કોઈ સ્પષ્ટ કમાન્ડની સાંકળ નહોતી અને શૂટર જ્યાં ગોળી ચલાવવા માટે ઉપર ચઢ્યો હતો તેના કવરેજ માટે કોઈ યોજના નહોતી. અધિકારીઓ બહુવિધ, અલગ અલગ રેડિયો ચેનલો પર કામ કરી રહ્યા હતા, જેના કારણે સંદેશાવ્યવહાર ચૂકી જવાયો હતો અને એક બિનઅનુભવી ડ્રોન ઓપરેટર તેના સાધનો યોગ્ય રીતે કામ ન કરી રહ્યા હોવાને કારણે હેલ્પ લાઇન પર અટવાઈ ગયો હતો. જાણવા મળ્યું છે કે શૂટર થોમસ મેથ્યુ ક્રૂક્સે ગોળીબાર શરૂ કર્યાની લગભગ બે મિનિટ પહેલાં બિલ્ડિંગની છત પર એક વ્યક્તિ વિશે સિક્રેટ સર્વિસને જાણ કરવામાં આવી હતી, ત્યાંથી હુમલાખોરે ૧૫૦ યાર્ડ કરતાં ઓછા અંતરેથી ટ્રમ્પની દિશામાં આઠ રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. ■

# રિજિજુને વિશ્વાસ છે કે વક્ફ બિલ પર સંસદની સંયુક્ત સમિતિ સમયસર કામ પૂર્ણ કરશે

નવી દિલ્હીઃ લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ બુધવારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વક્ફ (સુધારા) બિલ પર સંસદની સંયુક્ત સમિતિ નિર્ધારિત સમયની અંદર તેનો અહેવાલ સુપરત કરશે, તેમ છતાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશની સંસદીય લોકશાહીના ઇતિહાસમાં પરામર્શ પ્રક્રિયા સૌથી વધુ વ્યાપક છે. રિજિજુએ કહ્યું કે સમિતિ સંસદના શિયાળુ સત્રના પ્રથમ સપ્તાહના છેલ્લા દિવસ પહેલા પોતાનો રિપોર્ટ રજૂ કરવાના આદેશને પૂર્ણ કરશે.

''મને લાગે છે કે જે રીતે અને જે ઝડપે સંસદની સંયુક્ત સમિતિ કામ કરી રહી છે, તેઓ સંયુક્ત સંસદીય સમિતિના અહેવાલને સંદર્ભની શરતોમાં નિયમમાં નિર્ધારિત કરવા માટે સક્ષમ હોવા જોઈએ... સમિતિએ રિપોર્ટ સબમિટ કરવાનો રહેશે. શિયાળુ સત્રના પ્રથમ સપ્તાહના અંતિમ દિવસ પહેલા તેઓ તેને પૂર્ણ કરશે,'' એમ રિજિજુએ મંત્રાલયના પ્રથમ ૧૦૦ દિવસની પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું. શિયાળુ સત્રની તારીખો હજુ જાહેર કરવામાં આવી નથી. વક્ફ (સુધારા) બિલની ચકાસણી કરતી સંસદીય સમિતિને મળેલા લગભગ સવા કરોડ પ્રતિસાદ સબમિશન અંગે ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ ચિંતા વ્યક્ત કરવા અંગે પૂછવામાં આવતા રિજિજુએ કહ્યું, ''હું સંયુક્ત સંસદીય સમિતિની કામગીરી પર ટિપ્પણી કરી શકતો નથી. તેને સત્તા આપવામાં આવી છે., મેઇલ કેવી રીતે આવ્યા અને કયા સંજોગોમાં આવ્યાં એ જેપીસી તપાસ કરશે.''

''અમે સંપૂર્ણ સહકાર આપીએ છીએ. અમે જેપીસી પાસેથી રિપોર્ટ લીધો નથી અને જેપીસીની અંદર શું થઈ રહ્યું છે, અમે તેમાં જઈશું નહીં. અમે જેપીસી બનાવી અને તેને સત્તા આપી. રિપોર્ટ અમને સબમિટ કર્યા પછી અમે મુદ્દાઓની તપાસ કરીશું.'' એમ તેમણે કહ્યું હતું. ■

# બહરાઈચમાં હાઈ કોર્ટના હુકમને પગલે ૨૩ સ્ટ્રક્ચર તોડી નખાયા

બહરાઈચ (ઉત્તર પ્રદેશ) : વડી અદાલતના ગેરકાયદે બાંધકામ તોડવાના આદેશ બાદ કૈસરગંજના ગામમાં ૨૩ ઈમારતોને તોડી નખાઈ હતી. ગ્રામવાસીઓએ દાવો કર્યો હતો કે મોટા ભાગના અસરગ્રસ્ત ઘરો લઘુમતી કોમના છે જે અહીં કેટલી પેઢીઓથી રહે છે. સ્થાનિકોએ દાવો કર્યો હતો કે તોડી નખાયેલા અનેક ઘરો પ્રધાનમંત્રી આવાસ યોજનામાં બનાવવામાં આવ્યા હતા અને અમુકના આગળના ભાગમાં દુકાનો હતી.

કૈશરગંજ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ આલોક પ્રસાદે કહ્યું હતું કે તોડવાની કાર્યવાહી કૈસરગંજ તાલુકાની સરાય જગનાના પંચાયત હેઠળના વજીરનગર બજારમાં પાર પડાઈ હતી. ૨૧૧, ૨૧૨ અને ૯૨ના પ્લોટ નંબરમાં સરકારી કોઠાર અને રોડ હતો જેના પર લોકોએ ૧૧ દુકાનો, આઠ ઘરો અને ચાર ટિન શેડ વડે ગેરકાયદે કબજો જમાવ્યો હતો. એક જાહેર હિત અરજીને પગલે હાઈકોર્ટે ગેરકાયદે કબજો જમાવનારને પ્લોટ ખાલી કરી દેવાનો આદેશ આપ્યો હતો. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### વિદાય વખતે

સાથે વરસાદ તૂટી પડતા ઓફિસેથી છૂટીને ઘરે પાછા ફરી રહેલા લોકોને ભીંજાવાનો વખત આવ્યો હતો.

સપ્ટેમ્બરનો આખો મહિનો લગભગ કોરો ગયા બાદ હવે મહિનો પૂરો થઈ રહ્યો છે ત્યારે પાછોતરા વરસાદે જતા જતા મુંબઈગરાની હાલાકીમાં વધારો કર્યો હતો. ભારે વરસાદને પગલે પશ્ચિમ રેલવે સહિત મધ્ય અને હાર્બર લાઈનની ટ્રેનોને અસર થઈ હતી. કુર્લામાં રેલવે ટ્રેક પર પાણી ભરાઈ જતા કુર્લાથી થાણે વચ્ચે રેલવે ખોરવાઈ ગઈ હતી. તો એસ.વી. રોડ, જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ સહિત અનેક જગ્યાએ રસ્તાઓ પર એકથી દોઢ ફૂટ પાણી ભરાઈ જતા વાહનવ્યહારને મોટો ફટકો પડ્યો હતો. બપોર બાદ સાંજના ફરી એક વખત અંધેરી સબ-વેના ટ્રાફિક માટે બંધ કરી દેવામાં આવ્યો હતો.

સાંજ બાદ મુંબઈ, થાણે, નવી મુંબઈ સહિતના વિસ્તારોમાં મુશળધાર વરસાદ રહ્યો હતો. વરસાદને કારણે ઉપનગરમાં વિક્રોલી, કાંજુરમાર્ગ, મુલુંડ, ભાંડુપ, ઘાટકોપર, સાયન, કુર્લા, પરેલ, દાદર, હિંદમાતા, માટુંગા, બાન્દ્રા, સાંતાક્રુઝ, અંધેરી, મલાડ, કાંદિવલી જેવા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. પાલિકાના દાવા મુજબ અનેક જગ્યાએ પાણીનો નિકાલ કરવા માટે પંપ બેસાડવામાં આવ્યા હતા. ■

### હિંમતનગર હાઈવે

રામચંદાણી, (ઉંમર ૨૫, રહે. નરોડા ગેલેક્ષી) ૩. સાગર નરેશકુમાર ઉદાણી (ઉંમર ૨૨, રહે.કુબેરનગર-અમદાવાદ) ૪. ગોવિંદ લાલચંદભાઈ રામરાણી, (ઉંમર ૨૮, રહે. કુબેરનગર-અમદાવાદ) ૫. રાહુલ પ્રહલાદભાઈ મુલચંદાણી, (ઉંમર ૨૩, રહે. કુબેરનગર-અમદાવાદ) ૬. રોહિત શીરવાણી (રહે. કૈલાશ રોઝોઈસ, નાનાચીલોડા-અમદાવાદ) ૭. ભરત સુરેશકુમાર કેશવાણી (રહે. ઠક્કરનગર-અમદાવાદ)નો સમાવેશ થાય છે, આ તમામ મૃતકોની લાશને પીએમ અર્થે હિંમતનગર સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યારે એક ઇજાગ્રસ્ત હનીભાઈ શંકરલાલ તોતવાની (ઉં.વ. ૨૨, કુબેરનગર, અમદાવાદ)ને હિંમતનગર સિવિલમાં સારવારમાં માટે દાખલ કરવામાં આવ્યો છે. ■

### શેરબજાર અને સોનાચાંદીમાં

વેલ્યુએશનને કારણે અન્ય ઊભરતાં બજારોમાં એફઆઇઆઇ ભંડોળના સ્થાનાંતરણને કારણે સ્થાનિક બજારને ટૂંકા ગાળાના પડકારોનો સામનો કરવો પડી શકે છે.

બીએસઇના મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૫ ટકા ઘટ્યા છે. સેક્ટોરલ મોરચે, પાવર, મેટલ, મીડિયા અને રિયલ્ટી ઇન્ડેક્સ ૦.૫-૩ ટકા વધ્યા હતા, જ્યારે એફએમસીજી, પીએસયુ બેન્ક અને આઇટી ઇન્ડેક્સ ૦.૫-૧ ટકા ઘટ્યા હતા.

એશિયન બજારોમાં, શાંઘાઈ અને હોંગકોંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા જ્યારે સિયોલ અને ટોકિયો નેગેટિવ ઝોનમાં ધકેલાયા હતા. યુરોપિયન બજારો મોટે ભાગે નીચા મથાળે ટ્રેડ થઈ રહ્યા હતા. મંગળવારે અમેરિકન બજારો ઊંચા સ્તરે બંધ રહ્યા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૨,૭૮૪.૧૪ કરોડના મૂલ્યની ઇક્વિટીઓ ઓફલોડ કરી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૩૫ ટકા ઘટીને ૭૪.૯૧ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે. ■

### જમ્મુ ડિવિઝનના

મતદારોએ ઉત્સાહપુર્વક મતદાનમાં ભાગ લીધો હતો અને લોકશાહીમાં વિશ્વાસ પ્રસ્થાપિત કર્યો હતો. પીર પંજાળ વિસ્તાર તરીકે ઓળખાતા રાજૌરી અને પુંછ તેમ જ રિયાસી જિલ્લામાં તેમ જ મધ્ય કાશ્મીરના શ્રીનગર, ગાંદરબલ અને બડગામમાં મતદારોએ મતદાન કર્યું હતું. લોકોનો ઉત્સાહ સવારથી જ જોવા મળ્યો હતો. અનેક મતદાન કેન્દ્રોની બહાર લોકોએ મતદાન માટે લાઈનો લગાવી હતી. છેલ્લા અહેવાલો મળ્યા ત્યાં સુધી મતદાન શાંતીપુર્વક ચાલી રહ્યું હતું.

ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર સાંજે પાંચ વાગ્યા સુધીમાં સરેરાશ ૫૪.૧૧ ટકા મતદાન થયું હતું. રિયાસીમાં ૭૧.૮૧ ટકા, પુંછમાં ૭૧.૫૯ ટકા, રાજોરીમાં ૬૮.૨૨ ટકા, શ્રીનગરમાં ૨૭.૩૭ ટકા, ગાંદરબલમાં ૫૮.૮૧ ટકા અને બડગામમાં ૫૮.૯૭ ટકા મતદાન સાંજે પાંચ વાગ્યા સુધીમાં નોંધાયું હતું. ■

# ‘ગીર રક્ષિત વિસ્તારની આસપાસનો ૧.૮૪ લાખ હેક્ટર વિસ્તાર ઈકો-સેન્સિટીવ ઝોન’ જાહેર કરાયો

## ગીર રક્ષિત વિસ્તારના ફરતે ત્રણ જિલ્લાના કુલ ૧૯૬ ગામ તેમ જ ૧૭ નદીઓને સમાવી લેવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્ર વિસ્તારના ‘ગીર રક્ષિત વિસ્તાર’માં વસવાટ કરતા સિંહો તેમજ વન્ય પ્રાણીઓના જતન માટે કેન્દ્ર સરકાર દ્વારા ‘ગીર રક્ષિત વિસ્તાર’ના આજુબાજુનો કુલ ૧,૮૪,૪૬૬.૨૦ હેક્ટર વિસ્તારને ‘ઇકો-સેન્સિટીવ ઝોન’ જાહેર કરવા માટે પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ અભયારણ્યથી જાહેર થયેલ ઇકો-સેન્સિટીવ ઝોન વિસ્તારનું અંતર બાબતે સૌથી ઓછામાં ઓછુ ૨.૭૮ કિ.મી. અને વધુમાં વધુ ૯.૫૦ કિ.મી. રાખવામાં આવ્યું છે.

આ અંગે ગુજરાતના વન અને પર્યાવરણ પ્રધાન મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, નવીન ‘ઇકો-સેન્સિટીવ ઝોન’ વિસ્તારમાં કુલ ૧૭ નદીઓના રીવર કોરીડોર અને સિંહોના અવર-જવર વાળા ૪ મહત્ત્વના કોરીડોરને આવરી લેવામાં આવશે. વધુમાં ગીર રક્ષિત વિસ્તારની આજુબાજુ જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ, વિસાવદર, માળીયા હાટીના અને મેંદરડા તાલુકાના મળી કુલ-૫૯ ગામો, અમરેલી જિલ્લાના ધારી, ખાંભા અને સાવરકુંડલા તાલુકાના મળી કુલ-૭૨ ગામો તથા ગીર-સોમનાથ જિલ્લાના ઉના, ગીર-સોમનાથ, કોડીનાર અને તાલાલા તાલુકાના મળી કુલ-૬૫ ગામો એમ આ ત્રણેય જિલ્લાના કુલ-૧૯૬ ગામોના ૨૪,૬૮૦.૩૨ હેક્ટર વન વિસ્તાર તથા ૧,૫૯,૭૮૫.૮૮ હેક્ટર બિન-જંગલ વિસ્તાર એમ મળી કુલ ૧,૮૪,૪૬૬.૨૦ હેક્ટર વિસ્તારનો સમાવેશ થશે. આ વિસ્તારનો ઇકો-સેન્સિટીવ ઝોનમાં સમાવેશ થવાથી આ વિસ્તારમાં વિહરતા સિંહ પરિવારોને વિશેષ રક્ષણની સાથે અત્યાર સુધી ગીર રક્ષિત વિસ્તારની હદથી ૧૦ કિલોમીટરની ઇકો-સેન્સિટીવ ઝોન વિસ્તારની હદમાં આ નવા ઇકો-સેન્સિટીવ ઝોનમાં ઘટાડો થવાથી સ્થાનિકે અન્ય વિકાસલક્ષી પ્રવૃત્તિઓને વધુ વેગ મળશે.

વન અને પર્યાવરણ રાજ્ય પ્રધાન મુકેશભાઈ પટેલે કહ્યું હતું કે, ગુજરાતમાં સિંહ અને વન્યપ્રાણીઓ માટે ગીર નેશનલ પાર્ક, ગીર, પાણિયા અને મિતિયાળા અભયારણ્યનો કુલ-૧,૪૬૮.૧૬ ચો.કિ.મી. વિસ્તાર આરક્ષિત કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર અને નામદાર સુપ્રીમ કોર્ટની ગાઇડલાઇન-નિયમ મુજબ આ રક્ષિત વિસ્તારની ફરતે ‘ઇકો-સેન્સિટીવ ઝોન’ જાહેર કરવાનો થતો હોય છે, જે રક્ષિત વિસ્તારને ઇકો-સેન્સિટીવ ઝોન જાહેર ન થાય ત્યાં સુધી ગાઇડલાઇન મુજબ રક્ષિત વિસ્તારની ફરતે ૧૦ કિ.મી. ઇકો-સેન્સિટીવ ઝોન અમલમાં રહે છે. જેથી અત્યાર સુધી આ વિસ્તારને ફરતે ૧૦ કિ.મી. સુધી ઇકો-સેન્સિટીવ ઝોન અમલમાં હતો.

સિંહોના રક્ષણ માટે ગીર નેશનલ પાર્ક, ગીર, પાણિયા અને મિતિયાળા અભયારણ્યના ઇકો-સેન્સિટીવ ઝોન જાહેર કરવાની રાજ્યના વન વિભાગ દ્વારા કેન્દ્ર સરકારને દરખાસ્ત સાદર કરવામાં આવેલ હતી. આ દરખાસ્તને ગ્રાહ્ય રાખી ભારત સરકાર દ્વારા તાજેતરમાં ઇકો-સેન્સિટીવ ઝોનનું પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ■

# બોટાદ નજીક ટ્રેન ઊથલાવવાનો પ્રયાસઃ રેલવે ટ્રેક પર ચાર ફૂટનો લોખંડનો ટુકડો મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃબોટાદના કુંડલી ગામ નજીક ગત મોડી રાત્રે રેલવે ટ્રેક પર ચાર ફૂટ ઊંચા લોખંડનો ટુકડો મળી આવ્યો હતો. ઓખા-ભાવનગર ટ્રેન તેની સાથે અથડાતા એન્જિન બંધ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ટ્રેન સહી સલામત ટ્રેક પર ઊભી રહી જતા હજારો લોકોના જીવ બચી ગયા હતા. લોખંડના ટુકડા ટ્રેનના એન્જિનમાં ફસાઈ જતાં પ્રેશર પાઇપને નુકસાન થયું હતું. છેવટે બીજા એન્જિન સાથે ટ્રેન જોડીને ભાવનગર લઈ જવાની ફરજ પડી હતી. ઘટનાની જાણ થતાં જ રેલવેના અધિકારીઓ સહિત પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

તાજેતરમાં સુરતના કીમ નજીક ટ્રેન ઊથલાવવાના કાવતરાનો પ્રયાસ થયો હતો, ત્યારબાદ ફરી એકવાર બોટાદ નજીક રેલવે ટ્રેક પર ચાર ફૂટનો લોખંડનો પાટો ઊભો કરી દેવામાં આવ્યો હતો. જેથી ઓખાથી ભાવનગર જઇ રહેલી ટ્રેન લોખંડના પાટા સાથે અથડાઇ હતી. જેના લીધે ટ્રેનનું એન્જિન બંધ થઇ ગયું છે. આ ઘટનાની જાણ થતાં બોટાદ રેલવે પોલીસ તથા રેલવેના અધિકારીઓ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

ટ્રેન ઊથલાવવાનો પ્રયાસ થયો હોવાની આશંકાએ પોલીસ તપાસ કરી રહી છે. રેલવે ટ્રેક પરથી લોખંડના ટુકડા મળ્યા હોવાની પ્રાથમિક વિગતો સામે આવી છે. હાલ બોટાદ પોલીસ, એલસીબી, એસઓજી સહિતની ટીમ આ બનાવ કઈ રીતે બન્યો તે અંગે તપાસ કરી રહી છે. પોલીસે ડોગ સ્ક્વોડ અને ડ્રોન કેમેરાની મદદથી તપાસ હાથ ધરી હતી.

આ બનાવ અંગે બોટાદ જિલ્લા એસ.પી. કે.એફ. બરોડિયાએ જણાવ્યું હતું કે, બોટાદ જિલ્લાના રામપુર પોલીસ સ્ટેશનની હદમાં કુંડલી ગામથી ૨ કિલોમીટરના અંતરે વહેલી સવારે પેસેન્જર ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર ટ્રેન જતી હતી ત્યારે કોઈએ રેલવે ટ્રેકની વચ્ચે આશરે ચારેક ફૂટ લંબાઈનો જૂનો પાટાનો ટુકડો ઊભો કરી દીધો હતો. જેના લીધે ઓખા-ભાવનગર ટ્રેનનું એન્જિન અથડાતાં ટ્રેન ઊભી રહી ગઈ હતી. ત્યાર બાદ રેલવે પોલીસ અને રેલવે વિભાગ દ્વારા રાણપુર પોલીસને જાણ કરતા હાલ આ અંગે તપાસ હાથ ધરી છે. ■

# સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ મેળવવી સાત કોઠા વીંધવા સમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેળવવા લાઈનો લાગી રહી છે. શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવા માટે અનેકવિધ ડોક્યુમેન્ટ માગતા હોવાથી કંટાળીને વાલીઓ શિષ્યવૃત્તિ નથી લેવી તેવી અરજીઓ કરી રહ્યા છે.

ગુજરાત કૉંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ધો.૧ થી ૫ ના વિદ્યાર્થીઓને ૧૬૫૦ રૂપિયા અને ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓને ૧૯૫૦ રૂપિયા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે, જેની ડિઝિટલ ગુજરાત પોર્ટલ પર દરખાસ્ત કરવાની હોય છે. એ દરખાસ્ત કરવા માટે સૌથી પહેલાં વિદ્યાર્થીનું બૅન્ક ખાતું હોવું જોઈએ બૅન્ક ખાતું ખોલવા માટે આધારકાર્ડ હોવું ફરજિયાત છે વિદ્યાર્થી અને વાલી આધારકાર્ડ કઢાવવા માટે અને ધક્કા ખાધા પછી, લાઈનમાં ઊભા રહ્યા બાદ મહા મુસીબતે આધારકાર્ડ કઢાવે છે ત્યારબાદ ખાતું ખોલવા માટે બૅન્કોના ધક્કા ખાય છે, બાળકનું બૅન્ક ખાતું બૅન્ક ખોલી આપતી નથી. ઘણા બધા પ્રયત્નો પછી વિદ્યાર્થી પાંચ હજાર જેટલી રકમ બૅન્કમાં ડિપોઝિટ રાખે ત્યારે ખાતું ખોલી આપે. ત્યારબાદ શાળા કક્ષાએ ડિઝિટલ પોર્ટલમાં દરખાસ્ત કરવા આવકનો દાખલો કઢાવવાનો, જાતિનો દાખલો કઢાવવાનો ત્યારબાદ શાળાના આચાર્ય દરખાસ્ત કરે જેમાં વિદ્યાર્થીનું ધોરણપૂરું નામ, માતાનું નામ જન્મ તારીખ, જિલ્લો, તાલુકો વસાહત, ઘરનું સરનામું, પીનકોડ, માતા-પિતાનો વ્યવસાય, કોમ્યુનિટી કાસ્ટ, ધર્મ, શારીરિક ખોડ ખાંપણ, કુટુંબની આવકવાલીનો મોબાઈલ નંબર, વિદ્યાર્થીના ટકા, હાજર દિવસ, બીપીએલ નંબર, વિદ્યાર્થીનું આધાર સ્ટેટ, આધાર નંબર, રેશનકાર્ડ નંબર, આધાર કેવાયસી, બૅન્ક ડિટેઈલ આઇએફએસસી કોડ, બૅન્ક એકાઉન્ટ નંબર, વગેરે વિગતો અપલોડ કરવાની. જો આધારકાર્ડ અપડેટ હોય, રેશનકાર્ડ સાથે આધારકાર્ડ લિંક હોય તો અને તો જ દરખાસ્ત સબમિટ થાય છે નહીંતર થતી નથી, તેમણે વધુમાં કહ્યું હતું કે, ગુજરાત ડિઝિટલ સાઈટ ખૂબ જ ધીમી ચાલતી હોય વારંવાર એરર આવતી હોય, વહેલી સવારે જાગીને શિષ્યવૃત્તિ દરખાસ્ત કરીએ ત્યારે એક કલાકમાં માંડ ૧૦ જેટલી એન્ટ્રી થઈ શકે. અત્યાર સુધીમાં માંડ ૪૦ ટકા બાળકની દરખાસ્ત થયેલ છે એમાં વળી, ઇ-કેવાયસી ન હોય તો દરખાસ્ત થતી નથી, ઇ-કેવાયસી કરવા માટેની પ્રક્રિયા પણ ખૂબ જ જટિલ છે, જેમા પીડીએસ પ્લસ એપ્લિકેશનમાં શિક્ષકો એપ ઓપન કરે એટલે વિદ્યાર્થીના વાલીના મોબાઈલમાં ઓટીપી આવે અને ઓટીપી શિક્ષક વાલી પાસે માગેવાલી ઓટીપી આપે તેમ જ ઓટીપી જનરેટ કરે ત્યારે આધાર કેવાયસી કરે સૂચનાઓ વાંચી, રેશનકાર્ડ નંબર દાખલ કરવા રેશનકાર્ડ દાખલ કરે એટલે ફરી પાછો વાલીના મોબાઈલ નંબરમાં ઓટીપી આવે શિક્ષક ઓટીપી માગે ઓટીપી દાખલ કરવાનો ત્યારબાદ રેશનકાર્ડમાં જેટલા મેમ્બર હોય એટલા શો થાય એમાં જે વિદ્યાર્થીનું ઇ-કેવાયસી બાકી હોય એના નામ પર ટિક કરવાથી ફોટો કેપ્ચર કરવાનો ફોટો કેપ્ચર કરવા ફરી પાછો ઓટીપી આવે એ ઓટીપી વાલી પાસે માંગવો અપલોડ કરવો ત્યારબાદ ફોટો કેપ્ચર કરવામાં પણ સમય લાગે, ફોટો કેપ્ચર થયા બાદ વિદ્યાર્થીની આધાર ડિટેઈલ ખૂલે એમાં ટીક કરી સબમિટ ફોર એપ્રુવલ આપીએ ત્યારે ઇ-કેવાયસી પૂરું થાય અને ત્યારબાદ વિદ્યાર્થીની શિષ્યવૃત્તિની દરખાસ્ત સબમિટ થાય, આટલી બધી પ્રક્રિયા વાલીઓ પોતાના કામના ભોગે, મજુરીના ભોગે કરવી પડતી હોય, ઘણાં બધાં કંટાળીને વાલીઓ કહે છે કે રહેવા દો સાહેબ મારે શિષ્યવૃત્તિ નથી જોઈતી આમ માત્ર ૧૬૫૦ જેટલી નજીવી શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરવા સાત કોઠા વીંધવા જેવું કામ છે, જો ખરેખર સરકારને શિષ્યવૃત્તિ આપવી જ હોય અને એ માટેની પ્રક્રિયા સરળ કરવી હોય તો આટલું નીચે પ્રમાણે ફોર્મેટ જ રાખવું જોઈએ. આમ શિષ્યવૃત્તિ મેળવવા માટે વાલીઓને ઓનલાઇનના સાત કોઠા વીંધવા પડી રહ્યાં છે. ■

# ગુજરાતમાં કોઈપણ ડેવલપર સોલર પાર્ક, વિન્ડ પાર્ક અથવા હાઈબ્રિડ પાર્ક ડેવલપ કરી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં રિન્યુએબલ એનર્જી કનેક્ટિવિટીમાં રિન્યુએબલ પાર્ક ડેવલપરને લગતા અનેક પ્રશ્નોનો ઉકેલ લાવતો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. ઊર્જા પ્રધાન કનુભાઈ દેસાઈએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, હવેથી નાના ઉદ્યોગ અને એમએસએમઇ કંપનીઓ સોલર પાર્ક, વિન્ડ પાર્ક તથા હાઈબ્રીડ (વિન્ડપ્લસ સોલર) પ્રોજેક્ટ કેપ્ટિવ ઉપયોગ માટે લગાવી શકશે. રાજ્યમાં કોઈપણ ડેવેલપર સોલર પાર્ક, વિન્ડ પાર્ક અથવા હાઇબ્રીડ પાર્ક ડેવલપ કરી શકશે. સાથે જ તેઓ પાર્કમાં જનરેટ થતો પાવર અથવા એસેટ નાના તેમ જ મધ્યમ વર્ગના ઉદ્યોગોને વેચાણ કે ટ્રાન્સફર કરી શકશે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતની રિન્યુએબલ કેપેસીટી ૫૦૦ જીડબલ્યુ તેમજ ગુજરાતની રિન્યુએબલ એનર્જી કેપેસીટી ૧૦૦ જીડબલ્યુ સુધી પહોંચડવામાં આ નિર્ણય મહત્ત્વપૂર્ણ પુરવાર થશે.

દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે, આ નિર્ણયથી અંદાજિત ૩૦૦ મેગાવોટના પ્રોજેક્ટ કમિશન થઈ શકશે તેમ જ આગામી ચાર વર્ષમાં ઓપન એક્સેસમાં બે ગીગાવોટના નવા પ્રોજેક્ટ પણ ડેવલપ થશે. તેનાથી અંદાજિત ૧,૦૦,૦૦૦ જેટલી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થશે. ઉપરાંત આ નિર્ણયથી ગુજરાતની બધી જ ઇન્ડસ્ટ્રિઝની મેન્યુફેક્ચરિંગ કોસ્ટમાં ઘટાડો થશે તેમ જ વૈશ્વિક બજારમાં ગુજરાતની પ્રોડક્ટ કોમ્પિટિટીવ પ્રાઇઝમાં ઉપલબ્ધ કરી શકાશે. ■

# ગુજરાતમાં દરરોજ તાવના લગભગ ૪૦૦ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે, રાજ્યમાં તાવના કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. સપ્ટેમ્બર મહિનામાં અત્યાર સુધીમાં ભારે તાવને કારણે ૮૫૦૦થી વધુ લોકોને હૉસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. આમ, પ્રતિદિન ૩૭૦, જ્યારે દર કલાકે ૧૬ વ્યક્તિને તાવને કારણે હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી રહી છે. ઇમરજન્સી સેવા ૧૦૮ પાસેથી મળતી માહિતી પ્રમાણે ૨૦૨૩માં સપ્ટેમ્બરના ૨૩ દિવસમાં તાવને કારણે ૬૮૯૩ વ્યક્તિને હૉસ્પિટલમાં સારવાર માટે લઇ જવાયા હતા. તેની સરખામણીએ આ વખતે તાવની સમસ્યા ધરાવતા દર્દીઓમાં ૨૩.૩૬ ટકાનો વધારો નોંધાયો છે. સપ્ટેમ્બરના ૨૩ દિવસમાં અમદાવાદ જિલ્લામાં ૨૪૨૪, સુરતમાં ૯૬૯, રાજકોટમાં ૪૩૨ કેસ નોંધાયા છે. આ સ્થિતિએ અમદાવાદમાં પ્રતિદિન સરેરાશ ૧૦૫ વ્યક્તિને તાવની સમસ્યાને કારણે ૧૦૮ની મદદ લેવી પડી છે. ■

# ગુજરાતની પીજી મેડિકલની ૧૦ ખાનગી કૉલેજની નવી ફી જાહેરઃ ૨૦ ટકા સુધીનો વધારો ઝીંકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની પીજી મેડિકલની ૧૦ જેટલી ખાનગી કોલેજોની નવી ફી જાહેર કરવામાં આવી હતી, જેમાં ૨૦૨૩-૨૪ ની સરખામણીએ આ વર્ષે વિદ્યાર્થીઓના માથે ૨૦ ટકા સુધીનો સરેરાશ વધારો ઝીંકાયો હતો, જ્યારે તમામ ૧૦ ખાનગી મેડિકલ કૉલેજમાંથી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની પીજી મેડિકલ કૉલેજમાં મેનેજમેન્ટ ક્વૉટામાં સૌથી વધુ ૩૭.૧૫ લાખ રૂપિયા વાર્ષિક ફી નક્કી કરાઈ હતી. પીજીમાં વિવિધ બ્રાંચ મુજબ ફી હોય એટલે આ ફી તમામ બ્રાંચની કુલ બેઠકોમાં એવરેજ ફી હતી.

ગુજરાત સરકારની મેડિકલ અને પેરામેડિકલ કૉલેજ માટેની ફી નક્કી કરતી ફી રેગ્યુલેશન કમિટી દ્વારા પીજી મેડિકલની ખાનગી કોલેજોની પણ નવી ફી જાહેર કરી દેવામાં આવી હતી. ફી કમિટી દ્વારા દર ત્રણ વર્ષે નવું ફી માળખું નક્કી કરવામાં આવે છે. ૨૦૧૮-૧૯માં ફી વધારો નક્કી થયો હતો અને તેમાં ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં ત્રણ વર્ષ સુધી વાર્ષિક વધારો થયો હતો, પરંતુ ૨૦૨૧-૨૨માં કોરોનાને પગલે ફી વધારો થયો ન હતો. ૨૦૨૧-૨૨થી ૨૦૨૩-૨૪ સુધીના ત્રણ વર્ષ માટે કોઈ જ ફી વધારો ફી કમિટી દ્વારા કરાયો ન હતો, પરંતુ ૨૦૨૦-૨૧માં જે ફી હતી તેની સરખામણીએ એટલે કે ત્રણ વર્ષે સરેરાશ ૨૦ ટકા સુધીનો ફી વધારો થયો હતો.

ફી કમિટી દ્વારા આ વર્ષે એક સાથે ત્રણ વર્ષને બદલે એક જ વર્ષ માટે એટલે કે ૨૦૨૪-૨૫ના વર્ષ માટે જ નવી ફી જાહેર થઈ છે. હવે આગામી વર્ષે અને તે પછીના વર્ષે પણ નવી ફી જાહેર થશે. નવા ફી સ્ટ્રક્ચરમાં ૧૦ ખાનગી પીજી મેડિકલ કૉલેજમાં ગવર્મેન્ટ ક્વૉટામાં ૭.૯૩ લાખથી ૨૦.૨૮ લાખ અને મેનેજમેન્ટ ક્વૉટામાં ૨૬.૯૪ લાખથી ૩૭.૧૫ લાખ સુધીની ફી છે. સૌથી વધુ ૩૭.૧૫ લાખ રૂપિયા ફી સુરતની કોર્પોરેશન સંચાલિત મેડિકલ કૉલેજમાં મેનેજમેન્ટ ક્વૉટામાં થઈ છે, જે ગત વર્ષે ૩૦.૪૫ લાખ રૂપિયા હતા, જ્યારે સરકારી ક્વૉટામાં ગત વર્ષે ૧૫.૮૦ લાખ ફી હતી જે વધીને ૧૮.૬૪ લાખ રૂપિયા થઈ હતી.

આ વર્ષે રાજ્યમાં શરૂ થયેલી નવી કોલેજોમાં પીજી મેડિકલની ત્રણ કૉલેજ પણ છે. ફી કમિટી દ્વારા આ ૩ નવી પીજી કૉલેજ અને અન્ય ૬ યુજી આયુર્વેદ- પેરામેડિકલ કૉલેજ સહિત ૯ કૉલેજની એડહોક ફી નક્કી કરાઈ હતી. પીજી મેડિકલમાં કૉલેજ, એન.ડી દેસાઈ મેડિકલ કૉલેજ અને નૂતન મેડિકલ કૉલેજ-વિસનગરની ગવર્મેન્ટ ક્વૉટામાં ૧૮ લાખ અને મેનેજમેન્ટ ક્વૉટામાં ૨૯ લાખ એડહોક ફી નક્કી થઈ છે. પીજી ફિઝિયોમાં સરકારી ક્વૉટામાં ૨.૪૮ લાખ અને મેનેજમેન્ટમાં ૩.૨૨ લાખ તથા યુજી આયુર્વેદની એક કૉલેજની સરકારી ક્વૉટામાં ૩.૩૬ લાખ અને મેનેજમેન્ટમાં ૪.૭૪ લાખ ફી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, યુજી મેડિકલ અને એમબીબીએસ, બીડીએસ અને યુજી આયુર્વેદ તેમ જ હોમિયોપેથીથી લઇને નર્સિંગ- ફિઝિયોથેરાપી સહિતના યુજી પેરામેડિકલ કોર્સીસની તથા પીજી ડેન્ટલની નવી ફી આ વર્ષે તાજેતરમાં જાહેર કરવામાં આવી હતી. ■

# કચ્છમાં ભાદરવા મહિનાનો અંગ દઝાડતો તાપઃ રાજયની સૌથી વધુ ગરમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સમગ્ર વિશ્વમાં ‘ગ્લોબલ વોર્મિંગ’ની અસર હેઠળ વધી ગયેલી ગરમીએ કુદરતે ઋતુચક્રની કરેલી ગોઠવણીને માઠી અસરો પહોંચાડી છે ત્યારે આ વર્ષે નવરાત્રીના પર્વનું કાઉન્ટડાઉન શરૂ થઇ ચૂક્યું છે, તેવામાં આ રણપ્રદેશમાં એપ્રિલ-મે મહિનામાં પડતી ‘હીટવેવ’ની અનુભૂતિ કરાવતી અકળાવનારી ગરમીના કારણે ભુજ સહિત રણપ્રદેશ કચ્છના કંડલા સહિતના મથકોએ રાજ્યના સૌથી ગરમ ઉષ્ણમથકોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.

ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બરથી ઓક્ટોબર મહિનાના સમયગાળાને ‘સેકન્ડ સમર’ તરીકે હવામાન શાસ્ત્રીઓ ઓળખે છે તેથી સપ્ટેમ્બરનું આ અઠવાડિયું ભારે ગરમી લઈને આવ્યું છે.

ભુજમાં સર્વાધિક ૩૭ ડિગ્રી અને પરોઢિયે ૨૨ ડિગ્રી સે. જેવાં તાપમાન રહેતાં આ બંને વચ્ચે ૧૪ ડિગ્રી સે. જેટલો મોટો તફાવત રહેતાં ઋતુજન્ય બીમારીઓમાં ઇજાફો નોંધાઈ રહ્યો છે. હવામાં ભેજ પણ વધી રહ્યો છે જેનું સૂર્યના તાપથી બાષ્પીભવન થવાના કારણે સવારના અગિયાર વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી અંગ દઝાડતી ગરમી પડી રહી છે.શરદઋતુમાં પણ ઠંડીને બદલે અસહ્ય ગરમીની આગાહીઓ વચ્ચે જૂના સંસ્મરણોને વગોળતાં ભુજના ૮૨ વર્ષના વડીલ માહેશ્વરીબેન વૈદ્યે જણાવ્યું હતું કે, સપ્ટેમ્બર માસ અડધો વીતે એટલે શાલ અથવા સ્વેટર પહેરીને જવું પડતું પરંતુ આ વર્ષે તો જાણે ચૈત્ર માસ ચાલતો હોય એવી સખત ગરમી અનુભવાઈ રહી છે.

સામાન્ય રીતે નવરાત્રી અને શરદપૂર્ણિમા બાદ ગુલાબી ઠંડક અને ઝાકળવર્ષાનું આગમન થઇ જતું હોય છે પરંતુ આ વર્ષે જોઈએ તેટલી ઝાકળવર્ષાઓ થવા પામી નથી જેની અસર ગુલાબના ઉત્પાદન પર થતી જોવા મળી રહી છે. હાલે નવરાત્રી અને દિવાળી પર્વની ઉજવણીને થોડા દિવસો બાકી રહ્યા છે ત્યારે ગરમીથી ત્રસ્ત લોકો ખરીદી માટે ઓનલાઇન શોપિંગ પોર્ટલ્સ અથવા સેન્ટ્રલી એરકંડીશન્ડ મોલમાં ખરીદી માટે જવાનું પસંદ કરી રહ્યા છે. તેમાંય આ વર્ષે ભુજ શહેરમાં પાંચથી વધુ શોપિંગ મોલ્સ શરૂ થતાં ભુજની પરંપરાગત બજારોમાં ખરીદીનો કોઈ ઉત્સાહ હાલ જણાતો નથી. ■

# નર્મદા ડેમમાંથી ૧.૨૫ લાખ ક્યૂસેક પાણી નદીમાં છોડાયુંઃ વડોદરા જિલ્લાના પચ્ચીસ ગામને એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરદાર સરોવરની ડેમની સપાટી વધતાં નર્મદા નદીમાંથી ૧.૨૫ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું, ઉપરવાસમાં પડેલા વરસાદ અને ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી રહેલા પાણીને કારણે ડેમનું જળસ્તર વધ્યું હતું. બુધવારે સવારે ૧૦ વાગ્યે ડેમની સપાટી ૧૩૮.૩૭ મીટરે પહોંચી હતી. બીજી તરફ વાઘોડિયા નજીક આવેલો દેવ ડેમ સતત પાણીની આવકના કારણે પૂર્ણ સપાટીએ ભરાયો છે. આ બાબતને ધ્યાને લઈ નદીના કિનારે આવેલાં ગામોના લોકોને સાવચેત કરવામાં આવ્યા હતા.

વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વડોદરા જિલ્લાના ડભોઈ, શિનોર અને કરજણ તાલુકાના નદી કિનારાના નીચાણવાળા વિસ્તારોનાં ૨૫ ગામોના નાગરિકોને સતર્ક કરવામાં આવ્યા છે. એટલું જ નહીં નદીના પટમાં ન જવા પણ સૂચનાઓ આપવામાં આવી હતી. નદી કિનારાનાં ગામોમાં સાવચેતીનાં પગલાં લેવા પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને સંબંધિત તલાટીઓને તંત્ર દ્વારા સૂચનાઓ આપવામાં આવી હતી.

વડોદરા જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમે જણાવ્યું હતું કે, દેવ જળાશયની જળ સપાટી ૮૯.૬૫ મીટરે પહોંચી છે. જળાશયના ઉપરવાસમાં સતત વરસાદને કારણે રૂલ લેવલ જાળવવા જળાશયના બે દરવાજા ૦.૦૫ મીટર ખોલી ૩૪૯ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નદી કાંઠાના ગામોના લોકોને સાવચેત કરવા સાથે તકેદારીનાં પગલાં લેવામાં આવ્યાં છે. દેવ ડેમમાં છોડવામાં આવી રહેલા પાણીના કારણે વડોદરા જિલ્લાના વાઘોડિયા અને ડભોઇ તાલુકાના ૧૧ અને હાલોલ તાલુકાના ૬ ગામોના નાગરિકોને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સચેત રહેવા સૂચના આપવામાં આવી હતી. ■

# બહુચરાજીનું મંદિર લાલ પથ્થરમાંથી બનશેઃ પુનઃનિર્માણ પાછળ ૭૬.૫૧ કરોડ ખર્ચાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુપ્રસિદ્ધ બહુચરાજી મંદિરનું પુનઃનિર્માણ થવા જઇ રહ્યું છે. ૫૧ શક્તિપીઠોમાંનું એક મા બહુચરાજીનું ભવ્યાતિભવ્ય મંદિર બંસી પહાડના લાલ પથ્થરમાંથી બનશે. આ મંદિરનો વિકાસ પણ પાવાગઢ, અંબાજી, સોમનાથ અને દ્વારકાની જેમ જ કરવામાં આવશે. ૨૦૦ વર્ષ જૂના બહુચરાજી મંદિરની કાયાપલટ પાછળ ૭૬.૫૧ કરોડ જેટલો ખર્ચ થશે.

બહુચરાજી મંદિરના નવનિર્માણની ડિઝાઇન પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના માર્ગદર્શન હેઠળ આર્કિટેક્ટ અને અર્થ ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરાઇ છે. બંસી પહાડ પરના લાલ પથ્થરમાંથી તૈયાર થનારું મુખ્ય મંદિર સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબનું હશે. મંદિરના તમામ સ્તંભ અને તોરણ બહારની બાજુનું તમામ એલિવેશન મંદિરના બંને સામરણ મુખ્ય દ્વાર વગેરે કલાત્મક કોતરણીવાળા હશે. ૮૬.૧ ફૂટ ઊંચા મુખ્ય શિખર સાથે હાલના મંદિરની જગ્યાએ બંને બાજુ પહોળું અને ઊંચું ભવ્ય મંદિર ગૂઢમંડપ અને નૃત્યમંડપના બે સામરણ સાથે નવેસરથી નિર્માણ પામશે સાથે જ મંદિર પરિષદનો પણ વિકાસ કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૩ ઓગસ્ટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે બહુચરાજી મંદિરના પુનઃનિર્માણ માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ૩૯ તીર્થોનાં જળ અને સાત સ્તરની માટીથી ભૂમિના શુદ્ધિકરણની વિધિ કરાઇ હતી. લગભગ ૭૬.૫૧ કરોડના ખર્ચે સમગ્ર મંદિરનું નવેસરથી નિર્માણ કરવાની સરકારની યોજના છે. જેનું યુદ્ધસ્તરે કામ શરૂ થઇ ગયું છે. સંવત ૧૮૩૫થી ૧૮૩૯ દરમિયાન બંધાયેલા આ મંદિરનો વચ્ચેના ગાળામાં જિર્ણોદ્ધાર કરાયો હતો. જેનું કામ વર્ષ ૨૦૧૫માં પૂર્ણ કરાયું હતું. જો કે આ મંદિરના શિખરની ઊંચાઇ ઘટાડી દેતાં સતત વિવાદ ચાલતો હતો. જે બાદ સરકારે મંદિરના પુનઃનિર્માણનો વિચાર કર્યો હતો.

ગુજરાત રાજ્ય સરકારે આ મંદિરના પુનઃનિર્માણના પ્રથમ તબક્કા માટે રૂપિયા ૭૬.૫૧ કરોડ ફાળવ્યા છે. હાલના મંદિરનું રિનોવેશન કરીને શિખરની ઊંચાઈ ૮૬ ફીટ ૧ ઇંચ કરવાની ગણતરી છે. પહેલા તબક્કાનું કામ પૂર્ણ થયા બાદ ક્રમશઃ બીજા અને ત્રીજા તબક્કાનાં કામો શરૂ કરવામાં આવશે. જેમાં મંદિર સિવાય આસપાસનું પરિસર પણ અત્યાધુનિક ઢબે વિકસાવવામાં આવશે. ■

# પાટણમાં આદિજાતિ કુમાર છાત્રાલયમાં ભોજનમાં દેડકો નીકળતા વિદ્યાર્થીઓનું હલ્લાબોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કમ્પાઉન્ડમાં આવેલી કુમાર છાત્રાલયનાં વિદ્યાર્થીઓએ વિરોધ નોંધાવ્યો હતો. કુમાર છાત્રાલયમાં જમવાની થાળીમાં દેડકો પીરસવામાં આવતા વિદ્યાર્થીઓ આકરા પાણીએ થયા હતા. વિદ્યાર્થીઓએ પોતાની થાળીમાં બપોરના જમવામાં દેડકો પીરસવાના ફોટા પાડી વાયરલ કર્યા હતા. આદિજાતિ કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓને અવારનવાર હલકી ગુણવત્તાનું ભોજન પીરસવામાં આવી રહ્યાની ફરિયાદ થઈ રહી છે, ત્યારે જ ભોજનમાં પીરસવામાં આવેલ થાળીમાં વટાણાના શાકમાં મૃત દેડકો નીકળતા વિદ્યાર્થીઓમાં સંચાલકો સામે રોષની લાગણી જોવા મળી હતી.

મળતી માહિતી અનુસાર યુનિવર્સિટી કેમ્પસમાં આવેલી આદિજાતિ કુમાર છાત્રાલયમાં ૨૨ સપ્ટેમ્બરના રોજ સવારે વિદ્યાર્થીની ભોજનની થાળીમાં દેડકો જોવા મળતા આ અંગે વિદ્યાર્થીઓ દ્વારા તેમના અધિકારીને જાણ કરવામાં આવી હતી. તેમ છતાં કોઈ નિરાકરણ આવ્યું ન હતું. જમવામાં આવાર-નવાર જીવજંતુઓ નીકળવાની ઘટનાઓ બનતી હોવા છતાં તંત્ર દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી.

જો કે આ મુદ્દે વિદ્યાર્થીઓ લડી લેવાના મૂડમાં છે, કુમાર છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ બુધવારે પાલનપુર આદિજાતિ કમિશનર કચેરીએ પહોંચ્યા હતા. વિદ્યાર્થીઓ અને એનએસયુઆઈ દ્વારા આદિજાતિ કચેરીનો ઘેરાવ અને તાળાબંધી કરવામાં આવી હતી, જેને પગલે મામલો ઉગ્ર બન્યો હતો, વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ પણ થયું હતું. પોલીસે ટોળાને વિખેરવા હળવો લાઠીચાર્જ કર્યો હતો. તેમજ ૩૦થી વધુ વિદ્યાર્થીઓની અટકાયત કરી પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં લઈ જવાયા હતા. ■

# સરકારી શાળાઓમાં શિક્ષકની ભરતી અંગે મોટી જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની સરકારી શાળાઓમાં શિક્ષકોની ભરતી અંગે સરકારે મોટી જાહેરાત કરી હતી. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૪૦૯૨ શિક્ષણ સહાયકની ભરતી કરવામાં આવશે. જ્યારે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ૧૬૦૮ શિક્ષણ સહાયકની ભરતી થશે. આ ઉપરાંત બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨૪૮૪ શિક્ષણ સહાયકોની ભરતી કરવામાં આવશે. સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ગુજરાતી વિષય માટે ૧૬૦૩ શિક્ષણ સહાયકની ભરતી થશે. અંગ્રેજી માધ્યમ માટે ૫ શિક્ષણ સહાયકની ભરતી કરવામાં આવશે. લાયકાત ધરાવતા ઉમેદવારો ૧૦મી ઓક્ટોબર, ૨૦૨૪થી ૨૧મી ઓક્ટોબર, ૨૦૨૪ સુધી અરજી કરી શકશે. ■

# એન્કાઉન્ટરમાં સામેલ પોલીસોનાં નિવેદન નોંધ્યાં સીઆઈડીએ

## અક્ષય શિંદેને ગોળી મારનારા ઈન્સ્પેક્ટર સંજય શિંદેની ૨૦ દિવસ અગાઉ જ ક્રાઈમ બ્રાન્ચમાં ટ્રાન્સફર થઈ હતી!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બદલાપુરની ખાનગી શાળામાં બે બાળકી સાથે કુકર્મ કરવાના કેસના આરોપી અક્ષય શિંદેના પોલીસે કરેલા એન્કાઉન્ટર સામે સવાલ ઊઠતાં તપાસનાં સૂત્રો સંભાળનારી સીઆઈડીએ બુધવારે એન્કાઉન્ટરમાં સામેલ પોલીસ અધિકારીઓનાં નિવેદન નોંધ્યાં હતાં.

શિંદેને ગોળી મારનારા પોલીસ ઈન્સ્પેક્ટર સંજય શિંદેની ૨૦ દિવસ અગાઉ જ ક્રાઈમ બ્રાન્ચમાં બદલી થઈ હતી અને પછી અક્ષય વિરુદ્ધના કેસની તપાસ તેને સોંપાઈ હતી. આ યોગાનુયોગ સામે પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

તળોજા જેલમાંથી થાણે લાવતી વખતે સોમવારની સાંજે મુંબ્રા બાયપાસ પાસે પોલીસ વૅનમાં જ અક્ષય શિંદેનું એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું. અક્ષયને જે માર્ગ પર મારવામાં આવ્યો તેના ત્રણ કિલોમીટરના અંતરે જ ૨૦૨૧માં પોલીસની ટીમે થાણેના વેપારી મનસુખ હિરેનની હત્યા કરી હતી.

ઉદ્યોગપતિ મૂકેશ અંબાણીના દક્ષિણ મુંબઈ સ્થિત નિવાસસ્થાન એન્ટિલિયા નજીક વિસ્ફોટકો ભરેલી કાર પાર્ક કરવાનું કાવતરું ઘડનારા પોલીસ અધિકારી જ હિરેનની હત્યામાં સંડોવાયેલા હતા. જે કારમાં વિસ્ફોટકો મૂકવામાં આવ્યા હતા તે હિરેનની હતી અને એ કેસનો મુખ્ય સાક્ષી હતો. કાવતરું ઉઘાડું ન પડી જાય તે માટે હિરેનની હત્યા કરી તેના મૃતદેહને રેતીબંદરની ખાડીમાં ફેંકવામાં આવ્યો હતો. આ માર્ગ પર દૂર દૂર સુધી સીસીટીવી કૅમેરા ન હોવાનું કહેવાય છે.

અક્ષયના એન્કાઉન્ટર પ્રકરણની તપાસ ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઈડી)ને સોંપવામાં આવી હતી. સીઆઈડીની ટીમ મુંબ્રા પોલીસ સ્ટેશનમાં ગઈ હતી, જ્યાં અક્ષય વિરુદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો હતો. અધિકારીઓની ટીમે તપાસ માટે જરૂરી દસ્તાવેજો પોતાના તાબામાં લીધા હતા.

અક્ષયે કરેલા ગોળીબારમાં જખમી એપીઆઈ નીલેશ મોરે તેમ જ અક્ષય પર ગોળીબાર કરનારા ઈન્સ્પેક્ટર સંજય શિંદે અને એક કોન્સ્ટેબલને થાણેની જ્યુપીટર હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. સીઆઈડીની ટીમ બુધવારે હૉસ્પિટલમાં પહોંચી હતી અને તેમનાં નિવેદન નોંધ્યાં હતાં.

સીઆઈડીએ જે વૅનમાં એન્કાઉન્ટર થયું હતું તેની પણ ચકાસણી કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બીજી બાજુ, એન્કાઉન્ટરમાં અક્ષયના માથામાં ગોળી મારવામાં આવતાં વિવાદ થયો હતો. આ ગોળી ઈન્સ્પેક્ટર સંજય શિંદેએ ચલાવી હતી. શિંદેની બદલી સ્પેશિયલ બ્રાન્ચમાં કરાઈ હતી, પરંતુ કાયદા અને વ્યવસ્થાની સ્થિતિ સંબંધી મામલે તેને ફરી પોલીસ મુખ્યાલયમાં બોલાવવામાં આવ્યો હતો. એન્કાઉન્ટરના ૨૦ દિવસ અગાઉ જ તેની બદલી સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચમાં કરાઈ હતી અને શિંદેની ભૂતપૂર્વ પત્નીએ નોંધાવેલી ફરિયાદની તપાસ તેને સોંપાઈ હતી. બદલાપુર કાંડની તપાસ માટે નીમાયેલી એસઆઈટીના સિનિયર ઈન્સ્પેક્ટર તરીકે શિંદેની વરણી કરાઈ હતી.

# એક 'આપ્ટે'ને બચાવવા શિંદે હણાયોઃ આદિત્ય ઠાકરે

મુંબઈઃ અક્ષય શિંદે એન્કાઉન્ટર કેસમાં વિરોધ પક્ષના સરકાર અને પોલીસ ખાતા પર સતત પ્રહારો શરૂ જ છે અને વરલી ખાતેના ઠાકરે જૂથની શિવસેનાના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ પણ હાલમાં જ સરકારને આ મુદ્દે નિશાને લીધી હતી.

સરકારે બદલાપુરની ઘટનાના મુખ્ય આરોપીઓને બચાવવા માટે આ એન્કાઉન્ટર કરાવ્યું હોવાનો આરોપ વિરોધપક્ષના અન્ય નેતાઓની જ જેમ આદિત્ય ઠાકરેએ પણ મૂક્યો હતો.

ઉલ્લેખનીય છે કે તુષાર આપ્ટે બદલાપુરની જે શાળામાં બાળકીઓ પર દુષ્કર્મ આચરવામાં આવ્યું એ શાળાના ટ્રસ્ટના સેક્રેટરી છે. તુષાર આપ્ટે ભાજપ સાથે જોડાયેલા હોવાનું કહેવાય છે. એટલે ભાજપે પોતાના સભ્ય એવા તુષાર આપ્ટેને બચાવવા માટે શિંદેનું બનાવટી એન્કાઉન્ટર કરાવ્યું હોવાનું આદિત્ય ઠાકરે કહી રહ્યા છે. એક ઇન્ટરવ્યુ દરમિયાન આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે બદલાપુરની ઘટના સરકારની અસફળતા દર્શાવે છે. આ ઘટના અમાનવીય હતી અને ત્રણ વર્ષની બાળકીની માતાએ એફઆઇઆર(ફર્સ્ટ ઇન્ફોર્મેશન રિપોર્ટ) નોંધાવવા માટે સાત દિવસ સુધી પોલીસ સ્ટેશનના ચક્કર કાપવા પડ્યા હતા. જ્યારે તેમણે પ્રદર્શન કર્યું ત્યારે તેમણે લાઠીચાર્જ કર્યો. જોકે, કાલે જે થયું તેને તમે એન્કાઉન્ટર કહો, હત્યા કહો કે પછી આત્મહત્યા કહો, તેના પર ઘણા સવાલ ઊભા થાય છે. એક 'આપ્ટે'ને બચાવવા માટે સરકારે શિંદેને મરાવી નાખ્યો. આ સિવાય જ્યારે એકનાથ શિંદેથી બદલો લેવાની વાત પૂછવામાં આવી ત્યારે આદિત્યએ કહ્યું હતું કે અમે કોઇનાથી બદલો લેવાનો અમારો કોઇ ઇરાદો નથી. અમે આ પ્રકારનાં કામો કરતા જ નથી.

# ચાઇલ્ડ સેફ્ટી કમિટી કેમ હજી સુધી નથી રચી?

મુંબઈઃ વારંવાર આદેશ આપ્યા છતાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા ચાઇલ્ડ સેફ્ટી કમિટીની રચના નહીં કરવા બદલ બૉમ્બે હાઇ કોર્ટે બુધવારે નારાજગી વ્યક્ત કરી હતી.

તાજેતરમાં બદલાપુરમાં બાળકીઓ સાથેના કુકર્મના કેસને ધ્યાનમાં રાખીને હાઇ કોર્ટે કહ્યું હતું કે સરકારના આશ્વાસનો તેના દ્વારા કરવામાં આવતી કાર્યવાહી સાથે તદ્દન મળતા આવતા નથી. તેના દ્વારા તમારી હકીકત છતી થાય છે. તમારા શબ્દો તમારી કાર્યવાહીથી વિપરીત છે. ચાઇલ્ડ સેફ્ટી કમિટી (સીએસસી) વિશે બેઠકો થવી જોઇએ, તેના પર ચર્ચા થવી જોઇએ. સ્કૂલોમાં બાળકોની સુરક્ષા અંગેની ભલામણો પર આઠ અઠવાડિયામાં રિપોર્ટ રજૂ કરવાનું કોર્ટે કહ્યું હતું. ગયા મહિને બદલાપુર ઘટનાની હાઇ કોર્ટે આપમેળે નોંધ લઇને સુનાવણી હાથ ધરી હતી.

હાઈ કોર્ટનું રિડેવલપમેન્ટ

# ચીફ સેક્રેટરીને ન્યાયાધીશોને મળવાનો ચીફ જસ્ટિસનો આદેશ

નવી દિલ્હીઃ દક્ષિણ મુંબઈમાં આવેલી હાઇ કોર્ટની હેરિટેજ ઇમારતનો પુનર્વિકાસ કરવામાં આવનાર છે ત્યારે તેમાના અમુક કોર્ટરૂમ અને અન્ય સુવિધાઓ હાઇ કોર્ટની બાજુમાં આવેલી જાહેર બાંધકામ વિભાગ (પીડબ્લ્યુડી)ની અને તેની આસપાસની ઇમારતમાં ખસેડવા અંગે બૉમ્બે હાઇ કોર્ટના ચીફ જસ્ટિસ અને અન્ય જજ સાથે બેઠક યોજીને યોગ્ય તે નિર્ણય લેવાનું સુપ્રીમ કોર્ટે બુધવારે મહારાષ્ટ્રના ચીફ સેક્રેટરીને કહ્યું હતું.

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (સીજેઆઇ) ડી. વાય. ચંદ્રચુડના હસ્તે ૨૩મી સપ્ટેમ્બરે બાન્દ્રામાં બનનારી નવી બૉમ્બે હાઇ કોર્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

'હેરિટેજ બિલ્ડિંગ ઓફ બૉમ્બે હાઇ કોર્ટ એન્ડ અલોટમેન્ટ ઓફ એડિશનલ લેન્ડ્સ ફોર ધ હાઇ કોર્ટ' શીર્ષક હેઠળના કેસની સુપ્રીમ કોર્ટે આપમેળે નોંધ લઇને સુનાવણી હાથ ધરી હતી.

બાન્દ્રામાં હાઇ કોર્ટની નવી ઇમારત બને ત્યાં સુધી અમુક કોર્ટરૂમ અને અન્ય સુવિધાઓ પીડબ્લ્યુડીને લાગેની ઇમારતોમાં ખસેડવામાં આવે.

બોલબચ્ચન ગેન્ગે ફરી માથું ઊંચક્યું

# મહિલા-સિનિયર સિટિઝનોને ટાર્ગેટ કરી દાગીના પડાવ્યા

મુંબઈઃ વાતોમાં પરોવી રાખીને દાગીના પડાવતી બોલબચ્ચન ગેન્ગે ફરી માથું ઊંચક્યું છે. ગેન્ગના સભ્યોએ મહિનાભરમાં કુર્લા, માટુંગા, વિક્રોલી, વિલે પાર્લે, બોરીવલી તેમ જ ઘાટકોપર વિસ્તારમાં મહિલા અને સિનિયર સિટિઝનોને ટાર્ગેટ કર્યા છે.

કુર્લા સ્ટેશન નજીકથી ફાતિમા પગપાળા જઇ રહી હતી ત્યારે અજાણી મહિલા અને પુરુષ તેની પાસે આવ્યા હતા. અમે પણ આ જ વિસ્તારમાં રહેતા હોઇ અહીં ચોરીની ઘટના વધી રહી છે. આથી તમે તમારા દાગીના કાઢીને રાખી દો, એવું તેમણે ફાતિમાને કહ્યું હતું. તેમના કહેવાથી ફાતિમાએ કાનના ઝૂમખા કાઢતાં મહિલાએ તેને રૂમાલમાં બાંધીને ફાતિમાને આપ્યા હતા. ફાતિમાએ થોડા દૂર ગયા બાદ રૂમાલ ખોલતાં તેમાં પથ્થર મળી આવ્યા હતા.

માટુંગામાં રહેતી ૬૫ વર્ષની સંતોસાબાઇ ટિટવાલા જવા માટે સ્ટેશન પર જઇ રહી હતી ત્યારે બે જણ તેને મળ્યા હતા. બંનેએ સંતોસાબાઇને ટિકિટ કાઢવા મદદ કરી હતી. બાદમાં વાતચીત કરતી વખતે તેમણે સંતોસાબાઇના દાગીના જોવા માગ્યા હતા. આથી તેણે કાનની બૂટી અને ગળામાંની માળા કાઢીને તેમને બતાવી હતી. તેમણે હાથચાલાકીથી દાગીના પડાવ્યા હતા અને ત્યાંથી પલાયન થઇ ગયા હતા.

વિક્રોલી પૂર્વમાં રોહિદાસ નામના શખસને બે યુવક મળ્યા હતા, જેમણે તેને કહ્યું હતું કે આગળ લૂંટ થઇ હોવાથી નાકાબંધી ચાલી રહી છે. આથી તમે સોનાની ચેન અને વીંટી કાઢીને ખીસામાં રાખી દો. રોહિદાસ દાગીના કાઢી રહ્યો હતો ત્યારે તેમણે કાગળ લીધું હતું અને તેમાં દાગીના રાખવાનું નાટક કર્યું હતું. બંને ત્યાંથી જતા રહ્યા બાદ રોહિદાસે કાગળ ખોલતાં તેમાં દાગીના નહોતા.

દરમિયાન વિલે પાર્લેમાં બોલબચ્ચના ગેન્ગના સભ્યોએ ૫૫ વર્ષની પ્રૌઢાની સોનાની બંગડી, જ્યારે બોરીવલીમાં વડાપાઉં વિક્રેતાની સોનાની ચેન પડાવી હતી. તો અંધેરીમાં સેલ્સ ટેક્સ અધિકારીના સ્વાંગમાં નિવૃત્ત વ્યક્તિની સોનાની ચેન સેરવી લીધી હતી.

# ગેરકાયદે વસતા બાંગ્લાદેશીઓને લક્ષ્ય બનાવતા બેનરો સામે ગુનો નોંધાયો

થાણેઃ ભિવંડી નજીકના બે ગામમાં ગેરકાયદે વસતા બાંગ્લાદેશીઓને લક્ષ્ય બનાવતા બેનરો પ્રકરણે પોલીસે બે કેસ નોંધી તપાસ શરૂ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ભિવંડીના બે ગામ કોનગાંવ અને નારપોલીના પ્રવેશદ્વાર પર આ બેનરો લગાવવામાં આવ્યા હતા જેમાં ગેરકાયદે વસતા બાંગ્લાદેશીઓને ચેતવણી આપવામાં આવી હતી તથા જેઓ પોતાના ઘર ભાડેથી આપે છે તેમને બાંગ્લાદેશી ભાડુતોની માહિતી આપવાનું આ બેનરોમાં જણાવવામાં આવ્યું હતું. આ બનેરો કોણે લગાવ્યા છે એ હજી જાણી શકાયું નહોતું, એમ પોલીસે કહ્યું હતું. પોલીસે આ બેનરો લગાવવા બદલ સંબંધિત કલમો હેઠળ એફઆઇઆર નોંધ્યો હતો.

# જુહુમાં ચોરીની શંકા પરથી બે ભાઇને નિર્વસ્ત્ર કરી વિસ્તારમાં ફેરવ્યા

મુંબઈઃ જુહુના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ચોરીની શંકા પરથી બે સગીર ભાઇની મારપીટ કર્યા બાદ તેમને નિર્વસ્ત્ર કરી આખા વિસ્તારમાં ફેરવ્યા હતા. સોમવારે સવારના આ ઘટના બની હતી, જેનો આરોપીએ વીડિયો ઉતારીને સોશિયલ મીડિયા પર અપલોડ કર્યો હતો અને તે બાદમાં વાયરલ થયો હતો. ૧૪ અને ૧૭ વર્ષની વયના બંને ભાઇની દાદીએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે જુહુ પોલીસે નાયડુનગરમાં રહેનારા સૂરજ પટવા (૨૨)ની ધરપકડ કરી હતી, જ્યારે તેના ત્રણ સાથીદારની શોધ ચલાવાઇ રહી છે. વીડિયોમાં સૂરજ પટવા અને તેના સાથીદારો બંને સગીરના હાથ-પગ બાંધી તેમની મારપીટ કરતા, તેમને કલાકો સુધી બેસાડી રાખતા અને આ વિસ્તારથી દૂર રહેવાની ચેતવણી આપ્યા બાદ તેમને જવા દેતા પહેલા નાયડુનગરમાં તેમની નગ્ન પરેડ કરતા નજરે પડે છે. નાયડુનગરની બાજુના વિસ્તારમાં દાદી સાથે રહેનારા બંને ભાઇ વિરુદ્ધ ચોરીની ફરિયાદને પગલે પોલીસે ડાયરીમાં નોંધ કરી હતી. બંનેને બાદમાં જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ સમક્ષ હાજર કરાયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર પટવા અને અન્યોએ આ વિસ્તારમાં બંને ભાઇને અગાઉ અનેકવાર ચોરી કરતા પકડી પાડ્યા હતા, પણ તેઓ હોવાથી તેમને છોડી મૂકવામાં આવતા હતા. સોમવારે મળસકે ૩થી ૯ દરમિયાન બંને ભાઇ નાયડુનગરમાં આવ્યા ત્યારે પટવા તથા અન્યોએ તેમને પકડી પાડ્યા હતા અને તેમને પાઠ ભણાવવાનું નક્કી કર્યું હતું.

# સુધરાઈના અધિકારીએ ઈટલીમાં પૂરી કરી 'આયર્નમૅન' સ્પર્ધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર વિશ્વાસ મોટેએ ઈટલીમાં યોજાયેલી 'આયર્નમૅન ઈટાલી એમિલિયા રોમાગ્ના' ટ્રાયથલોન સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.

ઈટલીમાં ૨૧ સપ્ટેમ્બરના આયોજિત ટ્રાયથલોન પૂરી કરવા માટે વિશ્વાસ મોટેને ૧૫ કલાક ૨૫ મિનિટ અને ચાર સેકેન્ડનો સમય લાગ્યો હતો. આ ઈવમેન્ટમાં વિશ્વભરમાંથી ૨,૪૩૯ લોકોએ ભાગ લીધો હતો, જેમાં ભારતના ૨૮ સ્પર્ધકો હતા.

અત્યંત પડકારજનક ગણાતી સ્પર્ધામાં એડ્રિયાટિક સમુદ્રમાં તરવું, સાઈકલ ચલાવવી અને દોડવાનો સમાવેશ થાય છે. પ્રતિષ્ઠિત 'આયર્નમૅન'નો ખિતાબ મેળવવાની સિદ્ધિ હાસિલ કરનારા વિશ્વાસ મોટેએ મુંબઈના નાગરિકોને તેમની શારીરિક તંદુરસ્તી પર ધ્યાન આપવાની સલાહ આપી હતી.

આ અગાઉ વિશ્વાસ મોટેએ નવેમ્બર, ૨૦૨૨માં ગોવામાં 'આયર્નમૅન ૭૦.૩' જીતી હતી. ગોવાની સ્પર્ધામાં તેમણે ૧.૯ કિલોમીટરનું અંતર ૫૦ મિનિટ ૨૭ સેકેન્ડમાં પૂરું કર્યું હતું. ત્યારબાદ ૯૦ કિલોમીટરનું અંતર તેમણે ૩ કલાક ૪૯ મિનિટ અને ૩૬ સેકેન્ડમાં પૂરુ કર્યું હતું.

હાલ વિશ્વાસ મોટે ઝોનના ડેપ્યુટી કમિશનરની સાથે જ એમ-પશ્ચિ વોર્ડના આસિસ્ટન્ટ કમિશનરની જવાબદારી પણ નિભાવી રહ્યા છે. બે-બે પદની જવાબદારી અને દૈનિક કામકાજ વચ્ચે પણ તેમણે આ સ્પર્ધા જીતી હતી.

# ૪૦ કરોડની ખંડણી માટે બિલ્ડરના પુત્રનું અપહરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંબરનાથમાં બિલ્ડરના ૨૦ વર્ષના પુત્રનું કારમાં અપહરણ કર્યા પછી બિલ્ડર પાસેથી ૪૦ કરોડ રૂપિયાની ખંડણી માગવાના કેસમાં પોલીસે ૧૨ કલાકમાં જ મુંબઈ ફાયર બ્રિગેડના બે સસ્પેન્ડેડ કર્મચારી સહિત ૧૦ જણની ધરપકડ કરી હતી. ખંડણીની રકમ ઓલા કારમાં મૂકી ડ્રાઈવરને સૂચના આપવાની નવી તરકીબ આરોપીઓએ અજમાવી હતી, પરંતુ પોલીસ પીછો કરતી હોવાનો અણસાર આવતાં આરોપી નાણાં લેવા આવ્યા જ નહીં.

અંબરનાથ પોલીસના જણાવ્યા મુજબ બિલ્ડર સંજય શેળકેના પુત્રનું અપહરણ કરી ખંડણી માગવાનું કાવતરું એની જ બિલ્ડિંગમાં રહેતા સસ્પેન્ડેડ ફાયરમૅન દત્તાત્રય નામદેવ પવારે ઘડ્યું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. આ કેસમાં પવાર અને તેના સાથી સસ્પેન્ડેડ ફાયર કર્મચારી દેવીદાસ વાઘમારે સહિત ૧૦ જણની ધરપકડ કરવામાં આવી હતી. તેમની પાસેથી ગુનામાં વપરાયેલી કાર, દેશી બનાવટની પિસ્તોલ, ત્રણ કારતૂસ, એક ઍરગન અને પાંચ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા હતા. બિલ્ડરના ૨૦ વર્ષના પુત્રનું મંગળવારે અંબરનાથ પૂર્વથી શસ્ત્રોની ધાકે કારમાં અપહરણ કરવામાં આવ્યું હતું. બાદમાં પુત્રના મોબાઈલ ફોન પરથી બિલ્ડરને કૉલ કરી ૪૦ કરોડ રૂપિયાની માગણી કરવામાં આવી હતી. નાણાં ન આપે તો પુત્રને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. વારંવાર લૉકેશન બદલનારા આરોપીઓએ બાદમાં બિલ્ડરને ફોન કરી સાત કરોડ અને અંતે બે કરોડ રૂપિયા તાત્કાલિક પહોંચતા કરવાની ધમકી આપી હતી. આ રકમ ઓલા કૅબમાં મૂકીને તેનો રજિસ્ટ્રેશન નંબર તેમ જ ડ્રાઈવરનો મોબાઈલ નંબર આપવાની સૂચના બિલ્ડરને અપાઈ હતી. નક્કી થયા મુજબ પોલીસે રૂપિયા ભરેલી બૅગ ઓલા કૅબમાં મૂકી ડ્રાઈવરને અપહરણ અંગેની જાણ કરી હતી. પોલીસ કૅબનો પીછો કરી રહી હોવાનો અણસાર આવતાં તેમણે નાણાં સ્વીકારવાનો ઇનકાર કરી દીધો હતો અને બિલ્ડરને ફોન કરી અડધા કલાકમાં પુત્ર ઘરે આવી જશે, એમ કહ્યું હતું.

પોલીસે મોબાઈલ લૉકેશનને આધારે બિલ્ડરના પુત્રને ભિવંડી તાલુકાના પડઘા સ્થિત પિસે ડૅમ ખાતે શોધી કાઢ્યો હતો. પોલીસની બીજી ટીમે આરોપીઓના મોબાઈલ ફોનની ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી ૧૨ કલાકમાં જ ૧૦ આરોપીની ધરપકડ કરી હતી.

# ઈવાયની પુણે ઓફિસ શોપ્સ એક્ટ હેઠળ લાઈસન્સ વિના કાર્યરત

પુણેઃ મહિલા સીએના મૃત્યુ બાદ સમાચારોમાં ઝળકેલી અર્ન્સ્ટ એન્ડ યંગ (ઈવાય)ની પુણે ઓફિસ ૨૦૦૭થી શોપ્સ એક્ટ હેઠળ લાઈસન્સ વિના કાર્યરત હતી, એમ એક અધિકારીએ બુધવારે જણાવ્યું હતું. આ લાઈસન્સ અન્ય બાબતો સાથે કર્મચારીઓના હિતની રક્ષા કરે છે.આ ધારાધોરણોનું ઉલ્લંઘન છે. કંપનીને નોટિસ ફટકારવામાં આવશે અને તેના જવાબના આધારે આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવશે, એમ મહારાષ્ટ્રના શ્રમ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું.

શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ્સ એક્ટ કર્મચારીઓની સુખાકારી સહિત તમામ પ્રકારની વ્યવસાયિક કામગીરીનું નિયમન કરી કર્મચારીઓના અધિકારોનું રક્ષણ કરે છે અને સાથે સાથે તેમના આરોગ્ય અને નાણાકીય સુરક્ષાને પણ સુનિશ્ચિત કરે છે. મહારાષ્ટ્રના શ્રમ વિભાગના એક અધિકારીએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ) અન્ના સેબેસ્ટિયન પેરાયિલના મૃત્યુ અંગે કેન્દ્ર સરકારના નિર્દેશો પર સોમવારે પુણેમાં ઇવાય ઓફિસનું નિરીક્ષણ કર્યું હતું. (પીટીઆઈ)

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખરસાડ (હાલ મલાડ)ના ગં.સ્વ. દેવીબેન તેમ જ સ્વ. રઘુભાઈ (ભીખુભાઈ) સુખાભાઈ પટેલના પુત્ર ભરતભાઈ (ઉ. વ. ૬૨) શુક્રવાર, તા. ૨૦/૯/૨૪ના રોજ દેવલોક પામ્યા છે. તે મીનાબેનના પતિ. રોનક, દૃષ્ટિ હિતેષ પટેલના પિતા. સ્વ. મનોજ, હર્ષદા (હસુ), રીના (બબુ)ના ભાઈ. ક્રિના, ધાનવીના નાના. શ્રધ્ધા, સ્વ. હેતલના કાકા. તેમનું બેસણું ગુરુવાર, તા. ૨૬/૯/૨૪ના ૨ થી ૫ તેમ જ બારમાની પુષ્પપાણીની ક્રિયા મંગળવાર, તા. ૧/૧૦/૨૪ના રોજ ૩ થી ૫. ઠે. ભરતભાઈ રઘુભાઈ પટેલ, સ્ટે. અમલસાડ, ગામ ખરસાડ, મોરા ફળિયા, અંબાજી મંદિરની બાજુમાં.

**હાલાઈ લોહાણા**

ઠોયાણાવાળા હાલ વિરાર - મુંબઈ સ્વ. ગુણવંતીબેન પરમાણંદ લાખાણીના પુત્ર જિતેન્દ્ર (ઉં.વ. ૬૯) તા. ૨૪-૯-૨૪, મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે નૈનાબેનના પતિ. મહેન્દ્ર, ચંદ્રકાંત, મહેશ, અતુલના ભાઈ. સ્વ. મુકેશ, જિગ્નેશ, મીરા પ્રવિણકુમાર હરિયાણીના પિતાશ્રી. મીનાક્ષીના સસરા. સ્વ. પ્રભુદાસ હરિદાસ અમલાણીના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬-૯-૨૪, ગુરુવારે ૧૦ થી ૧૨. એડ્રેસઃ શ્રી જલારામ હોલ, બસ સ્ટેન્ડની બાજુમાં, પુષ્પા નગર, વિરાર વેસ્ટ.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ ચિતલ નિવાસી હાલ ગોરેગામ સ્વ. જયોત્સનાબેન પ્રાણલાલ નિર્મળના પુત્રી ડૉ. મયુરીબેન (ઉં.વ. ૫૯) રવિવાર, તા. ૨૨-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે જનકભાઈ, નિલેશભાઈ, દક્ષાબેન મનોજકુમાર, સ્વ. રક્ષાબેન જયેશકુમાર, પ્રીતિબેન જતીનકુમારના બેન. જિગીશાબેન, હીનાબેનના નણંદ. સ્વ. મુકુંદરાય, સ્વ. જશવંતરાય, સ્વ. પ્રતાપરાય, સ્વ. ડૉ. નગીનભાઈ ગોરધનદાસ, સ્વ. જયાબેન હિંમતલાલ, સ્વ. રમાબેન સૂર્યકાંતના ભત્રીજી. સ્વ. રસિકલાલ - મનહરભાઈ - રમેશભાઈ આણંદજીના ભાણેજ. પૂજા, પાર્થ, ધ્રૂવી, પરી, ધૈર્યના ફોઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૬-૯-૨૪ના સાંજે ૪ થી ૬ સરદાર વલ્લભભાઈ પટેલ હોલ, જવાહરનગર, એસ. વી. રોડ, ગોરેગાંવ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સઈ સુથાર**

લાખીયાણી નિવાસી હાલ બરોડા સ્વ. અંજુલાબેન વલ્લભદાસ પરમારના પુત્ર ભુપેન્દ્રભાઈ પરમાર (ઉં. વ. ૬૭) તા. ૨૨-૯-૨૪ના રવિવારે દહીંસર મુકામે રામશરણ પામ્યા છે. તે બિનાબેનના પતિ. સ્વ. ચૈતાલી, ચૈતન્યના પિતા. સ્વ. નરેન્દ્રભાઈ, સ્વ. જિતેન્દ્રભાઈ, સુરેશભાઈ, સ્વ. મુકેશભાઈ, વિનોદભાઈ, સ્વ. લતાબેન નરેન્દ્રકુમારના ભાઈ. જતીન, સ્વ. મિલન, આદિત્ય, ડીમ્પલ, નિકિતા, અંકિતાના કાકા. રોમીલ, સ્નેહા, શ્વેતા, જય, હર્ષ, પનવ, કિશીવ, તાશ્વીના દાદા. પ્રાર્થનાસભા ૪ થી ૬ તા. ૨૬-૯-૨૪ના ગુરુવારે. ઠેકાણુંઃ મીની પાર્ટી હોલ, સેકટર ૭, ઈ/૪, શાંતિ નગર, સ્વામિનારાયણ મંદિરની સામે, હેલ્થવેલ કેમિસ્ટની ઉપર, મીરા રોડ પૂર્વ. લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

હાલ બોરીવલી નિવાસી મીનાબેન (ઉં.વ. ૭૨) તે પ્રબોધભાઈ દોશીના ધર્મપત્ની. સ્વ. કપિલાબેન નટવરલાલ પરીખના દીકરી. સ્વ. તારાગૌરી નટવરલાલ દોશીના પુત્રવધૂ. ભાવિન, પરાગ, સેજલના માતુશ્રી. રેશ્મા, વૈશાલી, સ્વપનેશકુમાર મહેતાના સાસુ. પ્રાર્થનાસભા ૨૭/૯/૨૪ના ૫.૩૦ થી ૭.૩૦. સોની વાડી, શીમ્પોલી ક્રોસ લેન, એસ. વી રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે. ચક્ષુદાન કરેલ છે.

**દમણીયા દરજી**

બોરીવલી નિવાસી ગં.સ્વ. ભાગેરતીબેન રમણલાલ દમણીયા (ઉં.વ. ૮૭) ૧૮/૯/૨૪ના દેવલોક પામેલ છે. તે સ્વ. રમણલાલ કરસનદાસના પત્ની. પરેશ, જયશ્રી, સ્વ. પ્રવીણા, સ્વ. દમયંતીના માતુશ્રી. ચાંદની, નવીનચંદ્ર, નરેન્દ્રભાઈના સાસુ. યશના દાદી. સ્વ. હરિવલ્લભભાઈના ભાભી. પ્રાર્થનાસભા ૨૯/૯/૨૪ના ૪ થી ૬. એ ૧, રોયલ બેન્કવેટ, વઝીરા ગણેશ મંદિર ગેટ નં ૩, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

હાલ વિલેપાર્લે નિવાસી સ્વ. સુરેશ મગનલાલ માનસેત્તાના ધર્મપત્ની ગં.સ્વ. મીનાબેન (ઉં.વ. ૭૫) તા. ૨૩-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે વૈશાલી, સંદીપ, જલ્પાના માતુશ્રી. રેખાબેન અને શૈલેષભાઈના સાસુ. સ્વ. મંજુબેન હીરાલાલ માનસેત્તા, સ્વ. હસુમતી નવીનભાઈ માનસેત્તાના ભાભી. પિયરપક્ષે સ્વ. ઉજમબા પુરુષોત્તમભાઈ દક્ષિણી મલાડવાળાની દીકરી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

ગામ રાણપુર નિવાસી હાલે પનવેલ સ્વ. પાર્વતીબેન તથા સ્વ. માધવજી વલ્લભદાસ સાદરાણીના સુપુત્ર મનસુખલાલ સાદરાણી (ઉં.વ. ૭૯) તે ભાનુમતિબેનના પતિ. સ્વ. ગોરધનદાસ, વસંતલાલ, રમેશચંદ્ર તથા ગં. સ્વ. રુક્મણીબેન વલ્લભદાસના ભાઈ. ચિ. હિતેશના પિતાશ્રી. અ.સૌ. હરિતાના સસરા. સ્વ. વજીબેન મણિલાલ ગોકલદાસ રુઘાણી વાંદ્રાવાળાના જમાઈ તા. ૨૪-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬-૯-૨૪ ગુરૂવારના ૪.૦૦ થી ૫.૩૦. પનવેલ લોહાણા મહાજન વાડી, મિર્ચી ગલી, રવજી ભીમજી રંગપરિયા માર્ગ, પનવેલ, જી. રાયગઢ. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કચ્છ વાગડ લોહાણા**

ગામ ખારોઈના હાલે પનવેલ નિવાસી સ્વ. દયાલજીભાઈ મોરારજી સોનેતા (રામાણી)ના પુત્ર પ્રવીણભાઈ (ઉં.વ. ૭૮) મુક્તાબેનના પતિ. તે સ્વ. હીરજીભાઈ, સ્વ. ચીમનભાઈ, સ્વ. શાંતાબેન ચુનીલાલ, સ્વ. ભાનુબેન બાબુલાલના ભાઈ. ચી. રાજેન્દ્ર, સૌ. આરતી પ્રભુલાલ, સૌ. જસ્મીના નિમેશકુમાર, સૌ. હેતલ મનોજકુમાર, સૌ. જીજ્ઞા કમલકુમારના પિતાશ્રી. સૌ. પૂજાના સસરા. સ્વ. જમનાદાસ રણછોડદાસ મીરાણીના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬-૯-૨૪ ગુરુવારના ૪.૩૦ થી ૬.૦૦. જ્યેષ્ઠ નાગરિક હોલ, જુના થાણા નાકા રોડ, પનવેલ. લૌકિક વ્યવહાર બંધ છે.

**વડનગરા નાગર**

ડૉ. હરિકેષ બુચ (ઉં.વ. ૭૭) ૨૪/૯/૨૪ના મુંબઈ મુકામે હાટકેશશરણ પામ્યા છે. સ્વ. ગુલાબરાય બુચ તથા સ્વ.મુ. વિદુલાબેનના પુત્ર. સ્વ. હેમેન્દ્ર, સ્વ. વિજય, અંજના, હરેશ, જગદીશના ભાઈ. હેમાંગીનીના દીયર. શૈલેજા, રાગિણી, નીલાક્ષીના જેઠ. નિરવ, ધારા, વિરેન્દ્ર, અનિતા, હીના, આશુતોષ, અજયના કાકા. પ્રાર્થનાસભા ગુરુવાર, ૨૬/૯/૨૪ના ૪ થી ૬, પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી (વેસ્ટ).

# પારસી મરણ

**સિકંદરાબાદ**

નાઝનીન પી. બાપુજી તે મરહુમ ફિરોઝ ઈ. બાપુજીના પત્ની. તે મહેરનોશ એચ. ચિનોયના બહેન. (ઉં.વ. ૮૫). તા. ૩૦-૮-૨૦૨૪એ ગુજરી ગયા છે.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ અંધેરી સ્વ. નંદનબેન કેશવલાલ ભીમાણીના સુપુત્ર સુરેશભાઈ (ઉં. વ. ૮૧) ૨૪-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તેઓ શિલ્પાબેનના પતિ. બીજલ, વિરલ, પારુલના પિતાશ્રી. બીનાબેન, અલ્પેશભાઈ, દિવ્યેશભાઈના સસરા. વનિતાબેન, હસમુખભાઈ, ભૂપેન્દ્રભાઈ, સ્વ. રેખાબેનના ભાઈ. નીવ, હિરત્વીના દાદા. સ્વ. લીલાવંતીબેન જગમોહનદાસ દોશીના જમાઈ. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ મુંબઈ, જસવંતરાય લાલચંદ કોઠારી (ઉં. વ. ૮૨) મંગળવાર, ૨૪-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તેઓ ઊર્વશીબેનના પતિ. બીના સંજયભાઈ શાહના પિતા. અ.સૌ. યાશના હર્ષિલભાઈ શાહ, નિધિના નાના. કાકુભાઈ, સ્વ. વિજયાબેન, સ્વ. નિમુબેન, સ્વ. નીરૂબેનના ભાઈ. સ્વ. સુશીલાબેન રમણિકલાલ શાહના જમાઈ. સ્વ. કીર્તિબેનના પતિ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી ડક મહેતાના પાડાના હાલ મુંબઈ પ્રાર્થના સમાજ નિવાસી સ્વ. વિજયકુમાર સુરજમલ શાહ અને સુમિત્રાબેન શાહના પુત્ર પ્રજ્ઞેશ શાહ (ઉં.વ. ૬૪) તા. ૨૪-૯-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તે કામિનીબેનના પતિ. ખુશબુબેન, જીનલબેન, યશભાઈના પિતાશ્રી. નીશાંતભાઈના સસરા. ધિરેનભાઈ, પ્રણયભાઈના ભાઈ. કેસરબેન ચંદુલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૬-૯-૨૪ના ૪ થી ૬ પાટણ જૈન મંડળ હોલ, ૭૮, મરીન ડ્રાઈવ, એફ રોડ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોખા હાલે વાંકીના મણીબેન વશનજી ભેદા (ઉં.વ. ૮૭) ૨૪-૯ના અરિહંતશરણ પામ્યા છે. તે વશનજી માણશીના ધર્મપત્ની. અશોક, કીશોરના માતુશ્રી. વાંકીના ભાણબાઇ ભવાનજી દેવનના સુપુત્રી. કુંવરજી, ભાનુમતી, કાંતિ, કિરીટ, સુરેશ, કમલેશના બેન. ગુણાનુવાદ સભા તા. ૨૬-૯ના પત્રી ઉપાશ્રયમાં રાખેલ છે. ઠે. કીશોર ભેદા, એ/૧૩, શ્રીરામ એપાર્ટમેન્ટ, કેશરબાગ, મુલુંડ (ઇ).

રાયણના કંચનબેન જયંતીલાલ ગડા (ઉં.વ. ૬૪) તા. ૨૪-૯-૨૪ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન રતીલાલના પુત્રવહુ. જયંતીલાલના પત્ની. ભાવેશ, કીંજલના માતુશ્રી. કપાયાના દેવકાબાઇ મેઘજી ભેદાના સુપુત્રી. ધનજી, નેમજી સંસારપક્ષે પૂ. ઝરણાબાઈ મ., પુ. સમૃધ્ધિબાઇ મ.ના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભાવેશ ગડા, ૨૭/૨૦૩, કર્મયોગ બિ., વીરા દેસાઈ રોડ, અંધેરી (વે).

રામાણીયાના કાંતીલાલ રામજી સાવલા (ઉં.વ. ૭૮) તા. ૨૨-૯ના અવસાન પામેલ છે. વેલબાઇ ડો. રામજી રણશીના સુપુત્ર. પુષ્પાના પતિ. નયન, દર્શિતના પિતાશ્રી. પ્રેમજી, લાલજી, લક્ષ્મીબેન, ઠાકરશી, નાનજીના ભાઇ. હાલાપર લક્ષ્મીબેન પ્રેમજી રામજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. એડ્રેસઃ કે.આર. શાહ, ૭૪, સ્વપ્નલોક, લો ગાર્ડન, અમદાવાદ-૩૮૦૦૦૬.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ સાયન સ્વ. લીલાવંતીબેન મનસુખલાલ શાહના પુત્ર રોહિતભાઈ (ઉં.વ. ૭૩) તે સ્વ. વસંતભાઈ, સ્વ. જસવંતભાઈ, સ્વ. નવીનભાઈ તથા જયોતિબેન ભરતભાઈ, દામિનીબેન રમણિકભાઈ, રમીલાબેન પ્રવીણકુમારના ભાઈ. સ્વ. મંજુલાબેન વસંતભાઈના દિયર. ભાવેશ-રૂપા તથા હેમલ - અનીશાના કાકા. સ્વ. મનીશ-સેજલ, દેવાંગ, વિરલ, વૈશાલી-દિપક, જેનિસ-રિદ્ધિના મામા. તા. ૨૪-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. દેહદાન કરેલ છે. ઠે. ૧૮૪/૨૪, મણીબાઈ ટ્રસ્ટ હાઉસ, સાયન.

**ઝાલાવાડ શ્વે. મુ પુ જૈન**

ઝીંઝુવાડા નિવાસી હાલ કાંદિવલી સ્વ. કાંતાબેન હરિલાલ ગાંધીના પુત્ર પ્રવિણચંદ્ર (ઉં.વ. ૭૪) ૨૪/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સુધાબેનના પતિ. સ્વ. નિલેશભાઈ, મિતુલભાઈ, નિપુણાભાઈના પિતા. તૃપ્તિ, જીનલ, મેઘનાના સસરા. પૂર્વાંગી સાગર શાહ, ધ્રુમિલ, રીયા, શ્રેયા, હીરના દાદા. સાસરાપક્ષે સ્વ. કાંતિલાલ નારણદાસ દફતરીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સી ૨, ટી ૧૧૭/૧૨૦ મહાવીરનગર સોસાયટી, શંકરગલી કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

અમરેલીવાળા હાલ વિલેપાર્લે સ્વ. અનંતરાય હરીલાલ ગાંધીના ધર્મપત્ની ગં.સ્વ. ભાનુમતી (ઉં.વ. ૯૦) તે મયુર, હર્ષદ અને ઝરણાના માતુશ્રી. ડીમ્પલ અને કૃષ્ણકાંત ભુતાના સાસુ. સમીત, દીહુસા, જોયાના અને મેહાનના દાદી. પ્રિયંકાના મોટાસાસુ. પિયરપક્ષે ભાવનગરવાળા સ્વ. હરગોવિંદદાસ લક્ષ્મીદાસ સંઘવીના દિકરી તા. ૨૩-૯-૨૪ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૬-૯-૨૪ ગુરૂવારના ૫ થી ૭, જલારામ હોલ, એન.એસ. રોડ નં ૬, જેવીપીડી સ્કીમ, વિલે પાર્લે-પશ્ચિમ લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

કેશોદ નિવાસી હાલ વસઈ સ્વ. રંભાબેન કાનજીભાઈ કારિયાના સુપુત્ર મનસુખલાલ કારિયા (ઉં.વ. ૮૭) ૨૪/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે નિર્મળાબેનના પતિ. સ્વ. વિજયાબેન મુળજીભાઈ જીમૂલના જમાઈ. પૂનમ વિજયકુમાર વિઠલાણી, હરેશભાઇ તથા મનીષભાઈના પિતા. વિજયકુમાર, જ્યોતિ, નીલમના સસરા. સ્વ. રમણીકભાઇ, સ્વ. પ્રતાપભાઈ, સ્વ. રમાબેન, સ્વ. વિજયાબેન, સ્વ. સરલાબેન, અ.સૌ. જયાબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

અમરેલીવાળા હાલ દહિસર સ્વ. નિર્મળાબેન તથા સ્વ. જમનાદાસ દેવાતભાઈ સોનીના પુત્ર રાજુભાઈ સોની (ઉં.વ. ૬૧) ૨૪/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે હીનાબેનના પતિ. નીલ તથા દિવ્યા પ્રતીક જામના પિતા. પુષ્પાબેન, છાયાબેન, બીનાબેન, જ્યોતિબેન, સ્વ. ઉમાબેનના ભાઈ. ગં.સ્વ. ઇન્દુબેન તથા સ્વ. ધનસુખભાઇ દેવાયતભાઈ સાગર સનખડાવાળાના જમાઈ. સાદડી ૨૬/૯/૨૪ના ૫ થી ૬. સોની વાડી, શીમ્પોલી રોડ, બોરીવલી વેસ્ટ.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# અક્ષય શિંદેને માથા પર ગોળી કેમ મરાઇ ?

## આવો પોઇન્ટ બ્લેન્ક પ્રશ્ન પૂછતા હાઇ કોર્ટે કહ્યું કે એન્કાઉન્ટરની નિષ્પક્ષ અને પારદર્શક તપાસ થવી જોઇએ

મુંબઈ: બદલાપુરમાં બાળકીઓની કથિત જાતીય સતામણીના કેસના આરોપી અક્ષય શિંદેના એન્કાઉન્ટરની તપાસ પારદર્શક અને નિષ્પક્ષ થવી જોઇએ, એમ બૉમ્બે હાઇ કોર્ટે બુધવારે જણાવ્યું હતું. પોલીસે શિંદે પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હોત તો તેના પર ગોળીબાર કરવાનું ટાળી શકાત. પોલીસ અધિકારી પાસેથી બંદૂક છીનવી લઇને ઓપન ફાયર કરવામાં આવે એ માનવું જ બહુ મુશ્કેલ છે, એમ હાઇ કોર્ટે જણાવતા સવાલ કર્યો હતો કે આરોપીના માથા પર જ ગોળી કેમ મારવામાં આવી? પગ અથવા હાથ પર પહેલા ગોળી કેમ મારવામાં ન આવી?

જો એમ લાગશે કે તપાસ બરાબર નથી કરવામાં આવી તો એ પ્રમાણે યોગ્ય તે આદેશ આપવામાં આવશે, એમ હાઇ કોર્ટે વધુમાં જણાવ્યું હતું. સંબંધિત પોલીસ અધિકારીઓ સામે એફઆઇઆર નોંધવાની માગણી સાથે આરોપી શિંદેના પિતાએ કરેલી ફરિયાદ સ્વીકારવાનો પોલીસે નિર્ણય લીધા બાદ કોર્ટે સુનાવણી ત્રીજી ઓક્ટોબર સુધી મુલતવી રાખી હતી.

'તપાસ પારદર્શક અને નિષ્પક્ષ થવી જોઇએ. જો અમને ખબર પડશે કે તપાસ યોગ્ય રીતે કરવામાં આવી નથી તો અમે અમારી રીતે યોગ્ય તે આદેશ આપીશું', એમ કોર્ટે કહ્યું હતું.

'અમે પોલીસની કાર્યવાહી પર શંકા નથી કરી રહ્યા, પણ દરેક બાબતે સ્પષ્ટ રહો. આ સિવાય શૂટ-આઉટને 'એન્કાઉન્ટર'નું નામ ન આપી શકાય, કારણ કે તેની એન્કાઉન્ટરની વ્યાખ્યા અલગ છે', એમ કોર્ટે વધુમાં જણાવ્યું હતું.

'મેં પિસ્તોલ ઘણી વખત ચલાવી છે. તેને અનલૉક કરવી ભારે હોય છે. અમે આ તબક્કે શંકા નથી કરી રહ્યા, પણ તમામ શક્યતાઓ ચકાસી રહ્યા છીએ. રિવૉલ્વર સરળ હોય છે તેને કોઇ પણ ચલાવી શકે છે, પણ પિસ્તોલ ચલાવવી બહુ મુશ્કેલ છે, એમ જસ્ટિસ ચવ્હાણે જણાવ્યું હતું.

'અમે જાણવા માગીએ છીએ કે આરોપી પર ગોળી પોઇન્ટ-બ્લેન્ક રેન્જથી મારવામાં આવી હતી? ગોળીબાર વખતે અંતર કેટલું હતું? બેલેસ્ટિક નિષ્ણાતો જ આ વિશે જાણી શકે. ગોળી માથા પર મારવામાં આવી ત્યારે તે બહાર નીકળી ગઇ? અને જો હા, તો એ ગોળી ક્યાં ગઇ?, એવા સવાલ પણ કોર્ટે કર્યો હતો.

કોર્ટે આગામી સુનાવણી દરમિયાન ઉક્ત દરેક સવાલ અંગેની માહિતી આપવા માટે નિર્દેશ કર્યો હતો.

આ સિવાય કોર્ટે શિંદે એન્કાઉન્ટર સંબંધિત તમામ દસ્તાવેજ તાત્કાલિક ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઇડી)ને સોંપવા કહ્યું હતું. આ કેસની તપાસ સીઆઇડીને સોંપવામાં આવી છે.

### હાઇ કોર્ટે પૂછેલા મહત્ત્વના સવાલ

- **તે પિસ્તોલ હતી કે રિવૉલ્વર?**

અક્ષયે જે પોલીસ પાસેથી ખેંચી લીધી તે પિસ્તોલ હતી કે રિવૉલ્વર?, એમ હાઇ કોર્ટે પૂછતા સરકારી વકીલે જવાબ આપ્યો કે તે પિસ્તોલ હતી. પિસ્તોલનો લોક ખોલીને તે લોડ કરીને ફાયર કરી?...પણ સામાન્ય વ્યક્તિ પિસ્તોલની ટ્રેનિંગ લીધા વગર ગોળીબાર કરી શકે એ માની શકાય નહીં, એમ કોર્ટે કહ્યું હતું.

- **તમે ક્યારેય પિસ્તોલ ચલાવી છે કે?**

સામાન્ય વ્યક્તિને સ્લાયડર પાછળ ખેંચતા આવડે નહીં, તમે ક્યારેય પિસ્તોલ ચલાવી છે, એમ કોર્ટે સરકારી વકીલને પૂછ્યું હતું. મેં પોતે ૫૦૦ રાઉન્ડ ફાયર કર્યું છે તેથી કેટલીક વાતો મને જ સમજાતી નથી. શિંદે જે ગાડી હતો તેમાં ચાર પ્રશિક્ષિત પોલીસ હતા, એક એન્કાઉન્ટર સ્પેશિયલિસ્ટ હતા. આ બધાની હયાતીમાં આરોપી પિસ્તોલ છીનવી લે એ વાત કંઇ હજમ થતી નથી, એમ કોર્ટે કહ્યું હતું.

- **કેટલા અંતરેથી ગોળી છોડવામાં આવી?**

જે અધિકારીએ ગોળી છોડી તે કયા બેચનો હતો? ગોળી ક્યાંથી ચલાવવામાં આવી? કેટલું અંતર હતું? તે ગોળી ચોક્કસ ક્યાં વાગી હતી? તેનો ફોરેન્સિક રિપોર્ટ તૈયાર કરો.

- **પોલીસ માથમાં ગોળી મારે કે પગમાં?**

અક્ષય શિંદેના માથા પર કેમ ગોળી મારી? પોલીસ માથા પર ગોળી મારે કે પગમાં? આરોપી પર નિયંત્રણ કેમ મેળવી શકાયું નહીં. ત્રણ ગોળી મારી તેમાંથી એક વાગી, તો બાકીની બે ગોળી ક્યાં ગઇ? ચાર પોલીસ એક આરોપીને કન્ટ્રોલ કરી શક્યા નહીં? પોલીસની પિસ્તોલ અનલોક કેમ હતી? એવા સવાલો કોર્ટે કર્યો હતો. ■

### અક્ષયના શબને દાટવા પોલીસ જમીન શોધી રહી છે

મુંબઈ: બદલાપુરમાં અક્ષય શિંદેના મૃતદેહના અંતિમસંસ્કાર કરવા દેવાનો ઇનકાર સ્થાનિક રહેવાસીઓએ કરતાં હવે પોલીસ તેને દાટવા માટે જમીન શોધી રહી છે. અક્ષયના શબના અંતિમસંસ્કાર માટે સ્થળ અંગે વડીલોએ કોર્ટમાં મદદ માગી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ અક્ષયના મૃતદેહના અંતિમસંસ્કાર બદલાપુરના મંજરલી ગામમાં થવાના હતા, પરંતુ ગામવાસીઓએ તેનો વિરોધ કર્યો હતો. જોકે પુરાવાનો નાશ ન થાય તે માટે અક્ષયનો મૃતદેટ દાટવામાં આવશે. કોર્ટમાં રજૂઆત પછી હવે પોલીસ અક્ષયને દાટવા માટે જમીન શોધી રહી છે. આ અંગે થાણે મહાનગરપાલિકાને પણ જાણ કરવામાં આવી હોવાનું એક પોલીસ અધિકારીનું કહેવું છે. અક્ષયના વકીલના કહેવા મુજબ ફોરેન્સિક તપાસ બાકી હોવાથી હાલમાં અક્ષયનો મૃતદેહ હૉસ્પિટલમાં જ રાખવામાં આવ્યો છે.

# બંગાળની ખાડીમાં સાઈક્લોનિક પ્રેશરને લીધે મુંબઈ પર વરસાદી આફત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત રાજ્યમાં પડી રહેલા ધોધમાર વરસાદ માટે અનેક પરિબળો જવાબદાર છે. હવામાન ખાતાના કહેવા મુજબ બંગાળની ખાડી પર સાયક્લોનિક સર્ક્યુલેશન નિર્માણ થવાથી પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી અને પડોશમાં રહેલા આંધ્ર પ્રદેશ અને ઓડિશાના કિનાર પ્રદેશ ઉપર લો પ્રેશર સર્જાયું છે, તેની અસર હેઠળ મુંબઈ સહિત રાજ્યમાં મુશળધાર વરસાદ પડી રહ્યો છે. એ સિવાય ઉત્તર કોંકણમાં નીચલા સ્તરથી મધ્યમ સ્તર સુધીની ટ્રફની હાજરી છે તેથી મહારાષ્ટ્રના અનેક ભાગમાં વાવાઝોડા જેવી ગતિવિધિ સાથે ભારે વરસાદની શક્યતા છે. છત્તીસગઢ પર સાયક્લોનિક સર્ક્યુલેશન છે. વિન્ડ શીયર છે અને આકાશમાં બે વિરુદ્ધ દિશામાં પવનોની ટક્કર થઈ રહી છે. આ બધા પરિબળોને કારણે ધોધમાર વરસાદ પડી રહ્યો છે. આગામી ચારથી પાંચ દિવસ મહારાષ્ટ્રના વિસ્તારોમાં વરસાદનું જોર રહેવાની શક્યતા છે. ■

### પ્રશાસન એલર્ટ મોડ પર

હવામાન ખાતાએ ગુરુવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધી મુંબઈ માટે રેડ એલર્ટ જાહેર કરી અતિ મુશળધાર વરસાદની આગાહી કરી છે, તેને પગલે પાલિકા પ્રશાસને તમામ ૨૪ વૉર્ડના કંટ્રોલરૂમમાં એક્ઝિક્યુટિવ એન્જિનિયરોને તહેનાત કરી દીધા હતા. તેમ જ તમામ વૉર્ડના આસિસ્ટન્ટ કમિશનરોને ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ સાથે સતત સંપર્કમાં રહેવાનો નિર્દેશ આપ્યો હતો. તેમ જ તમામ વૉર્ડમાં જ્યાં પાણી ભરાયા હોય ત્યાં તેનો નિકાલ કરવા વધારાના પંપ બેસાડવાનો આદેશ આપ્યો હતો.

### થાણેમાં વીજળી પડવાથી ત્રણનાં મૃત્યુ

મુંબઈ: છેલ્લાં ચોવીસ કલાકમાં વીજળી પડવાના જુદા જુદા બનાવમાં થાણે જિલ્લામાં ત્રણ જણનાં મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું હતું. આ ઘટનાઓ મુરબાડના તાલુકામાં અને કલ્યાણ નજીક બની હતી. શિરગાંવમાં ઘર પર વીજળી પડતા ૪૨ વર્ષીય પરશુ પવારનું મોત થયું હતું. જ્યારે કલ્યાણ તાલુકાના કાંબા વિસ્તારમાં ખાણમાં કામ કરી રહેલા એક શખસ અને મહિલાનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે આ મામલે આકસ્મિક મૃત્યુનો કેસ નોંધ્યો હતો. ■

## ટ્રેનોના ધાંધિયા, પ્રવાસીઓને હાલાકી



ભાંડુપ સ્ટેશને પાટા પર ભરાયેલાં પાણી.

મુંબઈ: મુંબઈ સહિત પરાના વિસ્તારમાં બપોર પછી પડેલા ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થવાથી જનજીવન પર અસર થઈ હતી, જ્યારે મુંબઈના રેલવે સ્ટેશનની આસપાસના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જવાને કારણે લોકલ ટ્રેનસેવા પર અસર થતા પ્રવાસીઓ માટે હાલાકીભર્યો દિવસ રહ્યો, જ્યારે ટ્રેનોમાં અટવાયેલા પ્રવાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

મધ્ય રેલવેની મેઈન લાઈનમાં મુલુંડથી વિદ્યાવિહાર વચ્ચે ભારે વરસાદને કારણે અમુક સ્ટેશને લોકલ ટ્રેનોને રોકી દેવામાં આવી હતી, જેથી અનેક સ્ટેશન પર પ્રવાસીઓની હકડેઠઠ ભીડ જોવા મળી હતી. અમુક રેલવે સ્ટેશને તો યાર્ડમાં રોકી દેવામાં આવતા અમુક પ્રવાસીઓ રેલવે ટ્રેક પર ચાલ્યા હતા, જ્યારે સાડા નવ વાગ્યા પછી સીએસટીથી ફાસ્ટ ટ્રેનોને છોડવામાં આવી હતી. આ ઉપરાંત,

પશ્ચિમ રેલવે સહિત મધ્ય રેલવેની મેઈન લાઈનના રેલવે સ્ટેશનમાં ખાસ કરીને માટુંગા, કુર્લા અને ભાંડુપ રેલવે સ્ટેશનના ટ્રેક પર પાણી ભરાયા હતા, પરિણામે લોકલ ટ્રેનોને મર્યાદિત સ્પીડ પરથી દોડાવવામાં આવી રહી છે, એમ મધ્ય રેલવેના અધિકારીઓએ જણાવ્યું હતું.

મધ્ય રેલવેમાં ભાંડુપ અને નાહુર રેલવે સ્ટેશનના પ્લેટફૉર્મ પર પાણી ભરાયા હતા, જ્યારે ભાંડુપમાં એક, બે, ત્રણ અને ચાર નંબરના પ્લેટફોર્મ પર વરસાદના પાણી ભરાઈ ગયા હતા, જ્યારે ધીમી ગતિએ લોકલ ટ્રેનોની અવરજવરના વીડિયો પોસ્ટ કરીને પ્રવાસીઓએ વરસાદ પર પણ રોષ ઠાલવ્યો હતો. ડોંબિવલીના રહેવાસી આશીષ પટેલે કહ્યું હતું કે ભારે વરસાદને કારણે મારી ટ્રેન કુર્લાથી પોણો કલાકથી રોકી દેવામાં આવી છે, પરંતુ ટ્રેન હટતી નથી. મારી સાથે સેંકડો પ્રવાસીઓ અટવાયા છે, તેથી પ્રવાસીઓએ તોબા પોકારી છે.

આ અંગે મધ્ય રેલવેના વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે મેઈન લાઈનમાં રાતના ૮.૧૦ વાગ્યાના સુમારે અપ એન્ડ ડાઉન સ્લો લાઈનની લોકલ ટ્રેનસેવા પર અસર થઈ હતી, ત્યારબાદ લોકલ ટ્રેનોને કલાકના ૩૦ કિલોમીટરના સ્પીડ રિસ્ટ્રિક્શનથી દોડાવવામાં આવી રહી હતી, પરંતુ લોકલ ટ્રેનો મોડી દોડતા પ્રવાસીઓને હાલાકી પડી હતી.

મુંબઈમાં પડેલા ભારે વરસાદને કારણે જાહેર પરિવહનની સાથે ટેક્સી અને બેસ્ટની સેવાને પણ અસર થઈ હતી, જ્યારે મેટ્રોની ટ્રેનસેવા પર અસર પડી હતી. ભારે વરસાદને કારણે મેટ્રોની ટ્રેનો પણ ધીમી દોડાવવામાં આવી હતી, તેથી સ્ટેશનો પર પણ પ્રવાસીઓની ભીડ જોવા મળી હતી. ■

## મોદીની આજે પુણેની મુલાકાતને વરસાદનું ગ્રહણ

### પીએમની સભા છે ત્યાં પાણી-કાદવનું સામ્રાજ્ય: આજે પણ ભારે વરસાદની આગાહી

પુણે: વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે (૨૬ સપ્ટેમ્બર) પુણેની મુલાકાતે આવવાના છે અને તેમના હસ્તે અંડરગ્રાઉન્ડ મેટ્રોનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે તથા સ્વારગેટથી કાત્રજ સુધીના નવા મેટ્રો માર્ગનું ભૂમિપૂજન મોદીના હસ્તે કરવામાં આવશે. મોદીની મુલાકાત પહેલા ગઇકાલે તો ભારે વરસાદ પડ્યો જ હતો, પણ આજેય જોરદાર વરસાદ પડવાની આગાહી કરાઇ છે. એસપી કોલેજના ગ્રાઉન્ડ પર મોદીની સભા યોજાવાની છે અને ત્યાં બુધવારે કાદવ અને પાણીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. મોદી જે સ્ટેજ પરથી ભાષમ આપવાના છે તેની નીચે પાણી ભરાયું હોવાનું પણ જણાયું હતું. પાલિકા અને મેટ્રોના અધિકારીઓ દ્વારા સ્થળની સમીક્ષા પણ કરવામાં આવી હતી. મોદીની સભા માટે જોરદાર તૈયારીઓ શરૂ છે. હવામાન વિભાગે પુણે માટે ગુરુવાર માટે પણ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે.■

### ૨૨,૬૦૦ કરોડના પ્રકલ્પો લૉન્ચ કરશે મોદી

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે પુણેમાં મેટ્રોને લીલી ઝંડી દેખાડવાના છે ત્યારે રૂ. ૨૨,૬૦૦ કરોડના વિવિધ પ્રકલ્પો પણ લૉન્ચ કરશે. અંડરગ્રાઉન્ડ મેટ્રોના ઉદ્‌ઘાટન સાથે મોદી સ્વારગેટથી કાત્રજ સુધીના મેટ્રો એક્સ્ટેન્શનનું ભૂમિપૂજન પણ કરશે. આ માર્ગ પાછળ ૨,૯૫૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે અને તે માર્કેટ યાર્ડ, પદ્માવતિ અને કાત્રજ એમ ત્રણ સ્ટેશન સાથે સંપૂર્ણ રીતે અંડરગ્રાઉન્ડ હશે.

આ સિવાય મોદીના હસ્તે ભિડેવાડા ખાતે મહિલાઓ માટેની પ્રથમ સ્કૂલ ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઇ ફુલે માટેનો શિલાન્યાસ પણ કરશે. ■

## માતાજીની મૂર્તિઓ ૧૫ ટકા મોંઘી થઇ

મુંબઈ: ગણેશોત્સવ બાદ હવે મુંબઈગરાઓ નવરાત્રિની ઉત્સુકતાથી રાહ જોઇ રહ્યા છે. વર્કશોપમાં માતાજીની મૂર્તિને આખરી ઓપ આપવાનું કામ શરૂ થઇ ગયું છે. અલગ અલગ વર્કશોપમાં અંબામા, મહિષાસુરમર્દિની, રેણુકા, કોલ્હાપુરની મહાલક્ષ્મી, તુળજાભવાની, સપ્તશ્રૃંગી, કાળી માતા વગેરે દેવીના સ્વરૂપોની છથી સાત ફૂટની મૂર્તિઓ બનાવવામાં આવી રહી છે. આ વર્ષે માતાજીની મૂર્તિઓની કિંમતમાં વધારો થયો છે અને ૩,૦૦૦થી લઇને ૧૮,૦૦૦ રૂપિયા સુધીની કિંમત થઈ ગઇ છે.

અત્યાર સુધી ૧૦થી ૧૫ મૂર્તિઓ રંગવામાં આવી છે જેમાં ઘરમાં પધરાવવામાં આવતી ૩૦ ટકા મૂર્તિઓ છે. ગણેશોત્સવ બાદ માતાજીની મૂર્તિઓ બનાવવા માટે ઘણો ઓછો સમય મળે છે. એમાં પણ માતાજીનો હસોતો ચહેરો, આંખ વગેરે કામ બહુ બારીકાઇથી કરવું પડતું હોય છે. કેટલીક પ્રતિમાઓને ખરી સાડી પહેરાવવી પડે છે. કેટલીક પ્રતિમાઓને સાચાં ઘરેણાં, મોતીથી પણ શણગારવામાં આવે છે. હાલમાં મેટલિક, ફ્લોરોસેન્ટ, વેલ્વેટ એમ આધુનિક પદ્ધતિનું રંગકામ પણ કરવામાં આવે છે. એક મૂર્તિ તૈયાર કરવા માટે ઓછામાં ઓછા પચીસ દિવસ લાગે છે, એમ એક મૂર્તિકારે જણાવ્યું હતું.

હાલમાં પ્લાસ્ટર ઓફ પેરિસ, રંગ, નાળિયેરની કાંચલીઓ વગેરેના દરમાં વધારો થયો છે. તેથી મૂર્તિના ભાવ પણ ૧૦થી ૧૫ ટકા વધ્યા છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.■

## મનોજ જરાંગે-પાટીલે ઉપવાસ પાછા ખેંચ્યા

### મરાઠા સમાજની લાગણીને માન આપીને નિર્ણય

જાલના: મરાઠા અનામત કાર્યકર્તા મનોજ જરાંગે-પાટીલે બેમુદત ઉપવાસના નવમા દિવસે સમાજની લાગણીઓને ધ્યાનમાં રાખીને બુધવારે પારણાં કરી લીધા હતા. મરાઠા સમાજ દ્વારા ઉપવાસ પાછા ખેંચી લેવાનું દબાણ હોવાનું કારણ તેમણે આપ્યું હતું.

અંતરવાલી સરાટી ખાતે ટેકેદારોને સંબોધતાં જરાંગે-પાટીલે કહ્યું હતું કે મરાઠા સમાજની લાગણીઓને ધ્યાનમાં રાખીને તેમણે ભૂખહડતાળનો અંત કરવાનું નક્કી કર્યું છે. જે લોકોએ મરાઠા સમાજની લાગણીઓને ઠેસ પહોંચાડી છે તેમને આપણે પહોંચી વળીશું, એમ પણ તેમણે કહ્યું હતું.

૧૭ સપ્ટેમ્બરે જરાંગે-પાટીલ બેમુદત ભૂખહડતાળ પર ઉતર્યા હતા. ઓબીસીમાંથી મરાઠા અનામત આપવા માટે એક વર્ષમાં આ તેમની છઠ્ઠી ભૂખહડતાળ હતી.

સમાજના લોકો દ્વારા કરવામાં આવી રહેલી વારંવારની વિનંતીને ધ્યાનમાં રાખીને મેં ભૂખહડતાળ પાછી ખેંચી લેવાનું નક્કી કર્યું છે. જે લોકો મરાઠા સમાજને ત્રાસ આપી રહ્યા છે તેમને માફ કરવામાં આવશે નહીં, એમ જણાવતાં જરાંગેએ બધાને અપીલ કરી હતી કે કોઈપણ રાજકીય બેઠકોમાં હાજરી આપવી નહીં.

જરાંગેએ કહ્યું હતું કે છેલ્લા ૭૦ વર્ષમાં મરાઠા સમાજે ઘણું સહન કર્યું છે. અને અમારા યુવાનોના સારા ભાવિ માટે અનામત જોઈએ છે.

અહીં ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં મહારાષ્ટ્ર વિધાન મંડળે એકમતે મરાઠા સમાજને શિક્ષણ અને સરકારી નોકરીઓમાં અલગ શ્રેણી હેઠળ ૧૦ ટકા અનામત આપવાનો ખરડો મંજૂર કર્યો હતો. જરાંગેએ ઓબીસી શ્રેણીમાંથી જ અનામત આપવાની માગણી આગળ કરીને આ અનામત ફગાવી દીધી હતી. (પીટીઆઈ)■

## મરાઠા અનામત કાયદાની કસોટીની એરણે ખરા ઊતરે એ જરૂરી: ફડણવીસ

મુંબઈ: છેલ્લાં અનેક સમયથી ગાજી રહેલો મરાઠા અનામતનો મુદ્દો ઉકેલાય અને તે પણ વિધાનસભાની ચૂંટણી પહેલા એ મહાયુતિ માટે જરૂરી છે અને એ માટે સરકાર પ્રયાસશીલ હોય એ જરૂરી છે. નાયબ મુખ્ય પ્રધાને પણ અનામત બાબતે મરાઠા અનામત બાબતે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે માહિતી આપી હતી.

તેમણે મરાઠા સમાજના વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ હોવાનું જણાવતા કહ્યું હતું કે સરકાર દ્વારા કાયદાના માળખામાં યોગ્ય રીતે બેસે એ પ્રમાણે મરાઠા સમાજને અનામત આપવાના પ્રયાસ શરૂ છે. પોલીસ ખાતામાં પણ મરાઠા સમાજ માટે નોંધપાત્ર તક ઊભી કરવામાં આવી છે. સારથી અભિયાન અંતર્ગત મરાઠા સમાજના ૧૨ આઇએએસ(ઇન્ડિન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ) ૧૮ આઇપીએસ(ઇન્ડિન પોલીસ સર્વિસ) અને ૪૮૦ એમપીએસસી(મહારાષ્ટ્ર સ્ટેટ પોલીસ સર્વિસ) અધિકારીઓ બન્યા છે. એ ખાતરી કરવી જરૂરી છે કે સરકાર મરાઠા સમાજને જે અનામત આપે તે અદાલતની કસોટીમાં ખરું ઉતરે.

સ્વર્ગીય અણ્ણાસાહેબ પાટીલની જન્મજયંતી નિમિત્તે નવી મુંબઈ ખાતે માથાડી કામગારોની સભાને સંબોધતા વખતે ફડણવીસે મરાઠા સમાજ માટે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંઓ વિશે માહિતી આપી હતી.

મરાઠા સમાજના વિદ્યાર્થીઓ માટે પણ યોજનાઓ બહાર પડાઇ હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે મરાઠા વિદ્યાર્થીઓને સહાય મળે એ માટે સરકાર હોસ્ટેલમાં એડમિશન ન મેળવી શકનારા વિદ્યાર્થીને ૭,૦૦૦ રૂપિયાની આર્થિક હાય આપે છે. મરાઠા સમાજની દીકરીઓને મફત શિક્ષણની સુવિધા પણ શરૂ કરાઇ છે. ■

## કારમાં લિફ્ટ આપીને સગીરા સાથે અશ્લીલ કૃત્ય કરનારા સામે ગુનો

થાણે: કારમાં લિફ્ટ આપ્યા પછી ૧૭ વર્ષની સગીરા સાથે કથિત અશ્લીલ કૃત્ય કરવામાં આવ્યું હોવાની ઘટના કલ્યાણમાં બનતાં પોલીસે યુવક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર આરોપી ગણેશ દેવીદાસ શેલાર (૨૫) અને ફરિયાદી સગીરા એકબીજાને ઓળખે છે. સોમવારે સગીરા ઘરે જવા માટે કલ્યાણ નજીકના રાયતા પુલ ખાતે રિક્ષાની રાહ જોતી ઊભી હતી. તે સમયે આરોપી શેલાર તેની કારમાં ત્યાંથી પસાર થઈ રહ્યો હતો.

શેલારની નજર સગીરા પર પડતાં તેણે મદદને બહાને સગીરાને પોતાની કારમાં બેસવાનું કહ્યું હતું. ફરિયાદમાં જણાવાયું હતું કે ચાલતી કારમાં આરોપીએ સગીરાને અયોગ્ય સ્પર્શ કરતાં તેણે કાર ઊભી રાખવાનું કહ્યું હતું. બાદમાં સગીરા કારમાંથી ઊતરીને ચાલતી ઘરે ગઈ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

બનેલી ઘટનાની જાણ સગીરાએ માતાને કરી હતી. વડીલો સાથે મંગળવારે પોલીસ સ્ટેશને પહોંચેલી સગીરાએ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે પોલીસે શેલાર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)■

## ઊર્મિલા માતોંડકર પતિથી થશે અલગ, પણ અટકળો પર ચુપકીદી

મુંબઈ: 'રંગીલા' ગર્લ કહીએ એટલે ઉર્મિલા માતોંડકરનો મદહોશ કરતો ચહેરો સામે આવે, પરંતુ હાલમાં આ અભિનેત્રીના જીવનમાં રંગો ઝાંખા પડી રહ્યા હોય તેમ જણાઈ રહ્યું છે. મીડિયા અહેવાલોનું માનીએ તો અભિનેત્રી લગ્નના આઠ વર્ષ બાદ પતિ મોહસિન અખ્તર મીરથી અલગ થઈ રહી છે.

વાત તો તલાકની અરજી થઈ ગઈ છે, પરંતુ આ મુદ્દે વિવિધ અટકળો પછી પણ ઉર્મિલાએ મૌન સેવ્યું હોવાનું જણાવ્યું છે.

બન્નેના લગ્ન ૨૦૧૬માં થયા હતા અને તેમની ઉંમરમાં ૧૦ વર્ષનો તફાવત છે. મોહસિન કાશ્મીરનો બિઝનેસમેન છે અને બોલીવૂડમાં પણ કિસ્મત અજમાવી ચૂક્યો છે, પરંતુ ખાસ કંઈ નામ કમાયો નથી અને ફરી બિઝનેસ પર જ ફોકસ કરી રહ્યો છે. બન્ને કોમન મેન મનીષ મલ્હોત્રાના ઘરે એક ફંકશનમાં મળ્યા હતા. જ્યારે ઉર્મિલાએ લગ્ન બાદ રાજકારણમાં પણ ઝંપલાવ્યું છે અને હાલમાં શિવસેના સાથે જોડાયેલી છે.

ઉર્મિલા ફરી ફિલ્મોમાં આવવા પણ મથી રહી હોવાનું કહેવાય છે. બન્ને વચ્ચે શું વાંધો પડ્યો તે અંગે કોઈ માહિતી નથી અને ઉર્મિલાની ઈચ્છા છૂટાછેડા લેવાની છે, પરંતુ મોહસિન સંબંધ બચાવી રાખવા માગે છે, તેવી ચર્ચાઓ પણ ચાલી રહી છે. ■

## એસ્ટેટ એજન્ટની જાણ બહાર તેના નામે ૩૮૩ કરોડના ગેરકાયદે વ્યવહાર કર્યા: ત્રણ પકડાયા

થાણે: થાણેમાં ૩૮ વર્ષના રિયલ એસ્ટેટ એજન્ટની જાણ બહાર તેના નામે ૩૮૩ કરોડ રૂપિયાના ગેરકાયદે વ્યવહાર કરવા પ્રકરણે કાસારવડવલી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયા બાદ આર્થિક ગુના શાખાએ ત્રણ જણની ધરપકડ કરી હતી.

ફરિયાદીના પેન કાર્ડ અને આધાર કાર્ડ સહિતના દસ્તાવેજોનો ઉપયોગ કરીને બેન્ક ખાતાં ખોલાયાં બાદ ગેરકાયદે વ્યવહાર કરવામાં આવ્યા હતા, જેને તેને બિલકુલ જાણ નહોતી. જોકે બેન્ક તરફથી નોટિસ મોકલવામાં આવી ત્યારે ફરિયાદીએ તપાસ કરી હતી અને બાદમાં કાસારવડવલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદીએ દાવો કર્યો હતો કે આરોપીએ મે, ૨૦૨૨માં નોકરીની ઓળખ સાથે તેનો સંપર્ક સાધ્યો હતો અને તે માટે પેન કાર્ડ, આધાર કાર્ડ સહિત તેની ઓળખના દસ્તાવેજો લીધા હતા. ફરિયાદીની વિગતોને આધારે આરોપીઓએ બે બેન્ક ખાતાં ખોલાવ્યાં હતાં અને બોગસ શેલ કંપનીઓ ઊભી કરીને તેમના મોબાઇલ નંબર અને ઇમેઇલ એડ્રેસ લિંક કર્યા હતા.

બાદમાં મે, ૨૦૨૩ સુધી ઉપરોક્ત બેન્ક ખાતાંમાં ૩૮૩ કરોડ રૂપિયાના ગેરકાયદે વ્યવહાર કરવામાં આવ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

બેન્કો તરફથી નોટિસ મળવાનું શરૂ થયા બાદ પોતાની ઓળખના દસ્તાવેજોનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનું ફરિયાદીને જાણવા મળ્યું હતું. આથી તેણે આર્થિક ગુના શાખાનો સંપર્ક સાધ્યો હતો. આ પ્રકરણે દીપક શુકલા, રાહુલ પટવા અને ચેતન ખાડે વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો અને હવે તેમની ધરપકડ કરાઇ હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

## મફતમાં 'ભેલપુરી' ન આપનારા યુવકને લોખંડના સળિયાથી ફટકાર્યો

મુંબઈ: મલાડમાં મફતમાં ભેલપુરી આપવાનો ઇનકાર કરનારા યુવકને બે જણે લોખંડના સળિયાથી ફટકારતાં તે ગંભીર રીતે ઘવાયો હતો. પોલીસના જણાવ્યા મુજબ રવિવારની રાતે આરોપીઓ મલાડ પશ્ચિમમાં લિબર્ટી ગાર્ડન નજીકના ભેલપુરીવાળા પાસે ગયા હતા. આરોપીએ મફતમાં ભેલપુરી માગતાં ૧૮ વર્ષના ભેલપુરીવાળાએ પહેલાંની ઉધારી ચૂકવી દેવાનું કહ્યું હતું. આ વાતે રોષે ભરાયેલા બન્ને જણે ગાળાગાળી કર્યા પછી નજીકમાં પડેલા લોખંડના સળિયાથી યુવકને ફટકાર્યો હતો.

ગંભીર રીતે ઘવાયેલા યુવકને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. યુવકે નોંધાવેલી ફરિયાદને આધારે મલાડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)■

# આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં પંતની ટોપ-૧૦માં એન્ટ્રી, રોહિત-કોહલીને નુકસાન

દુબઇઃ ભારતીય વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંતે પોતાની વાપસી ટેસ્ટમાં શાનદાર સદી ફટકારીને બુધવારે જાહેર કરાયેલ આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં છઠ્ઠા સ્થાને પહોંચ્યો હતો. પરંતુ ભારતીય કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલીને આઇસીસી ટેસ્ટ રેન્કિંગમાં નુકસાન થયું છે.

પંત (૭૩૧ રેટિંગ પોઈન્ટ)એ ચેન્નઈમાં બાંગ્લાદેશ સામેની બે ટેસ્ટ મેચની શ્રેણીની પ્રથમ મેચમાં સદી ફટકારી હતી. તે બેટ્સમેનોની રેન્કિંગમાં છઠ્ઠા સ્થાને છે, જ્યારે ઓપનર યશસ્વી જયસ્વાલ (૭૫૧) ટેસ્ટ મેચની પ્રથમ ઇનિંગમાં પોતાની અડધી સદીની મદદથી પાંચમા સ્થાને પહોંચી ગયો છે.

ખરાબ ફોર્મ છતાં ભારતીય કેપ્ટન રોહિત શર્માએ ટોપ ૧૦માં પોતાનું સ્થાન જાળવી રાખવામાં સફળ થયો છે અને તે પાંચ સ્થાન નીચે સરકીને ૧૦મા સ્થાને યથાવત છે. તેના ૭૧૬ રેટિંગ પોઈન્ટ છે. કોહલી પણ પાંચ સ્થાન નીચે સરકી ગયો છે અને હવે તે રેન્કિંગમાં ૧૨મા સ્થાને છે.

શ્રીલંકા અને ન્યૂઝીલેન્ડની ગાલે ટેસ્ટ બાદ બોલરોની રેન્કિંગમાં ટોપ ૧૦મા ફેરફાર થયો છે અને પ્રભાત જયસૂર્યાએ નવ વિકેટ લઈને સર્વશ્રેષ્ઠ સ્પિનર તરીકે પોતાને સાબિત કર્યો છે અને તે પાંચ સ્થાનની છલાંગ લગાવીને આઠમા સ્થાને પહોંચી ગયો છે. કામિન્દુ મેન્ડિસ બેટ્સમેનોની રેન્કિંગમાં ૧૬મા સ્થાને છે અને ઓલરાઉન્ડર રેન્કિંગમાં ધનંજય ડી સિલ્વા ૧૮માં સ્થાને છે.

વન-ડે રેન્કિંગમાં અફઘાનિસ્તાનનો યુવા સ્ટાર રહેમાનુલ્લાહ ગુરબાઝ અને ઓસ્ટ્રેલિયાનો ટ્રેવિસ હેડ બેટિંગ રેન્કિંગમાં ટોપ ૧૦મા પહોંચી ગયા છે. અફઘાનિસ્તાનના લેગ સ્પિનર રાશિદ ખાન (૬૬૮)ને વન-ડે બોલિંગ રેન્કિંગમાં આઠ સ્થાનનો ફાયદો થયો છે અને તે ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. ■

# રિષભ પંત એક જ ટેસ્ટ રમીને ફરી ટોપ સિક્સ રેન્કિંગમાં

કાનપુરઃ વિકેટકીપર રિષભ પંત લગભગ સવાછસો દિવસ બાદ ફરી ટેસ્ટ ક્રિકેટ રમી રહ્યો છે અને એક જ ટેસ્ટના પર્ફોર્મન્સ સાથે ટેસ્ટ રેન્કિંગના ટોપ સિક્સમાં તેણે ફરી સ્થાન મેળવી લીધું છે.

પંતે તાજેતરમાં બાંગ્લાદેશ સામે પ્રથમ ટેસ્ટના બીજા દાવમાં સેન્ચુરી (૧૦૯ રન) ફટકારી હતી અને આ પર્ફોર્મન્સે રેન્કિંગના પહેલા છ સ્થાનમાં તેને લાવી દીધો છે.

આ તેની છઠ્ઠી ટેસ્ટ સેન્ચુરી હતી.

ભારતે તેના તેમ જ ખાસ કરીને રવિચંદ્રન અશ્વિન અને રવીન્દ્ર જાડેજાના જબરદસ્ત ઑલરાઉન્ડ પર્ફોર્મન્સની મદદથી બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટ ૨૮૦ રનથી જીતી લીધી હતી.

યશસ્વી જયસ્વાલ અને શ્રીલંકાનો પ્રભાત જયસૂર્યા પણ રેન્કિંગમાં આગળ આવ્યા છે. ખાસ કરીને યશસ્વી છઠ્ઠા પરથી પાંચમા નંબરે આવી ગયો છે.

જોકે રોહિત શર્મા નીચે ઊતર્યો છે. તે પાંચમા પરથી છેક દસમા સ્થાને જતો રહ્યો છે.

ટેસ્ટ બેટર્સના આ લિસ્ટમાં જો રૂટ પહેલા સ્થાને, કેન વિલિયમસન બીજા સ્થાને, ડેરિલ મિચલ ત્રીજા અને સ્ટીવ સ્મિથ ચોથા નંબરે છે. ■

# શુક્રવારથી ભારતની બીજી ટેસ્ટઃ શાકિબ રમવા માટે ફિટ

કાનપુરઃ બાંગ્લાદેશનો ઓલરાઉન્ડર શાકિબ અલ હસન આંગળીની ઇજાને કારણે ભારત સામે કાનપુરમાં શુક્રવારે શરૂ થનારી બીજી ટેસ્ટમાં રમવાનો નહોતો, પરંતુ તે હવે ઉપલબ્ધ છે એવું ટીમના હેડ-કોચ ચંદીકા હથૂરાસિંઘેએ જણાવ્યું હતું.

બુધવારે કાનપુરના ટ્રેઈનિંગ સેશનમાં શાકિબે ભાગ લીધો હતો, પણ થોડા સમયમાં જ પાછો જતો રહ્યો હતો.

ચેન્નઈની પ્રથમ ટેસ્ટ ભારતે ૨૮૦ રનથી જીતી લીધી હતી અને એમાં શાકિબનો પર્ફોર્મન્સ સારો નહોતો. પહેલા દાવમાં છેક ૫૩મી ઓવર સુધી તેને બોલિંગ નહોતી આપવામાં આવી અને ત્યાર પછી તે ખર્ચાળ સાબિત થયો હતો.

તેને પહેલા દાવમાં ૫૦ રનમાં તેમ જ બીજા દાવમાં ૭૯ રનના ખર્ચ છતાં એક પણ વિકેટ નહોતી મળી. તેનો બેટિંગમાં પણ સારો દેખાવ નહોતો. તેણે ૩૨ અને પચીસ રન બનાવ્યા હતા.

બાંગ્લાદેશની ટીમ પહેલીવાર ભારતને ટેસ્ટમાં હરાવવાના મનસુબા સાથે આવી છે. કાનપુરની પિચ પ્રથમ ટેસ્ટ માટેની ચેન્નઈની પીચ કરતા વધુ પડકારરૂપ હશે. એના પર બાંગ્લાદેશે વધુ સારો બેટિંગ પરફૉર્મન્સ બતાવવો પડશે. જો બાંગ્લાદેશ આ ટેસ્ટ પણ હારશે તો ભારતે ૨-૦થી ક્લીન સ્વીપ કરી કહેવાશે. ■

# રિયલ મેડ્રિડ અને ફ્રાન્સના પૂર્વ ડિફેન્ડર રાફેલ વરાને ૩૧ વર્ષે લીધી નિવૃત્તિ

પેરિસઃ રિયલ મેડ્રિડ અને ફ્રાન્સના પૂર્વ ડિફેન્ડર રાફેલ વરાને ૩૧ વર્ષની ઉંમરમાં ફૂટબોલમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. ફ્રાન્સના સેન્ટર-બેકે સેરી એમાં કોમોના વિરુદ્ધ ઘૂંટણની ગંભીર ઈજા બાદ આ નિર્ણય લીધો હતો. છેલ્લી સિઝનના અંતે યુનાઇટેડ છોડ્યા પછી આ ખેલાડી બે વર્ષના કરાર પર નવી પ્રમોટ કરાયેલી ટીમમાં જોડાયો હતો, પરંતુ સૈમ્પડોરિયા વિરુદ્ધ કોપા ઇટાલિયા મેચ દરમિયાન પોતાની ડેબ્યૂ મેચ દરમિયાન તેને ઘૂંટણની ઈજા થઈ હતી. બાદમાં ઓગસ્ટમાં ફ્રાન્સના ઇન્ટરનેશનલ ખેલાડીને લીગ સિઝન માટે ક્લબની ટીમની યાદીમાંથી બહાર કરવામાં આવ્યો હતો અને ઈજાના કારણે હવે તેને તેની શાનદાર કારકિર્દીનો અંત લાવવાની ફરજ પડી છે.

તેણે કોમોના સત્તાવાર એક્સ એકાઉન્ટ પર કહ્યું હતું કે મારી કારકિર્દીમાં મેં ઘણા પડકારોનો સામનો કર્યો છે, ઘણા પ્રસંગોએ સફળતા હાંસલ કરી છે, જેમાંથી લગભગ તમામ અશક્ય માનવામાં આવતા હતા. આ ક્ષણોને યાદ કરીને તે ખૂબ જ ગર્વ અને સંતોષની ભાવના સાથે છે કે હું આ રમતમાંથી નિવૃત્તિ જાહેર કરું છું જેને આપણે બધા પ્રેમ કરીએ છીએ.

રાફેલ વરાને ૧૪ વર્ષની કારકિર્દીમાં ૪૮૦ ક્લબ મેચ રમી. તેણે રીઅલ મેડ્રિડ માટે ચાર ચેમ્પિયન્સ લીગ અને ત્રણ લા લીગા ટાઇટલ જીત્યા હતા. તેનું છેલ્લું સન્માન એફએ કપ જીતવાનું હતું. તેણે ફ્રાન્સ માટે ૯૩ મેચ રમી અને ૨૦૧૮માં વર્લ્ડ કપ જીત્યો હતો. એવી અપેક્ષા છે કે તે કોમોમાં કોચિંગ સહાયક તરીકે રહેશે. ■

# બાંગ્લાદેશ સામેના રકાસ છતાં શાન મસૂદ જ પાકિસ્તાનનો કેપ્ટન

મુલતાનઃ પાકિસ્તાનના સિલેક્ટર્સે બાંગ્લાદેશ સામેના ૦-૨ના તાજેતરના પરાજય છતાં શાન મસૂદને ફરી એક વાર પાકિસ્તાન ટીમના સુકાનની જવાબદારી શાન મસૂદને જ સોંપી છે, આગામી સાતમી ઓક્ટોબરે મુલતાનમાં ઇંગ્લેન્ડ સામે પહેલી ટેસ્ટ રમાવાની છે અને એમાં પાકિસ્તાન ટીમનું નેતૃત્વ મસૂદ સંભાળશે.

તાજેતરમાં બાંગ્લાદેશ સામે મસૂદના સુકાનમાં પાકિસ્તાન ૦-૨થી હારી ગયું હતું, બાંગ્લાદેશે પહેલી જ વાર પાકિસ્તાનને ટેસ્ટમાં હરાવ્યું અને ટેસ્ટ સિરીઝમાં પણ પાકિસ્તાનનો એની સામે પહેલી વાર પરાજય થયો હતો, આ બધું પાકિસ્તાનની જ ધરતી પર બન્યું એમ છતાં મસૂદમાં પસંદગીકારોએ વિશ્વાસ મૂક્યો છે.

મસૂદના સુકાનમાં પાકિસ્તાને છેલ્લી પાંચેય ટેસ્ટમાં પરાજય જોયો હોવા છતાં સિલેક્ટર્સે તેને વધુ એક તક આપી છે.

ઉલ્લેખનીય છે કે ઇંગ્લેન્ડ સામેની ત્રણ મેચની શ્રેણીની પહેલી મેચ માટેની ટીમમાં બેટિંગ ઓલરાઉન્ડર આમેર જમાલને ૧૫ ખેલાડીઓની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તે ઈજામુક્તિ બાદ ટીમમાં કમબેક કરી રહ્યો છે.

જોકે બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટમાં છ વિકેટ લેનાર પેસ બોલર ખુર્રમ શહઝાદ શરીરના ડાબા ભાગના સ્નાયુઓને ઇજામાંથી હજી મુક્ત ન થયો હોવાથી ઇંગ્લેન્ડ સામેની પહેલી ટેસ્ટમાં નહીં રમે.

પાકિસ્તાને બીજા સ્પિનર તરીકે અબ્રાર અહમદની સાથે લેફ્ટ આર્મ સ્પિનર નોમાન અલીને પાછો બોલાવ્યો છે.

**પાકિસ્તાનની ટીમઃ** શાન મસૂદ (કેપ્ટન), સાઉદ શકીલ (વાઇસ કેપ્ટન), આમેર જમાલ, અબ્દુલ્લા શફીક, બાબર આઝમ, અબ્રાર અહમદ, મીર હમઝા, મોહમ્મદ હુરૈરા, મોહમ્મદ રિઝવાન (વિકેટકીપર), નસીમ શાહ, નોમાન અલી, સઈમ અયુબ, સલમાન આગા, સરફરાઝ અહમદ (વિકેટકીપર) અને શાહીન શાહ આફ્રિદી. ■

# સચિન તેંડુલકરથી આગળ નહીં નીકળે તો પણ ટેસ્ટમાં ઈંગ્લેન્ડનો મહાન ખેલાડી ગણાશે જો રુટઃ ઇયાન બેલ

જોધપુરઃ ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ બેટ્સમેન ઈયાન બેલનું માનવું છે કે ઇંગ્લેન્ડના ક્રિકેટર જો રુટને ટેસ્ટ ક્રિકેટમાં ઈંગ્લેન્ડના મહાન બેટ્સમેન તરીકે યાદ કરવામાં આવશે. બેલનું કહેવું છે કે જો રુટ સચિનના રેકોર્ડને પાછળ નહીં છોડી શકે તો પણ તે એક મહાન બેટ્સમેન હશે. સચિનના નામે રેડ બોલ ફોર્મેટમાં ૧૫૯૨૧ રન કરવાનો રેકોર્ડ છે. રુટ તાજેતરમાં જ શ્રીલંકાના કુમાર સંગાકારાને પાછળ છોડીને ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધુ રન કરનાર છઠ્ઠો બેટ્સમેન બન્યો હતો.

રુટે ટેસ્ટમાં અત્યાર સુધી ૧૨૪૦૨ રન કર્યા છે અને ૩૩ વર્ષીય બેટ્સમેન સચિનનો રેકોર્ડ તોડવાથી ૩૫૧૯ રન પાછળ છે. બેલે કહ્યું હતું કે, રુટે છેલ્લા ૧૨ મહિનામાં શાનદાર પ્રદર્શન કર્યું છે. મને નથી લાગતું કે તે ભવિષ્ય વિશે વધારે વિચારી રહ્યો છે. તે આપણા જેવા જ ક્ષણમાં જીવે છે. સચિન જેવા મહાન ખેલાડીની નજીક આવવું પણ એક મોટી ઉપલબ્ધિ છે. સચિન ખરા અર્થમાં રમતનો મહાન ખેલાડી છે જેને આપણે રમતા જોઈને મોટા થયા છીએ. તે માત્ર ભારતીય ક્રિકેટ ચાહકો માટે જ નહીં પરંતુ વિશ્વભરના લોકો માટે હીરો છે.

ઈંગ્લેન્ડ માટે ૧૧૮ ટેસ્ટ મેચ રમી ચૂકેલા બેલે કહ્યું હતું કે, રુટ સચિનની નજીક જઈ શકે છે તે વિચારવું પણ મોટી ઉપલબ્ધિ છે. ભલે તે સચિનનો રેકોર્ડ તોડે કે ના તોડે પરંતુ તે ઈંગ્લેન્ડના સર્વકાલીન મહાન બેટ્સમેન તરીકે ઓળખાશે તેમાં કોઈ શંકા નથી.

બેલે ઈંગ્લેન્ડના પ્રદર્શન માટે 'બેઝબોલ'ની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે જ્યારથી બ્રેન્ડન મેક્કુલમ ઈંગ્લેન્ડની ટીમમાં આવ્યા અને બેન સ્ટોક્સે કેપ્ટનશિપ સંભાળી ત્યારથી ટીમે સારાં પરિણામો હાંસલ કર્યા છે. તે જેક ક્રોલી, ઓલી પોપ, હેરી બ્રુક જેવા યુવા ખેલાડીઓ પાસેથી પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન મેળવવામાં સફળ રહ્યા છે. ■

## જો મેક્કુલમ મને વન-ડે ટીમમાં પાછા બોલાવશે તો હું જરૂર રમીશઃ બેન સ્ટોક્સ

ચેસ્ટર લી સ્ટ્રીટઃ ઇંગ્લેન્ડની ટેસ્ટ ટીમના કેપ્ટન બેન સ્ટોક્સે કહ્યું હતું કે ન્યૂઝીલેન્ડના પૂર્વ બેટ્સમેન બ્રેન્ડન મેક્કુલમ ટેસ્ટની સાથે સાથે વન-ડે અને ટી-૨૦ ક્રિકેટ ટીમના કોચ બન્યા બાદ તે વન-ડે અને ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પરત ફરવા માટે તૈયાર છે. સ્ટોક્સે અહીં ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વનડે દરમિયાન સ્કાય સ્પોર્ટ્સને કહ્યું હતું કે, 'જો મને પૂછવામાં આવે કે હું રમવા માંગુ છું તો મારો જવાબ ચોક્કસપણે હા હશે.'

ઇંગ્લેન્ડે છેલ્લા કેટલાક સમયથી તેની મર્યાદિત ઓવરોની ટીમોમાં નવા ખેલાડીઓનો સમાવેશ કર્યો છે અને સ્ટોક્સે કહ્યું કે જો મેક્કુલમ તેમને પસંદ કરે તો તેને યુવાઓને ટીમમાં સ્થાન મેળવીને ખુશી થશે. ■

## મુંબઈ ન્યૂઝ

# એમવીએમાં બધું હેમખેમ, મુખ્ય પ્રધાનપદ મુદ્દે નથી કશો વિખવાદઃ અનિલ દેસાઇ

મુંબઈઃ બેઠકોની વહેંચણી અને મુખ્ય પ્રધાનપદના મુદ્દાને લઇને મહાવિકાસ આઘાડીમાં ફૂટ પડી હોવાના અહેવાલોને ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા અનિલ દેસાઇએ રદિયો આપ્યો હતો અને કહ્યું હતું કે મહાવિકાસ આઘાડી(એમવીએ)ના સાથી પક્ષોમાં કોઇ જ મતભેદ નથી. જોકે, બેઠકોની વહેંચણીનો નિર્ણય લેતા વખતે જીતની શક્યતાને જરૂર ધ્યાનમાં લેવામાં આવશે, એમ દેસાઇએ જણાવ્યું હતું. મહાવિકાસ આઘાડીમાં બેઠકોની વહેંચણી સરળ રીતે થઇ રહી હોવાનું જણાવતા દક્ષિણ-મધ્ય બેઠકના સાંસદ દેસાઇએ જણાવ્યું હતું કે ઠાકરે જૂથ મુંબઈમાં સૌથી વધુ બેઠકો પરથી ચૂંટણી લડશે.

ઉલ્લેખનીય છે કે મુંબઈને શિવસેનાનો ગઢ માનવામાં આવે છે. આ વિશે દેસાઇને પુછાતા તેમણે કહ્યું હતું કે મુંબઈ શિવસેનાનો ગઢ છે અને ભવિષ્યમાં પણ રહેશે. મુંબઈ જ નહીં, એમએમઆર(મુંબઈ મેટ્રોપોલિટન રિજન), કોંકણ અને રાજ્યના અન્ય ભાગ પણ શિવસેનાના ગઢ જ છે. તેથી મુંબઈમાં સૌથી વધુ બેઠક પરથી શિવસેના જ લડશે. દેસાઇએ જણાવ્યા મુજબ મહાવિકાસ આઘાડીમાં કોઇ એક ચોક્કસ બેઠક પરથી ચૂંટણી લડવા વિશે કોઇ ખેંચતાણ નથી થઇ રહી. ■

# બૅકબેમાં હવે 'મરીના પર્યટન'

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા દક્ષિણ મુંબઈમાં બૅકબે રિક્લોમેશનનો વિકાસ કરવામાં આવનાર છે અને ત્યાં આકર્ષક અને આધુનિક 'મરીના પર્યટન' વિકસાવવામાં આવશે. આ માટે મુંબઈના આર્થિક વિકાસ માટે પ્રથમ તબક્કામાં ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવશે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના અધ્યક્ષતા હેઠળ મંગળવારે એમએમઆરડીએની મળેલી બેઠકમાં આ પ્રોજેક્ટનો પણ ઉલ્લેખ કરાયો હતો. બૅક્બે રિક્લેમેશન યોજનાનું સુધારિત વિકાસ માળખું તૈયાર કરવામાં આવ્યું છે જેમાં સમુદ્રકિનારો અને મેન્ગ્રોવ્ઝ જેવા નૈસર્ગિક વસ્તુઓ પર વધુ ધ્યાન આપવામાં આવશે. આવા વિસ્તારમાં પર્યટનને વિકસાવવા માટે 'મરીના પર્યટન' પ્રકલ્પનો સમાવેશ કરાયો છે જેના હેઠળ નાની બોટ અને નૌકાઓ માટે વિશેષ બંદર હશે. આ પ્રકલ્પ માટે નાગરિકો પાસેથી સલાહ-સૂચનો મગાવવામાં આવ્યા છે. ■

# ૧.૩૮ કરોડની છેતરપિંડીઃ બિલ્ડર અને કન્સ્ટ્રક્શન કંપનીના ડિરેક્ટર્સ સામે ગુનો

નાગપુરઃ નાગપુર જિલ્લામાં રો હાઉસ આપવાની ખાતરી આપી ઘર ખરીદનારાઓ સાથે ૧.૩૮ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે બિલ્ડર અને કન્સ્ટ્રક્શન કંપનીના બે ડિરેક્ટર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ફરિયાદને આધારે પોલીસે સોમવારે વેન્કટેશ બિલ્ડર્સ ઍન્ડ ડેવલપર્સના બે ડિરેક્ટર કિશોર હંસરાજ જહામ (૭૦) અને રાજગોપાલ સિકંદર જહામ (૫૦) અને એક બિલ્ડર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું ઈમામવાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. આરોપીઓએ ૨૦૧૨માં નાગપુરના કલમના વિસ્તારમાં રો હાઉસીસ બાંધવાનો પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. આ રો હાઉસ માટે આરોપીઓએ ખરીદદારો સાથે એગ્રીમેન્ટ કરી ૧.૩૮ કરોડ રૂપિયા વસૂલ્યા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

જોકે ૧૨ વર્ષ વીત્યાં છતાં પ્રોજેક્ટમાં કોઈ નક્કર કામ થઈ શક્યું નહોતું. ખરીદદારોને રો હાઉસ ન મળતાં તેમણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. આ પ્રકરણે પોલીસે પ્રાથમિક તપાસ બાદ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ) ■

# ઓલ ઇઝ વેલઃ એકનાથ શિંદેની અમિત શાહ સાથે મીટિંગ પછી સંકેત

## મુખ્ય પ્રધાને કહ્યું કે ટૂંકમાં જ બેઠકોની વહેંચણીના મુદ્દે ફેંસલો

મુંબઈઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન તેમ જ ભાજપના ચાણક્ય કહેવાતા અમિત શાહ છેલ્લા બે દિવસથી મહારાષ્ટ્રમાં છે અને વિધાનસભાની ચૂંટણી પહેલા તેમની આ મુલાકાતને ખૂબ જ મહત્ત્વની માનવામાં આવી રહી છે. જોકે, બુધવારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સાથે થયેલી તેમની મુલાકાતમાં અગત્યના નિર્ણય લેવામાં આવ્યા હોવાના સંકેત છે.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ અમિત શાહ સાથેની મુલાકાત બાદે આપેલા નિવેદનને પગલે મહાયુતિની ગાડી પાટે ચાલી રહી હોવાનું જણાઇ રહ્યું છે અને બેઠકોની વહેંચણીનો ગૂંચવણ ભરેલો મુદ્દો સરળતાથી પાર પડશે તેમ જણાય છે.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શાહ સાથે મુલાકાત બાદ બેઠકોની વહેંચણી બાબતે કહ્યું હતું કે અમારી મુલાકાત સકારાત્મક રહી હતી અને બધું જ સરળતાથી ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં જ નિર્ણય લેવામાં આવશે. વાટાઘાટો સરળતાથી અને સહકારપૂર્વક ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે અમિત શાહે છત્રપતિ સંભાજીનગરમાં મુખ્ય પ્રધાન શિંદે ઉપરાંત નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારની મુલાકાત લીધી હતી.



છત્રપતિ સંભાજીનગરમાં શિવાજી મહારાજની પ્રતિમાને હાર પહેરાવી રહેલા અમિત શાહ. (એજન્સી)

એક હોટેલમાં કેન્દ્રીય પ્રધાન અમિત શાહ અને ભૂપેન્દ્ર યાદવે એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસ સાથે બેઠક યોજી હતી, જેમાં અજિત પવાર અને તેમના પક્ષના કાર્યકારી અધ્યક્ષ પ્રફુલ્લ પટેલ પછીથી પહોંચ્યા હતા. આ બેઠક મોડી રાત્રે ૧૨:૩૦ વાગ્યા સુધી ચાલી હતી. આ દરમિયાન બેઠકોની વહેંચણી ઉપરાંત વિધાનસભાની ચૂંટણીને લગતી મહત્ત્વની વાતચીત તેમના વચ્ચે થઇ હોવાનું કહેવાય છે. ■

## મરાઠવાડાની ૪૮માંથી ૩૦ બેઠક મળવી જોઈએઃ અમિત શાહ

મુંબઈઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ બે દિવસની મહારાષ્ટ્રની મુલાકાતે છે અને બુધવારે તેમણે વિદર્ભ અને મરાઠવાડાના પદાધિકારીઓ સાથે વાતચીત કરી હતી તેમ જ વિધાનસભાની ચૂંટણી માટેની રણનીતિ સમજાવી હતી. મરાઠવાડાની ૪૮ બેઠકમાંથી ૩૦ બેઠક પર જીત હાંસલ કરવાની યોજના હોવાનું પણ આ દરમિયાન તેમણે કહ્યું હતું.

ચૂંટણીની રણનીતિ સમજાવતા શાહે પદાધિકારીઓને દરેક બૂથ પર ૧૦ ટકા મત વધારવાનો પ્રયત્ન કરવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત દરેક રેલી 'ભારત માતા કી જય'ના નારા સાથે શરૂ કરવાની તેમ જ રામ મંદિર નિર્માણનો પ્રચાર કરવાની વાત પણ તેમણે કહી હતી.

કાર્યકર્તાઓ અને નેતાઓ એકસાથે મળીને કામ કરે, બૂથ પર જઇ તેને મજબૂત બનાવે તેવી સૂચના તેમણે આપી હતી. અમિત શાહે કહ્યું હતું કે કાર્યકર્તાઓ જીત મેળવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે એટલે કાર્યકર્તાઓનું ધ્યાન રાખવામાં આવે એ ખૂબ જ જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે અમિત શાહે બુધવારે નાશિક અને જળગાંવની મુલાકાત પણ લીધી હતી અને તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ દરમિયાન ભાજપના બધા જ સ્થાનિક વિધાનસભ્યો અને પ્રમુખ પદાધિકારીઓ હાજર રહ્યા હતા. ■

## હમ સાથ સાથ હૈઃ અજિત પવાર

મુંબઈઃ મહાયુતિમાં બધું જ સરળતાથી ચાલી રહ્યું છે તેવા મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નિવેદનને ટેકો આપતું જ નિવેદન નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પણ આપ્યું હતું અને કહ્યું હતું કે આગામી વિધાનસભાની ચૂંટણી તેમનો પક્ષ ભાજપ અને શિવસેના(શિંદે જૂથ) સાથે મળીને જ લડશે. છેલ્લાં અમુક વખતથી અજિત પવાર કદાચ મહાયુતિમાંથી છૂટા પડે અને સ્વતંત્ર રીતે ચૂંટણી લડે તેવા અહેવાલો પણ વહેતા થયા હતા. જોકે, આ તમામ અહેવાલોને રદિયો આપી અજિત પવારે જણાવ્યું હતું કે અમે મહાયુતિ ફરી સત્તામાં આવે એ માટે લડીશું. ■

# બદલાપુર આરોપીના એન્કાઉન્ટરનું શ્રેય લેવા પોસ્ટર વૉર

## શિંદે અને ફડણવીસના પોસ્ટર લાગ્યા પણ અજિત પવાર ગાયબ

મુંબઈઃ બદલાપુરમાં બે બાળકીના દુષ્કર્મી અક્ષય શિંદેના એન્કાઉન્ટર બાદ મહારાષ્ટ્રમાં રાજકારણ ગરમાયું છે. બે બાળકીઓ પર અત્યાચાર ગુજારનાર આરોપી અક્ષય શિંદેના પોલીસ એન્કાઉન્ટર પર ભારે રાજનીતિ ચાલી રહી છે. હવે આ એન્કાઉન્ટરનો શ્રેય લેવાની હોડ મચી છે.

મહાયુતિ (એકનાથ શિંદે સેના, ભારતીય જનતા પાર્ટી અને એનસીપી)માં ખાસ કરીને એકનાથ શિંદે અને ફડણવીસના વિવિધ વિસ્તારોમાં પોસ્ટર લાગ્યાં હતાં. આ મુદ્દે વિરોધપક્ષે સરકારની ઝાટકણી કાઢ્યા પછી પણ પોસ્ટર લગાવવાની સાથે અમુક અખબારોમાં જાહેરાતોનો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો હતો. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને કોઈ ધર્મવીર ગણાવ્યા હતા, જ્યારે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના પોસ્ટરમાં બદલો લીધો હોવાનું જણાવાયું હતું. બીજી તરફ મરાઠી અખબારોમાં સીએમ એકનાથ શિંદેને 'ધર્મવીર' તરીકે દર્શાવવામાં આવ્યા છે. આ જાહેરાતોમાં માત્ર એકનાથ શિંદે જ દેખાય છે. તેના પર દેવેન્દ્ર ફડણવીસ કે અજિત પવારની કોઈ તસવીર નથી.

પોસ્ટરમાં લખવામાં આવ્યું છે કે અમારી દીકરીઓને ન્યાય આપે અમને એવા ધર્મવીરની જરૂર છે. હવે એવું લાગે છે કે 'શિવશાહી' પાછી આવી છે (શિવાજી મહારાજના સામ્રાજ્યને શિવશાહી કહેવાતું હતું). આ જાહેરાતમાં એકનાથ શિંદેની તસવીર છે પરંતુ ગૃહમંત્રી દેવેન્દ્ર ફડણવીસની તસવીર નથી.

મુંબઈમાં ઠેકઠેકાણે ફડણવીસનાં પોસ્ટર લગાવવામાં આવ્યાં છે જેમાં લખ્યું છે કે 'બદલો પૂરો' થયો. આ પોસ્ટરમાં મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ બંદૂક સાથે જોવા મળે છે. મુંબઈમાં બીજા પણ પોસ્ટર લગાવવામાં આવ્યાં છે, જેમાં ફડણવીસની પ્રશંસા કરવામાં આવી છે અને એમવીએ પર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. જો કે, મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદે કોઈ પોસ્ટરમાં દેખાતા નથી. ■

# 'મહાયુતિના હાથે ૧૦૦ બેઠકો પણ નહીં આવે'

## શરદ પવાર જૂથની એનસીપીનો મોટો દાવો

મુંબઈઃ આગામી વિધાનસભાની ચૂંટણીમાં સત્તાધારી મહાયુતિ ૧૦૦ બેઠકો પણ નહીં જીતી શકે એવો દાવો શરદ પવાર જૂથની એનસીપી(રાષ્ટ્રવાદી કૉંગ્રેસ) દ્વારા કરવામાં આવ્યો છે. નવેમ્બરમાં ચૂંટણી યોજાય તેવી શક્યતા વચ્ચે શરદ પવાર જૂથે મહાયુતિની હાર નક્કી હોવાનો દાવો કર્યો છે.

પત્રકારો સાથે વાતચીત કરતા શરદ પવાર જૂથના પ્રવક્તા મહેશ તાપસેએ જણાવ્યું હતું કે ભાજપના કેન્દ્રીય નેતૃત્વ પ્રત્યે મતદાતાઓની વધતી નારાજગી મહાયુતિના ઘટતા સમર્થનનું કારણ છે. જ્યારે જ્યારે ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ મહારાષ્ટ્રની મુલાકાત લે છે ત્યારે ત્યારે તેમનું જનસમર્થન ઘટતું જાય છે.

મંગળવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે નાગપુરમાં સભામાં હાજરી આપી તેને ઉદ્દેશીને તાપસેએ નિશાન તાક્યું હતું. તાપસેએ આ ચૂંટણીમાં મહાયુતિનો વોટ-શૅર(મતોની સંખ્યા) વધુ ઘટશે, તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં ચૂંટણીમાં સારા દેખાવ માટે ભાજપ તેમના કેન્દ્રીય નેતાઓ પર ઘણો આધાર રાખે છે, પરંતુ મહારાષ્ટ્રના લોકોને તેમનામાં જરાય રસ નથી. તેમને જવાબદાર સરકાર, વિકાસ, નોકરીઓ જોઇએ છે અને મહાયુતિ તે આપવામાં નિષ્ફળ ગઇ છે.

આ ઉપરાંત તાપસેએ મહાયુતિમાં ભંગાણ પડ્યું હોવાનો દાવો પણ કર્યો હતો અને જણાવ્યું હતું કે ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારના પક્ષના વિધાનસભ્યોને ફોડીને મહાયુતિએ પોતાની તરફ કર્યા એ લોકોને ગમ્યું નથી. ■

# લાડકી

## સંધ્યા છાયા

feedback.ladki@
bombaysamachar.com
નીલા સંઘવી

# તમે તો મારા દેવના દીધેલ છો...

**સામાન્ય** રીતે આપણે સૌ તેમજ વૃદ્ધાશ્રમના સંચાલકો પણ એમ જ માને છે કે વૃદ્ધાશ્રમમાં કોઈ પોતાની મરજીથી નથી આવતું. સૌ મજબૂરીથી જ આવે છે. વાત કાંઈ સાવ ખોટી નથી, પણ બદલાતા જતા સમયમાં, સમાજમાં ક્યારેક વૃદ્ધો પોતાની મરજીથી પણ વૃદ્ધાશ્રમમાં રહેવા આવતા હોય છે.

જોકે એમાંના કેટલાક સાથે વાત કરતા મને લાગ્યું કે 'ભલે એ લોકો કહે છે અમે અમારી મરજીથી અહીં આવ્યા છીએ', પણ મનમાં કંઈક ખટકો તો છે જ. હા, એટલું ખરું કે પરિસ્થિતિને સમજીને પરિવર્તન સ્વીકારી લીધું છે એટલે ઝાઝું દુઃખ ન થાય ફક્ત નાની ફાંસ જેવું મનમાં ખટકે.

આવી જ લાગણી કાન્તાબહેન અને કાન્તીભાઈ સાથે વાત કરતા મેં અનુભવી.

કાન્તાબહેન અને કાન્તીભાઈ ૭૫ વર્ષની ઉંમરે વૃદ્ધાશ્રમમાં આવ્યાં. કાન્તાબહેન ૭૫નાં અને કાન્તીભાઈ ૭૭ વર્ષના. બન્નેએ પથ્થર એટલા દેવ પૂજ્યા ત્યારે કાન્તાબહેનના ખોળે સંજયનો જન્મ થયો. કાન્તાબહેનને લગ્ન પછી બે વર્ષે ઓધાન રહ્યા, પરંતુ કસુવાવડ થઈ ગઈ. બીજીવાર ગર્ભાધાન સમયે પણ એમ જ થયું. કસુવાવડ થઈ ગઈ. કાન્તાબહેન અને કાન્તીભાઈના દુઃખનો પાર ન રહ્યો. બંને ભગવાનને વિનવવા લાગ્યાં : પ્રભુ અમને એક ખોળાનો ખુંદનાર આપી દો.. અમે એવાં શા પાપ કર્યા છે કે સુખનો દિવસ દેખાડીને ફરીથી દુઃખના ડુંગર પર ધકેલી દો છો? 'પ્રભુ, અમારી અરજ સ્વીકારો અને અમારા સુના જીવનને કલરવથી ભરી દો...' . ભગવાને આ દંપતીની પ્રાર્થના સાંભળી અને કાન્તાબહેન ફરીથી ગર્ભધારણ કર્યો. એમના દાંપત્યજીવનમાં ફરીથી નવી આશાનો સંચાર થયો. કાન્તીભાઈએ નક્કી કર્યું કે આ વખતે બહુ જ સાવધાની રાખવી છે. કાન્તાને બિલકુલ તકલીફ ન પડે એ ધ્યાન રાખવાનું છે, જેથી એ એક સ્વસ્થ બાળકને જન્મ આપી શકે. કાન્તીભાઈએ પત્નીને કહી દીધું : 'તારે બેડરેસ્ટ કરવાનો છે. બિલકુલ ઊભા થવાનું નથી. ફકત બાથરૂમ-ટોઈલેટ જવા માટે જ ઊભા થવાનું. હું તારા માટે ચોવીસ કલાકની નર્સ ઉપરાંત રસોઈ કરવાવાળા બેનની વ્યવસ્થા કરાવું છું.'

કાન્તાબહેને આ વાતનો સંમતિપૂર્વક સ્વીકાર કર્યો. એ પણ ઈચ્છતા હતાં કે આ વખતે પોતે એક સ્વસ્થ બાળકને જન્મ આપી શકે.

હવે કાન્તાબહેન ૩૫નાં અને કાન્તીભાઈ ૩૭ વર્ષના થઈ ગયા હતા. એમના માટે આ છેલ્લી તક હતી ડોક્ટરની નિગરાની હેઠળ કાન્તાબહેનની પ્રેગ્નન્સીમાં દેખરેખ થઈ રહી હતી. સાતમો મહિનો જતો હતો ડોક્ટર અનુસાર હવે પછીનો સમય બહુ જ કપરો હતો. કાન્તીભાઈએ મનોમન બાધા લીધી ડાકોરના રણછોડરાયના મંદિરે ચંપલ પહેર્યા વિના દર્શને જશે, જો આ વખતે પોતાના સંતાનનું મોઢું જોઈ શકશે તો.અને તે પણ બાળકના જન્મ પછીના એક જ મહિનાની અંદર.... ! આ વાત એમણે કાન્તાબહેનને પણ જણાવી ન હતી.

કાન્તીભાઈની પ્રાર્થના રણછોડરાયે સાંભળી ને કાન્તાબહેને સ્વસ્થ, સુંદર પુત્રને જન્મ આપ્યો. પતિ-પત્નીના આનંદનો પાર ન રહ્યો. પ્રસૂતિ પછી સ્વસ્થ થયેલાં કાન્તાબહેનને કાન્તીભાઈએ પોતે લીધેલી બાધાની વાત કરી. કાન્તાબહેન બોલ્યાં, 'અરે, બાપ રે, તમે આવી બાધા કેમ લીધી? આવા બળબળતા ઉનાળામાં ચંપલ પહેર્યા વિના ડાકોર સ્ટેશનથી મંદિર સુધી કેવી રીતે જશો?'

હું તો જઈશ જ. જે થવાનું હોય તે થાય, પણ ડાકોરના રણછોડરાયે મારી વાત સાંભળી છે તો મારે પણ મારી માનતા પૂરી કરવી જ રહી' અને કાન્તાબહેનને હોસ્પિટલથી ઘેર લાવ્યા પછી કાન્તીભાઈ ઊપડ્યા ડાકોરની યાત્રાએ ડાકોર સ્ટેશને ઊતરીને બળબળતા તાપમાં ચાલવા માંડ્યા. ડામરની સડક એટલી ગરમ હતી કે તમે યે રોટલી વણીને મૂકો તો શેકાઈ જાય. ભગવાનનું નામ લેતા લેતા એ ચાલતા રહ્યા. પગમાં મોટા મોટા ફોલ્લાઓ પડી ગયા, પણ કાન્તીભાઈ રણછોડરાય સમક્ષ પહોંચી ગયા એમનો આભાર માન્યો પછી ડોક્ટર પાસે પાટા બંધાવીને આવ્યા.

કાળક્રમે દીકરાને મોટો કર્યો- પરણાવ્યો. પુત્રની સાથે પુત્રવધૂ પણ નોકરી કરે છે.

કાન્તાબહેન સાથે વાત કરતા એ અમને કહે:

'વહુ-દીકરો બંને નોકરી કરે, તે લોકો બિઝી હોય... અહીં અમને વૃદ્ધાશ્રમમાં અમારા જેવડા લોકોની કંપની મળે તેથી અહીં આવવાનું પસંદ કર્યું. અમે નિવૃત્ત એટલે અહીં આપણી રીતે જીવી શકીએ. એમને (કાન્તીભાઈને) અહીં આવવાનું બહુ મન ન હતું. દીકરો-વહુ પણ ના પાડતા હતા, પણ મારે તો અહીં જ રહેવું હતું. અમારા વચ્ચે ઝઘડા -ટંટા કંઈ નથી, પણ અમે અમારી રીતે જીવવા માટે અહીં આવ્યાં...'

વાત આગળ વધારતાં કાન્તાબહેન કહે છે :

'ઘરમાં પાંચે આંગળી સરખી ન હોય. હું પરણીને સાસરે આવી હતી ત્યારે ઘણું એડજેસ્ટ કર્યું હતું. અહીં પણ કરી લેવાનું. મારા પતિએ શૂન્યમાંથી સર્જન કર્યું છે. વહુ કામ કરે છે તો દીકરાને મદદ થાય છે. આ મોંઘવારીમાં બંનેએ કમાવું જરૂરી છે. પરિવર્તનને સ્વીકારવું રહ્યું. ઘરમાં બે વાસણ હોય તો ખખડેય ખરા. હું એમ નથી કહેતી કે અમારે બધું જ સુખ્ટુ સુખ્ટુ છે. ક્યારેક તો કાંઈક થાય પણ ખરું... જે દીકરા માટે આટલું કર્યું હોય તેનાથી દિલ દુઃખતું હોય તો પણ દીકરો તો અમારા દેવનો દીધેલ છે...

આપણે ખુશી ખુશી આપણો રસ્તો કરી લેવાનો. હજુ પણ ઘેર જવું હોય તો કોઈ ના નથી પાડવાનું , પણ મને તો અહીં બહુ જ ગમી ગયું છે અને હવે એમને પણ હવે ગમવા માંડ્યું છે...હું તો સૌ વૃદ્ધજનોને કહીશ કે ઘરમાં જો એમની અવગણના થતી હોય તો આવી કોઈ જગ્યાએ આવીને સ્વમાનભેર જીવન જીવી લેવાનું.'

કાન્તાબહેનની આ વાત વચ્ચે લપાયેલો અર્થ (બિટવીન ધ લાઈન્સ) સમજી શકાય એમ છે ને?! ■

## ભારતની વીરાંગનાઓ

ટીના દોશી
feedback.ladki@
bombaysamachar.com

# ભારતનાં પ્રથમ મહિલા વડાં પ્રધાન ઈન્દિરા ગાંધી



**ઇન્દિરાનો** અર્થ દેવી લક્ષ્મી, કાંતિ, શોભા અને સૃષ્ટિની શરૂઆતમાં ફૂલની પાંખડીઓથી બનેલી દેવી એવો થાય છે. એ જ રીતે પ્રિયદર્શિનીનો અર્થ જેનું દર્શન પ્રિય છે એ અથવા તો પ્રિય જોનારી એવો થાય છે.... આ બંને નામના સંગમ સમાં છતાં લોખંડી મહિલા તરીકે જાણીતાં ઇન્દિરા પ્રિયદર્શિની ભારતનાં પ્રથમ મહિલા વડાં પ્રધાન હતાં ! ઇન્દિરા ૨૪ જાન્યુઆરી ૧૯૬૬થી ૨૪ માર્ચ ૧૯૭૭ તથા ૧૪ જાન્યુઆરી ૧૯૮૦થી તેમના અવસાન સુધી ૩૧ ઓક્ટોબર ૧૯૮૪ સુધીના બે સમયગાળા દરમિયાન ભારતના વડાં પ્રધાનપદે રહ્યાં હતાં. ભારતમાં પિતા અને પુત્રી બંને વડા પ્રધાન બન્યાં હોય એવું એકમાત્ર ઉદાહરણ એટલે જવાહરલાલ અને ઇન્દિરા. ઇન્દિરાનો પુત્ર રાજીવ પણ વડાપ્રધાનપદે પહોંચ્યો. આમ ત્રણ પેઢીની વ્યક્તિ વડા પ્રધાન બની હોય એવું એકમાત્ર ઉદાહરણ નહેરુ-ગાંધી પરિવારમાં જોવા મળ્યું. ઇન્દિરાએ ૧૯૭૧માં પાકિસ્તાનના બે ટુકડા કરીને બાંગ્લાદેશની રચના કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવેલી. બેન્કોનું રાષ્ટ્રીયકરણ કર્યું અને તેમના નેતૃત્વમાં ભારતે ૧૯૭૪માં પહેલું અણુપરીક્ષણ કર્યું. ઇન્દિરાના અણમોલ રાજકીય પ્રદાનને પગલે ભારત સરકાર દ્વારા તેમને ૧૯૭૧માં દેશના સર્વોચ્ચ સન્માન ભારતરત્નથી સન્માનિત કરાયાં હતાં !

ઇન્દિરા ગાંધીનો જન્મ પ્રતિષ્ઠિત ધારાશાસ્ત્રી મોતીલાલ નહેરુના પરિવારમાં ૧૯ નવેમ્બર ૧૯૧૭ના રોજ ઉત્તર પ્રદેશ ખાતે અલાહાબાદમાં થયેલો. માતા કમલા નહેરુ સ્વતંત્રતા સેનાની. પિતા જવાહરલાલ નહેરુ એક પ્રખર ધારાશાસ્ત્રી અને સ્વાતંત્ર્ય સેનાની. ઇન્દિરા બાળપણથી જ દેશભક્તિના રંગે રંગાયેલાં. પાંચ વર્ષની ઈન્દિરાએ ઇંગ્લેન્ડમાં બનેલી પોતાની મનપસંદ ઢીંગલી સળગાવી દીધેલી.

આઝાદી આંદોલનમાં ભાગ લેવાની સાથે ઈન્દિરાએ શરૂઆતનું શિક્ષણ અલ્લાહાબાદની અંગ્રેજી માધ્યમની કોન્વેન્ટ સ્કૂલમાં લીધું. માતા કમલા નહેરુને સારવાર માટે સ્વિટ્ઝર્લેન્ડ લઈ જવાતાં તેમણે જિનીવાની ફ્રેન્ચ માધ્યમની શાળામાં શિક્ષણ મેળવ્યું. દરમિયાન ફિરોઝ ગાંધીનો પરિચય થયો. ભારત પાછા ફર્યા બાદ ૨૬ માર્ચ ૧૯૪૨ના રોજ ફિરોઝ ગાંધી સાથે લગ્નગ્રંથિથી જોડાયાં.. ૧૯૪૨ના હિંદ છોડો આંદોલન સમયે જેલવાસ વેઠ્યો. પુત્ર રાજીવનો જન્મ ૧૯૪૪માં અને સંજયનો જન્મ ૧૯૪૬માં થયો. ૮ સપ્ટેમ્બર, ૧૯૬૦ના રોજ ફિરોઝ ગાંધીનું હૃદયરોગના હુમલાથી અવસાન થયું.

ચાર વર્ષ બાદ, ૧૯૬૪માં નહેરુના અવસાન પછી લાલબહાદુર શાસ્ત્રી વડા પ્રધાન થતાં ઇન્દિરા માહિતી અને પ્રસારણ મંત્રી તરીકે જોડાયાં. ૧૧ જાન્યુઆરી ૧૯૬૬ના દિવસે લાલબહાદુર શાસ્ત્રીનું અવસાન થતાં ઇન્દિરા ગાંધીએ વચગાળાની ચૂંટણીમાં બહુમતી મેળવી.દેશનાં પ્રથમ મહિલા વડાં પ્રધાન તરીકેનું પદ સંભાળ્યું ૧૯૬૯માં ચાર પ્રીમિયમ તેલ કંપનીઓ સાથે ભારતની ૧૪ સૌથી મોટી બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું. અંતરિક્ષમાં ઉપગ્રહો તરતા મૂકવા, અણુવિજ્ઞાનના આધારે રિઍક્ટરો ઊભાં કરવાં વગેરે જેવી આધુનિકીકરણની નીતિ અનુસરવામાં તેમણે હંમેશાં પહેલ કરી. આ ક્ષેત્રમાં તેમના સમયનો સૌથી પ્રભાવક બનાવ તે ૧૮ મે ૧૯૭૪ના રોજ રાજસ્થાનમાં પોખરણ મુકામે ભૂગર્ભમાં કરવામાં આવેલો અણુધડાકો હતો. ભારતનો પરમાણુ યુગમાં સમાવેશ કર્યો. ઇન્દિરાની એક રાજકારણી તરીકેની કાબેલિયતની કસોટી ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાનમાંથી ભારત આવેલા શરણાર્થીઓ અંગે થઈ. તેમણે પૂર્વ પાકિસ્તાનના મુજીબુર રહેમાનને ટેકો આપી લશ્કરી હસ્તક્ષેપ કરીને તેને સ્વાતંત્ર્ય બક્ષ્યું. બાંગ્લાદેશનો એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે જન્મ થયો.

ઇન્દિરાના જીવનમાં ચડાવ પછી ઉતાર આવ્યો. ૧૯૭૫માં વિરોધ પક્ષો અને સામાજિક કાર્યકરોએ વધતી જતી મોંઘવારી, અર્થતંત્રની નબળી સ્થિતિ અને પ્રચંડ ભ્રષ્ટાચારને લઈને ઈન્દિરા ગાંધીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર વિરુદ્ધ ઘણું પ્રદર્શન કર્યું. ૧૨ જૂન ૧૯૭૫ના દિવસે અલ્લાહાબાદની વડી અદાલતે ઇન્દિરાની રાયબરેલીની ચૂંટણી રદબાતલ કરતાં વડાં પ્રધાન તરીકેના તેમના સ્થાનને મોટો ધક્કો પહોંચ્યો. આ ચુકાદાની સામે તેમણે સર્વોચ્ચ અદાલતમાંથી 'સ્ટે' મેળવ્યો પરંતુ સંસદમાં મત આપવાનો અધિકાર તેમને રહ્યો નહીં. ગુજરાતમાં શરૂ થયેલી નવનિર્માણ ચળવળના આધારે જયપ્રકાશના નેતૃત્વ નીચે બિહારમાં અને ત્યાર બાદ સમગ્ર ભારતમાં જૂન મહિનામાં ચળવળ શરૂ કરવાની તૈયારીઓ થઈ રહી હતી. અદાલતના ચુકાદાની સાથે આવી ચળવળ ઇન્દિરાને ભયરૂપ લાગી અને તેમણે આત્યંતિક પગલું ભરીને દેશમાં કટોકટીની જાહેરાત કરી અને જયપ્રકાશ, મોરારજી વગેરે નેતાઓની ધરપકડ કરી. પ્રેસ ઉપર નિયંત્રણો લાદ્યાં. આકરી સેન્સરશિપ શરૂ કરી. કુટુંબનિયોજનના ક્ષેત્રે સંજયે આકરાં પગલાં લઈ સરકારની અપ્રિયતામાં વધારો કર્યો.

દરમિયાન, ૧૯૭૭માં કટોકટી ઉઠાવી લેવામાં આવી અને ચૂંટણીઓ યોજાઈ. ઇન્દિરાની હાર થઈ. તેમની ધરપકડ કરવામાં આવી, પરંતુ ઇન્દિરાએ કર્ણાટકમાંથી ચીકમંગલૂરની સંસદીય બેઠકની પેટા-ચૂંટણી જીતી લીધી. ઑગસ્ટ ૧૯૭૯માં સંસદને બરખાસ્ત કરવામાં આવી. ફરીને ચૂંટણી થતાં ઇન્દિરા વડાં પ્રધાન બન્યાં. થોડા દિવસો બાદ નાના પુત્ર સંજય ગાંધીનું વિમાન-ઉડ્ડયન દરમિયાન થયેલા અકસ્માતમાં અવસાન થયું.

બીજી બાજુ પંજાબમાં હિંસાનો દોર વધતો ચાલ્યો અને આતંકવાદ ચારે તરફ પ્રસરતો ગયો. ઇન્દિરાએ અમૃતસરના સુવર્ણમંદિર ઉપર ૬ જૂન ૧૯૮૪ના લશ્કર મોકલ્યું જે ઑપરેશન બ્લૂ સ્ટાર તરીકે ઓળખાય છે. આ પગલું લેવામાં રહેલા જોખમનો તેમને પૂરો ખ્યાલ હતો, પરંતુ તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો. ગુપ્તચર સંસ્થાએ તેમને શીખ અંગરક્ષકો ન રાખવાની સલાહ પણ આપી હતી. ઑક્ટોબર ૧૯૮૪ના છેલ્લા દિવસોમાં તેઓ ઓરિસ્સા ગયેલાં. ત્યાં ૨૯ ઑક્ટોબરે મળેલી સભામાં બોલતાં તેમણે પોતાના લોહીના છેલ્લા બુંદ સુધી દેશની સેવા કરવાની અને એ દ્વારા દેશની એકતા જાળવવાની હાકલ કરી. આ શબ્દો જાણે કે તેમના અંતની આગાહીરૂપ હતા. ૩૧ ઓક્ટોબર ૧૯૮૪ના રોજ, ઇન્દિરા ગાંધીના નિવાસ સ્થાને, તેમના જ અંગરક્ષકો સતવંત સિંહ અને બિયંત સિંહે સુવર્ણ મંદિરમાં થયેલા હત્યાકાંડના બદલામાં કુલ એકત્રીસ ગોળીઓ ચલાવીને ઈન્દિરા ગાંધીની હત્યા કરી દીધી... ઇન્દિરાએ દુનિયામાંથી વિદાય લીધી, પણ એમનું નામ ઈતિહાસનાં પૃષ્ઠોમાં સુવર્ણ અક્ષરે અંકિત થઈ ગયું! ■

## કથા કોલાજ

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@

# સિદ્ધાર્થની વિદાયઃ હિમાલયમાં સમાધિ



મારિયોએ મારા માટે ખરીદી હતી ત્યાં મેં નૃત્ય શાળા બનાવવાનું કામ શરૂ કર્યું. જરાય સહેલું નહોતું જ. હું વારંવાર થાકી જતી, હતાશ થઈ જતી. રાજીવ ગાંધીએ સાંસ્કૃતિક વિભાગમાંથી ૨

(ભાગઃ ૮)

નામઃ પ્રોતિમા બેદી

સ્થળઃ માલ્પા (કૈલાસ માનસરોવર)

સમયઃ ૧૭ ઓગસ્ટ, ૧૯૯૮

ઉંમરઃ ૪૯ વર્ષ

રજનીના મૃત્યુ પછીનું વર્ષ ભયંકર હતું. મને જીવનમાં કોઈ જ રસ નહોતો. બરાબર આ વખતે મારિયો મારા જીવનમાં આવ્યો. હું મારિયોને બ્લાઈન્ડ ડેઈટમાં મળી હતી. હું ૩૫ વર્ષની થઈ ચૂકી હતી અને એ મારી પહેલી બ્લાઈન્ડ ડેઈટ હતી. હું એને તાજ 'રૂફટોપ'માં મળી ત્યારે અને મેં સફેદ સાડી પહેરી હતી તથા મોટો લાલ ચાંદલો કર્યો હતો. મે, ૧૯૮૩ની એક સાંજે આમ હું ને મારિયો મળ્યાં.

મેં ત્રણ અઠવાડિયા એને તલવારની ધાર પર રાખ્યો અને પછી જ્યારે હું પોતે જ વધારે થોભી ન શકી ત્યારે મેં એને કહ્યું, 'તું વિચારતો હોઈશ કે હું ઠંડી સ્ત્રી છું, (ફ્રીજીડ) પણ એવું નથી હોં!' અને પછી મેં એ સાબિત કરવાની કોશિશ કરી. એકમાંથી બીજી એમ ઘટનાઓ બનવા માંડી અને હું લગભગ રોજ સાંજે એને મળવા લાગી. એ એક મહિના માટે સ્વિટ્ઝર્લેન્ડ ચાલ્યો ગયેલો. ત્યારે એ મારા વિશે બિલકુલ વિચાર કરતો હશે કે કેમ એવો પ્રશ્ન મને થતો હતો. એની પત્ની અંગ્રેજ હતી અને તેને ચાર બાળકો હતાં.

એક દિવસ બપોરે અમે હોટલ પ્રેસિડેન્ટમાં લંચ લઈ રહ્યાં હતાં. ત્યારે એણે કહ્યું કે, એની સાથે ત્રણ અઠવાડિયાં ગાળવા માટે એની પત્ની અને બાળકો પંદરેક દિવસમાં મુંબઈ આવવાનાં છે. હું આ વાતે ખૂબ વ્યગ્ર થઈ ગઈ. એ પણ વ્યગ્ર થઈ ગયો હતો, પણ મારે આ પુરુષ પાસેથી શું જોઈતું હતું? શું હું એની જીવનસંગિની બનવા માગતી હતી? શું હું તેને હંમેશાની માટે ચાહી શકું તેમ હતી? એની પત્ની એનામાં ભાગ પાડવા દે તેમ નહોતું. એ મારા માટે એનું કુટુંબ છોડી દે અને પછી થોડાક મહિનામાં હું એનાથી કંટાળી જાઉં તો શું? પ્રેમ ક્યાં ઊડી જાય છે ને શા માટે એ વિશે શું કરી કોઈ કંઈ કહી શકે તેમ છે?

એ પરિસ્થિતિમાં હું બિલકુલ સ્વતંત્રતા ન અનુભવું અને છતાં મારી એને માટેની ઝંખના અતિશય હતી.

'મારિયો, હું તને છોડી દેવાની છું.' મેં કહ્યું, 'હું તને એટલું બધું ચાહું છું કે મારી સાથે રાખી ન શકું. હું દિલગીર છું પણ આજે આપણે છેલ્લીવાર મળી રહ્યાં છીએ.' મારી આંખોમાં આંસુ હતાં અને મેં અડધો જ પિત્ઝા ખાધો હતો. એણે એકદમ ખાવાનું બંધ કર્યું. એણે એની પ્લેટને ધક્કો માર્યો. એણે ટેબલની કિનાર પકડી લીધી અને એનાં આંગળાં સફેદ થઈ ગયાં.

એક અઠવાડિયા પછી મારિયોએ સ્કી કરવાના સ્થળેથી ફોન કર્યો. એના અવાજમાં દુઃખ અને અધીરાઈ જણાતાં હતાં. 'અમે ઘેર પાછાં જઈએ પછી મારે ઘર છોડી દેવાનું છે-બે અઠવાડિયામાં લીગલ સેપરેશન કરવાનું છે કાયદાથી છૂટા રહેવાનું!'

'શું? આટલા જલદી?'

'એ ડિવોર્સ નથી, માત્ર લીગલ સેપરેશન જ. મને થાય છે મારે કોઈ દોસ્ત હોત તો કેવું સારું થાત, એને બધી વાત કરત. એકલા હોવું અસહ્ય છે.'

દરમિયાનમાં મેં સિદ્ધાર્થને સમજાવ્યો, 'મારિયાને મારી જરૂર છે. અત્યારે એને મારી ભયંકર જરૂર છે. તમારા માટે મોજમસ્તીનું એક વધુ અઠવાડિયું રહેશે. તમે પંચગિની જશો! હું બધું સંભાળી લઈશ અને તમે પાછા સ્કૂલે જવાનાં હશો ત્યારે તમને સ્ટેશને છોડવા પણ આવીશ.' એણે ચૂપચાપ માથું હલાવ્યું.

પૂજા એકદમ તોફાને ચડી અને બરાડી ઊઠી, 'તું હંમેશાં બોયફ્રેન્ડ બદલ્યા કરે છે! શરૂઆતમાં મને એમ કે બીજા બધાના જેવું જેવું જ મારિયોનું પણ હશે, પણ તું એને વધારે ને વધારે ચાહતી થઈ ગઈ. ત્યાં સુધી કે અમારા કરતાં ય તને એની સાથે રહેવું વધારે ગમે છે હું એને ધિક્કારું છું.'

ભારત પાછા આવીને મારિયોએ એનું એન્જિનિયરિંગનું કામ ચાલુ રાખ્યું અને ફરી મેં મારું નૃત્ય શરૂ કર્યું. અમે હંમેશાં સાથે જ રહેતાં એટલે લોકોએ માની લીધું કે અમે પતિ-પત્ની છીએ. અમે ઔપચારિક રીતે પરણ્યાં નહોતાં, પણ લોકો એવું માને તેથી શો ફેર પડવાનો હતો.

માર્ચ, ૧૯૮૪માં મેં ગુરુ વેમ્પટ્ટી ચીન્ના સત્યમ સાથે મદ્રાસમાં કુચીપુડી નૃત્યની તાલીમ શરૂ કરી. મેં તાલીમ શરૂ કરી તે પહેલાં મેં અને મારિયાએ દરિયાકિનારે શનિ-રવિ ગાળ્યાં. દરિયો એટલો તો વાદળી હતો ને દરિયાકિનારો એકદમ સ્વચ્છ હતો અને અમે નક્કી કર્યું કે, કોઈ દરિયાકિનારે ખરીદેલી જમીન પર દસ વર્ષ પછી અમે અમારું ઘર બનાવીશું.

હું ને મારિયો સાથે ને સાથે. એકએક જગ્યાએ. પથારી પર, જમીન પર, ખુરશી પર, ટોઈલેટ સીટ પર, ફુવારા નીચે, દરિયાકિનારે, દરેક દરેક જગ્યાએ, એકએક જગ્યાએ. હું એને કહ્યા કરતી કે હું એને હરહંમેશ ઝંખ્યા કરું, એની પાસેથી સેક્સની અપેક્ષા રાખ્યા જ કરું એ શક્ય નહોતું. દરેક સવારે અમે થાકીને લોથ થઈ જતાં. અમે વારંવાર ગ્રાસ અને ડ્રગ લેતાં એથી અમારી ઉત્તેજના વધી જતી.

મેં જ્યારે મારિયો સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે પૂજાએ ભયાનક વિરોધ કર્યો, 'જોયું?' એ રડી પડી, 'તું અમને ઘરમાંથી અને તારી જિંદગીમાંથી બહાર ફેંકી દેવા માગે છે. તું શું માને છે મને શું થતું હશે જ્યારે કોઈ અમને ઈચ્છતું જ નથી? તને અમે નથી જોઈતાં અને પપ્પાને અમે નથી જોઈતાં. અમને ધક્કો મારીને રંગા અને બીજા બધા સાથે રહેવા મોકલી દો છો!' પછી તે ખૂબ જ રડી.

'પૂજા, તું દુઃખી થવા માગે છે. તારે સતત તારાં માથા કૂટવાં છે અને રડ્યા કરવું છે. કોઈ તને રોકી શકે તેમ નથી અને આપણે સિદ્ધાર્થ પણ છે! એ તારા જેવી જ પરિસ્થિતિમાં છે. એની પાસે એ જ વસ્તુઓ છે ને એ જ લોકો છે જે તારી પાસે છે. એ દુઃખી નથી થતો. તો પછી તું શા માટે થાય?'

'અલબત્ત, સિદ્ધાર્થ દુઃખી છે, એ ભયંકર દુઃખી છે.'

મેં સિદ્ધાર્થને અંદર બોલાવ્યો. એને હું ભેટી. એને મેં પૂછ્યું. એ બોલ્યો, 'હું તારી સાથે રહેવા માગું છું. જો તું મારિયો સાથે હોઈશ તો હું તારી જોડે રહીશ. મને તું જોઈએ છે. મારું દિલ એ નાનકા છોકરા તરફ વહી ગયું, એની લાગણી કેટલી ચોખ્ખી અને સરળ હતી. પૂજા લાંબા સમય સુધી શાંત રહી. હું સતત બોલતી રહી, એ ક્યાં ને કેવી રીતે ખોટી હતી તે એને કહેતી જ રહી.'

એ સાંભળતી રહી ને છેવટે બોલી, 'અચ્છા, તો મારે નક્કી કરવાનું છે કે હું સુખી થવા માગું છું કે નહીં. હું મારાથી બનતી કોશિશ કરીશ.'

'બસ સુખી રહે, મારી બેબી સુખી રહે.' મેં કહ્યું. અમે એકબીજાને ભેટ્યાં ને રડ્યાં. 'મહેરબાની કરીને મારિયોની આટલી ઈર્ષ્યા ન કર. તને દીકરી તરીકે ચાહું છું ને એ મારા જીવનનો આધાર છે, પ્લીઝ એની ઈર્ષ્યા ન કરીશ.'

હું નહોતી જાણતી કે આ વાતનો પડઘો બહુ ભયાનક પડશે. મેં બધું છોડીને નૃત્યગ્રામની સ્થાપના કરવાનું નક્કી કર્યું. મારી લાલ મારુતિમાં મુંબઈથી હેસારા ઘાટ પહોંચી ગઈ. જંગલની વચ્ચોવચ જે જમીન મારિયોએ મારા માટે ખરીદી હતી ત્યાં મેં નૃત્ય શાળા બનાવવાનું કામ શરૂ કર્યું. જરાય સહેલું નહોતું જ. હું વારંવાર થાકી જતી, હતાશ થઈ જતી. રાજીવ ગાંધીએ સાંસ્કૃતિક વિભાગમાંથી ૨ લાખ અને મણિશંકર ઐયરે થોડો ફાળો આપ્યો. મેં અનેક કાર્યક્રમો કર્યા અને ધીમે ધીમે પૈસા ભેગા કરવાની શરૂઆત કરી. મારા ગુરુ કેલુચરણ મહાપાત્રએ એમના પુત્રને પોતાના પ્રતિનિધિ તરીકે મોકલ્યા અને બીજા અનેક લોકો સાથે આવ્યા. નૃત્યગ્રામનો પ્રારંભ થયો. મેં મારિયોને એકવાર કહેલું કે, જો ખરેખર આ પ્રોજેક્ટ શરૂ થશે તો હું બદલાઈ જઈશ... એમ જ થયું!

હું નૃત્યગ્રામમાં ઓતપ્રોત હતી ત્યારે શિબૂએ (કેલુચરણ મહાપાત્રના પુત્ર)એ નૃત્યગ્રામમાં આર્થિક ગોટાળા કર્યા. છાપામાં એના સમાચાર છપાયા. એ સારો શિક્ષક નહોતો અને સારો માણસ પણ નહોતો, જેથી મારે એને કાઢી મૂકવો પડ્યો. ગુરુજી સાથેના સંબંધો બગડ્યા અને જે થયું તે સારું થયું કારણ કે એ પછી મને નૃત્યગ્રામ માટે ઉત્તમ શિક્ષકો મળ્યા. કથક માટે કુમુદીની લાખિયા, અભિનય માટે કલાવિહીન નારાયણ, યોગ માટે બાલાજી અને સર્જનશીલ નૃત્ય માટે રંજબાતી સરકાર... નૃત્યગ્રામ ખૂબ સુંદર રીતે આગળ વધવા લાગ્યું, પરંતુ સૌથી ખરાબ એ થયું કે મારા અને મારિયોના સંબંધ પૂરા થઈ ગયા. આ મારી જિંદગીની એક કરુણા છે. હું જ્યારે ક્યાંક આગળ વધુ ત્યારે પાછળ કશુંક છૂટી જ જાય છે!

નૃત્યગ્રામ સુંદર રીતે આગળ વધવા લાગ્યું, પરંતુ સિદ્ધાર્થ જ્યારે પાછો આવ્યો (અમેરિકાથી) ત્યારે એ ડિપ્રેશનમાં હતો. એનું માનવું હતું કે મેં મારા 'લફરાં' અને નૃત્યને કારણે એની અવગણના કરી હતી. પૂજા પણ એમ જ માનતી હતી. બંને છોકરાંઓ જાણેઅજાણે એમના જીવનની મુશ્કેલીઓ માટે મને જવાબદાર ઠેરવતા હતા.

લોસ એન્જેલેસમાં ૧૯ જુલાઈ, ૧૯૯૭ના દિવસે સિદ્ધાર્થે આત્મહત્યા કરી. એણે ચિઠ્ઠી લખી હતી.

'ખેર, આ હકીકત છે. મહેરબાની કરીને કોઈ દોષભાવના અનુભવશો નહીં. આ કાબૂમાં લેવાની મારી રીત છે. હું બહાર થઈ ગયો છું, કદાચ વિચિત્ર લાગે તેવું છે. હું ખુશ થઈને જાઉં છું, દુઃખી નહીં. હું બીજી બાજુની શોધ ન કરી શક્યો. જો પુનર્જન્મ હોય તો હું આશા રાખું છું કે હું ટેકનિકલ જિનિયસ-પ્રતિભાની શક્તિઓ સાથે પાછો આવું. આપણે જે સમયમાં રહીએ છીએ તે ખૂબ જ ઉત્તેજનાત્મક છે. તમને થોડોક ગુસ્સો ચડશે તેની મને ખાતરી છે... પણ હું આશા રાખું છું કે એ જલદીથી પસાર થઈ જાય. બુઈ, હસતી રહેજે... બેબીની સાથે ગુડ લક. હું તને સૌથી વધારે ચાહું છું. તારા જાડા ગાલ પર મોટી ચૂમીઓ... પ્લીઝ, ગુસ્સે ન થતી.

બધાને પ્રેમ.

સિદ્ધાર્થ

રિચ્યુઅલ્સઃ

મૃત્યુ સાથે સંકળાયેલ ખર્ચ માટે હજાર ડૉલરનો ચેક મૂકી જાઉં છું. ભારતમાં પણ ભારતમાં. દાટશો તો નહીં જ. મારામાંની કોઈક સમજ ભારતમાં મારું શરીર પડેલું રહે તેવું ઈચ્છતી નથી.

નોંધઃ હું મારા ભવિષ્યનો વિચાર કરું છું ત્યારે મારી નાડી ઝડપથી ચાલવા માંડે છે. કશુંક ભવ્ય, કશુંક મહાન મારા માટે આગળ પડ્યું છે. હું એ અનુભવી શકું છું, પણ એ શું હોઈ શકે? ભવિષ્ય તરફ નજર કરવાની લાલચ જબરજસ્ત છે. જિંદગી મને ક્યાં લઈ જઈ રહી છે? મારું મૃત્યુ જાગૃત થયા પછી હશે? હું મારાં મૃત્યુનાં વારંવાર સપનાં જોઉં છું. હું આશા સેવું છું કે હું હિંમતથી જાઉં, એક ચેતનવંતા, સ્વસ્થ-શાંત મન સાથે.

(આ પછી થોડે વખતે પ્રતિમા કૈલાસ માનસરોવરની તીર્થયાત્રા પર નીકળી. રસ્તામાં ૧૭ ઓગસ્ટ, ૧૯૯૮એ એ ભૂખંડપ્રાતમાં મૃત્યુ પામી.) (સમાપ્ત)■



ફેશન
નિધિ ભટ્ટ
feedback.ladki@bombaysamachar.com

# હાફ સાડી લગાવશે નારીની સુંદરતામાં ચાર ચાંદ

**સાઉથમાં** હાફ સાડી પહેરવાની પરંપરા છે. એમાં પણ કાંજીવરમ સાડીનો ટ્રેન્ડ છે. આ હાફ સાડીને મોટા ભાગે યુવાન મહિલાઓ અને ટીનેજર છોકરીઓ પહેરે છે. કોઈપણ ફંકશન હોય એમાં આ હાફ સાડીનો ઉઠાવ મનમોહક હોય છે. એમાં પણ વાળમાં ગજરા લગાવ્યા હોય તો નારીની સુંદરતા તો સોળે કળાએ ખીલી ઊઠે છે. આજે આપણે અહીં આ હાફ સાડી વિશે વિસ્તારપૂર્વક જાણીશું.

આ હાફ સાડી સાઉથમાં અલગ-અલગ નામોથી ઓળખાય છે. તેલુગુમાં તેને 'લંગા વોની' કહેવાય છે. તો તામિલમાં 'પાવસાઈ ધવની' અને કર્ણાટકમાં તેને 'લંગા દાવણી' કહે છે. આ સાડીને લહેંગાની જેમ પહેરવામાં આવે છે. એની બ્લાઉઝ પરની ડિઝાઇન પણ આકર્ષક લાગે છે. આ સાડીમાં રંગો પણ અનેક જોવા મળે છે. એમાં પણ કાંજીવરમની તો વાત અને ઇતિહાસ જ ન્યારો છે. તામિલનાડુના કાંચીપુરમ ગામમાં બનાવવામાં આવતી કાંજીવરમ સાડીના પ્રકાર, કલર, ડિઝાઇનને કારણે એનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. આ સાડી લાલ ધાગા સિવાય તૈયાર નથી થતી. એથી એ ઑરિજિનલ છે કે નહીં એ જોવા માટે તેના ધાગા તપાસવા જોઈએ. સાથે જ આ સાડી ખૂબ મુલાયમ હોય છે. લાલ, ગ્રીન, પીળી, જાંબળી, વાદળી અને સફેદ રંગની કાંજીવરમ સાડી ખૂબ લોકપ્રિય છે. એમાંથી તૈયાર થનારી હાફ સાડી પણ ખૂબ આકર્ષક દેખાય છે. આ હાફ સાડીની સાથે ઑક્સિડાઇઝની જ્વેલરી અને પગમાં મોજડી પહેરવાથી ગેટ-અપ પૂરો થઈ જાય છે.

કાંજીવરમ સાડીનો ઈતિહાસ પૌરાણિક કથામાંથી મળી આવે છે. જગપ્રસિદ્ધ વિજયનગર સામ્રાજ્યના સમયથી આ કળાનો જન્મ થયો છે. આ સાડીની ભવ્યતા અને નકશીકામને કારણે એ ખૂબ ફેમસ છે. આ સાડી બનાવવા માટે નરમ રેશમી કાપડનો ઉપયોગ કરવામાં આવે છે. આ સાડીમાં સૂર્ય, ચન્દ્ર, રથ, મોર, પોપટ, રાજહંસ, સિંહ, આંબા, પાન જેવી ડિઝાઈન બનાવવામાં આવે છે.

એક સાડી બનાવવામાં પંદર થી ત્રીસ દિવસનો સમય લાગે છે. સાથે જ સાડી પર કેવા પ્રકારનું નક્શી કામ કરવામાં આવે છે એના પર પણ સાડી બનાવવાનો સમય આધાર રાખે છે.

આ સાડીની વિશેષતા એ છે કે એનો પાલવ અને કિનારી અલગ વણવામાં આવે છે અને બાદમાં એને સાથે જોડવામાં આવે છે. એક સાડીનો વજન અંદાજે બે કિલો હોય છે. આ સાડી મજબૂત અને સૌથી વધુ ટકાઉ ગણવામાં આવે છે. તો હવે તમે પણ વિવિધ ફંક્શનમાં અલગ દેખાવા માટે કાંજીવરમની હાફ સાડી પહેરજો, જે તમને હટકે લુક આપશે.

**કેવી રીતે થઈ શકે અસલી નકલી કાંજીવરમની સાડીની ઓળખ**

**ધાગાથી થઈ શકે અસલી કાંજીવરમની ઓળખઃ** અસલી કાંજીવરમ સાડીને બનાવવા માટે રેશમના ધાગાનો ઉપયોગ કરવામાં આવે છે. રેશમના આ ધાગાની બનાવટ ઝીણી દાણાદાર હોય છે.

**ચમકથી પણ ઓળખાય જાય છે :** કાંજીવરમ સાડી અસલી છે કે નકલી એ એની ચમકથી પણ ઓળખી શકાય છે. અસલી કાંજીવરમ સાડીમાં હેવી વર્ક હોય છે, જે ખૂબ શાઇન કરે છે. એમાં મોગલથી પ્રેરિત ડિઝાઇન હોય છે. સાડીને અનેક વખત ધોવા છતાં પણ એની ચમક ઘટતી નથી.

**સિન્થેટિક ફેબ્રિકનો નથી થતો ઉપયોગઃ** અસલી કાંજીવરમમાં લાઇટ સિલ્કના મટિરિયલ્સનો ઉપયોગ થતો હોવાથી એ વજનમાં ખૂબ હલકી હોય છે. જોકે નકલી સાડીમાં સિન્થેટિક ફેબ્રિકનો ઉપયોગ થાય છે, જે ખૂબ સસ્તું હોય છે. ■

# ફેશનને કારણે વધી રહ્યો છે ધરતી પર બોજ

ફેશન પ્લસ
રશ્મિ શર્મા
feedback.ladki@bombaysamachar.com

શું ફેશનેબલ કપડાં માટેની આપણી ઈચ્છા પૃથ્વી પર બોજ વધારી રહી છે? પર્યાવરણ માટે ટકાઉ ફેશન શા માટે મહત્ત્વપૂર્ણ છે?

ફેશનેબલ વિ સસ્ટેનેબલ ક્લોથ્સ - આજકાલ લોકો દર અઠવાડિયે કે મહિને ઘણી વખત ફેશનેબલ કપડાં ખરીદે છે. જ્યારે, થોડા સમય પહેલા સુધી, લોકો તહેવારો દરમિયાન અથવા કોઈ ખાસ પ્રસંગે ટકાઉ કપડાં ખરીદતા હતા. ત્યારે કપડાં લાંબો સમય ટકી રહે તેની ખાસ કાળજી રાખવામાં આવતી હતી.

આજકાલ બદલાતી ફેશન પ્રમાણે કપડાં ખરીદનારા લોકોની સંખ્યા મોટી છે. આવા લોકો ક્યારેક મહિનામાં બે થી ત્રણ વાર ખરીદી કરવા જાય છે. ફેશનેબલ કપડાં નિઃશંકપણે જોવામાં અને પહેરવામાં સારા લાગે છે, પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે તે આપણા ગ્રહ પૃથ્વી અને આપણા પર્યાવરણ પર નકારાત્મક અસર કરી રહ્યા છે. તે જ સમયે, જો આપણે થોડાં વર્ષો પહેલાનો વિચાર કરીએ તો, લોકો ફક્ત તહેવારો અથવા કોઈ ખાસ પ્રસંગે કપડાં ખરીદતા હતા. આમાં, ટકાઉપણું ધ્યાનમાં રાખવામાં આવ્યું હતું. બીજા શબ્દોમાં કહીએ તો, કપડાં ખરીદતી વખતે, આવા લોકો જોતા હતા કે તે કેટલા ટકાઉ છે. ફરી એકવાર આપણે ટકાઉ કપડાં પર પાછા ફરવાની જરૂર છે.

ભારતમાં ફેશનેબલ કપડાં બનાવતી લગભગ ૭૦ હજાર બ્રાન્ડ્સ છે. તે જ સમયે, ત્યાં ખૂબ જ ઓછી બ્રાન્ડ્સ છે જે પર્યાવરણને અનુકૂળ ટકાઉ કપડાં બનાવે છે. સૌથી પહેલા આપણે સમજીએ કે ઝડપી કે ફેશનેબલ ફેશન શું છે? આનાથી નુકસાન શું છે? ફેશનેબલ અથવા ઝડપી ફેશન હેઠળ, આવાં કપડાં બનાવવામાં આવે છે જે બદલાતાં વલણો અનુસાર હોય છે. આ ઉપરાંત ઓછા સમયનું ઉત્પાદન અને ઓછા ભાવને પણ ધ્યાનમાં રાખવામાં આવે છે. આમાંના મોટાભાગના કપડાંની ગુણવત્તા બહુ સારી નથી. તે જ સમયે, મોટાભાગની બ્રાન્ડ્સ પર્યાવરણ પર તેની નકારાત્મક અસરને ધ્યાનમાં લેવાનું ભૂલી જાય છે.



**પર્યાવરણને ટકાઉ કપડાંથી ફાયદો થાય છે**

ઓછા ભાવને કારણે લોકો જૂનાં કપડાં છોડીને બદલાતા ટ્રેન્ડ પ્રમાણે નવાં કપડાં ખરીદવામાં બહુ અચકાતા નથી. આ સસ્તા કપડા માટે આપણે ઓછી કિંમત ચૂકવવી પડે છે, પરંતુ પર્યાવરણ અને તેમને બનાવનારા કામદારોએ તેની ભારે કિંમત ચૂકવવી પડે છે. ટકાઉ ફેશનમાં, કંપનીઓ આવાં કપડાં બનાવે છે, જે માત્ર પ્રદૂષણ ઘટાડે છે પરંતુ જે લોકો તેને બનાવે છે તેના વિશે પણ જાગૃત છે. બીજા શબ્દોમાં કહીએ તો, ટકાઉ કપડાં બનાવતી કંપનીઓ તેમના કામદારો પ્રત્યેની તેમની નૈતિક જવાબદારીઓનું સંપૂર્ણ પાલન કરે છે. કુદરતી અને કાર્બનિક કાચી સામગ્રીનો ઉપયોગ ટકાઉ ફેશનમાં થાય છે. ■

# ગજગામિનીનો ફેશન-શો

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

'સાંભળો છો?'

'કાન સાબુત છે. ક્યારના સાંભળો છો...સાંભલો છે? કહી કહીને બહેરો કરી દેશે. બોલો, ફરમાવો'

'મારો આ વખતનો લેખ જોરદાર છે.' તમે વાંચશો તો મારા ઉપર આફરીન થઈ ઊઠશો.' (આફરો નથી ચડ્યો મને, તે હું તારા ઉપર આફરીન થઈ જાઉં! એ માટે તો સામેવાળી શું ખોટી છે?)

મારા લેખનો વિષય જ એટલો અફલાતૂન છે કે... શું કહું તમને... (કશું જ ના કહે તેમાં જ મજા છે.) હું આટલું બધું બોલી, તેનો જવાબ તો આપો. મોંમાં મગ ભરેલા છે?'

'તું ક્યાંક અલ્પવિરામ કે પૂર્ણવિરામ જેવું કંઈક લે, તો હું એ ગેપમાં કંઈ બોલું ને...'

હું કહેતી હતી કે મારો લેખ વાંચીને વ્હોટ્સ એપ ઉપર મેસેજ પર મેસેજ ને ફોન ઉપર ફોન આવશે. એટલો અફલાતૂન ને જોરદાર લેખ છે, પણ તમે મને લેખનું નામ તો પૂછ્યું જ નહીં!

'તે મારી આટલી સુંદર પત્નીનો લેખ અને એ શીર્ષક પણ એના જેવું જ સુંદર (અફલાતૂન-જોરદાર) જ હશે ને! આટલા વર્ષે વગર પૂછ્યે જ સમજી જાય તે જ ખરેખર પતિ!' (પતી જાય.)

'બે દિવસ પછી જોજો. મારા નામની ઇન્કવાયરી શરૂ થશે. લોકો બારણા ખખડાવશે. (બારણા ખખડાવશે તો જામીન હું નથી થવાનો કે છોડાવવાના પૈસા પણ ભરવાનો નથી.) તમારું કોયલું મોઢું જોઈને લાગે છે કે તમને પણ મારા દુશ્મનની જેમ મારી જલન થાય છે. ખરું ને? આખરે તમે બધા ભાઈઓ સરખા. બહેનોની પ્રગતિ તમારાથી ખમાતી નથી. ખરું ને? સાચી વાત છે ને?'

બે દિવસ બાદ બારણે ટકોરા પડ્યા. બે વાર ટકોરા થયા એટલે પતિદેવ અંદરથી ચિલ્લાયા.

'બહાર ટકોરા પડે છે. જરા ગજગામિની કાયાને કાર્યરત કરો અને દ્વાર ખુલ્લા કરો. કદાચ તમારાં પ્રશંસકોની બહાર લાઇન લાગી હશે!'

(ગજગામિની બેઠાં બેઠાં ચોતરફથી ચરબીનો કબજો જમાવીને ફૂલ્યાં ફાલ્યાં છે. તે જલદી ચાલે પણ કઈ રીતે?)

બારણું ખોલતાં જ ચાર- પાંચ બહેન સુનામીની જેમ ઘરમાં ધસી આવ્યાં.

(ક્યારનાં દ્વાર ઉપર ઊભાં ઊભાં એમને પણ પગે પાણી જો ઊતર્યાં હતાં!) પૂછ્યા વિના જ, જ્યાં જગ્યા મળી, ત્યાં ફટાફટ બેસીને સમદુખિયણોએ હાંફી લીધું. (જો કે અમારી ગજગામિની પણ બારણું ખોલીને હાંફી ગયાં હતાં.)

બધાના શ્વાસ ધીરે ધીરે હેઠા બેઠા. પછી એક ભવ્યાતીત બહેને ઘોઘરા ને મોટા અવાજે શરૂ કર્યું.

'અમે 'નારી ઉદ્ધાર' સંસ્થામાંથી આવીએ છીએ. નારીઓનો બધા પ્રકારનો ઉદ્ધાર કરવાનું અમારું મહત્ત્વનું કાર્ય છે.'

(એ તો તમારી કાયા ઉપરથી જ દેખાય છે!)

અમે બીજી પોકળ અને ફેક નારી સંસ્થાઓની જેમ પત્તા, કેરમ કે હા... હા હી... હી માં સમય પસાર કરતાં નથી.' પછી જાણે કંઈ યાદ આવ્યું હોય તેમ, 'હું તો તમને પૂછવાનું ભૂલી જ ગઈ. તે પેલાં ગુજરાતી નારીરક્ષણ પેપરમાં નારીલક્ષી કોલમ લખનાર કામિનીબહેન નામનાં લેખિકા આ ઘરમાં જ રહે છે ને?'

(બહાર નામ સાથે કામિનીજીનો ફોટો પણ મૂક્યો છે. છતાં આ બુદ્ધિજીવિનીઓ આવો પ્રશ્ન પૂછે છે!)

'એમનો આ વખતનો લેખ 'કાયા તો કમનીય જ હોવી જોઈએ' એટલો બધો જોરદાર છે, કે અમે નક્કી કરી જ લીધું કે અમારાં ગ્રૂપની બહેનોની કાયા રાતે ન વધે એટલી દિવસે વધે છે. ઘેરાવો હવે માઝા મૂકીને અફાટ દરિયાની જેમ ઘૂઘવે છે. દશે દિગંતમાં મન ફાવે તેમ બેકાબૂ બની, એ... તારે... જાય ચાલી. હવે એનું કંઈક તો કરવું જ રહ્યું. અમને હવે કામિનીબહેન ક્યાં છે તે જલદી કહો.... અમારી બધી બહેનો એમનો લેખ વાંચીને કામિનીબહેન પાસે પાતળા બનવાનો ઉપાય જાણવા માગે છે.'



બોલી બોલી થાક્યાં પછી એકને બ્રહ્મજ્ઞાન થયું. 'હવે બધાં ચૂપ રહો. આ બહેન પણ અહીં કામિનીબહેનનો લેખ વાંચીને એમને મળવા આવ્યાં લાગે છે. એમને જ પૂછીએ કે કામિનીબહેન ક્યાં મળશે?'

'વહાલી બહેનો, હું જ કામિનીબહેન છું. 'કાયા તો કમનીય જ હોવી જોઈએ' એ લેખ મેં જ લખ્યો છે.!

એક બહેન પહેલાં તત... ફફ... કરીને માંડ માંડ ઘોઘરા અવાજે બોલ્યાંઃ 'ખરેખર...? બહેન, તમે કામિનીબહેન જ છો કે પછી કંઈક મજાક કરો છો?' બોલતાં બોલતાં એણે બીજીને કોણી મારી.

(બહુ બોલતી હતી... તે હવે બોલને. જીભડી ક્યાં લપાઈ ગઈ? ફેશન - શોના ઉદઘાટનમાં આ મહાકાય કામિની થોડી કામણ કરી શકશે? કોઈ બહાનું કામે લગાડ.)

'કામિનીબહેન, તમારો લેખ તો અમને બહુ જ ગમ્યો. અમે સંસ્થામાં એનું બધી બહેનો સામે વાંચન પણ કર્યું. બધાને પ્રેરણા પણ ખૂબ મળી છે.' ટોળામાં એકને બોલવાનો મોકો મળ્યો નહોતો. એવી બહેન મોકો મળતાં જ, વિચાર્યા વિના બોલી પડ્યાંઃ 'અમે તો તમને ફેશન શોના ઉદઘાટન માટે રિબીન કાપવા અને ભાષણ કરવા માટે આમંત્રણ આપવા આવ્યાં હતાં. પણ... પણ...' (અમને ક્યાં ખબર હતી કે કામિની કમનીય નહીં, પણ કમાન તોડીને ચોમેર ફેલાયેલ...) કામિનીબહેને આગળ ચલાવ્યું કે, 'હું રિબીન કાપવા કે ભાષણ કરવાનું કવર લેતી નથી. બહેનોની સંસ્થા એટલે મારી સંસ્થા...' (બહેન, કવર તો શું, કવર વગર પણ તને ફેશન શોની રિબીન કપાવવા ઊભી રાખે તો ફેશનની સાથે બહેનોના પ્રોગ્રામનો પણ ફલોપ શો થાય. એનું શું?)

'હા, તો કામિનીબહેન, અમે તારીખ નક્કી કરીને ફરી આવીશું.'

બસ, એ પછી એ બહેનો એવું મોં ફેરવી ગઈ કે ઘરે જઈને આખેઆખો ફેશન-શો જ રદ કરીને, 'ભજન કરવાના ફાયદા' નામનો પ્રોગ્રામ રાખી લીધો અને યોગાનુયોગ લેખિકા કામિનીએ પણ 'ભજન કરવાથી ચિત્તને શાંતિ મળે છે.' એવો લેખ હવે ઘસડી માર્યો છે! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# ટીનએજમાં આપો એકમેકને ઈમોશનલ સપોર્ટ



**ક્લાસમાં** આવતાવેંત સુરભીએ આજે બહુ મોટા મુદ્દા ઉઠાવ્યા વગર ટીનએજ ગર્લ્સના નાના-નાના પ્રશ્નો કે જેમાંથી એમણે ધરાર પસાર થવું પડે છે એ ટોપિક પર વાત કેન્દ્રિત કરી.

એકદમ સામાન્ય ગણાતી એવી વાતો કે જેનાથી તરુણીઓ હેરાન થતી રહે, પણ કોઈ સાથે શેર ના કરી શકે એના પર ફોકસ કરવું સુરભીને વધુ યોગ્ય લાગ્યું.

ટીનએજમાં બેદરકારી નામનો વણજોઈતો ગુણ પણ સાથે આવી ચડતો હોય છે, જેના લીધે ટીનએજર્સની જિંદગીઓમાં નાની-મોટી સમસ્યાઓ સર્જાવા લાગે , પણ તરુણો હોર્મોન્સના પ્રભાવ હેઠળ હોવાથી એની બહુ પરવા કરતા હોતા નથી. ભલે પછી ક્યારેક નુકસાન વેઠવાનો વારો આવી ચડે. ટીનએજના આવેગમય વર્ષો એમને સતત નિષ્ફિકર રહેવામાં વ્યસ્ત રાખે છે. આજે સુરભી પોતાના સ્ટુડન્ટ્સ સાથે એનાં અમુક ઉદાહરણ દ્વારા આ અંગે જ ચર્ચા કરવા માગે છે.

સુરભીની સ્કૂલમાં મોટાભાગે ઉચ્ચ વર્ગીય, ધનાઢ્ય પરિવારોના ફરજંદો ભણવા આવતા. બહારથી સુખી-સંપન્ન લાગતી આ તરુણીઓ પોતાની આંતરિક તકલીફોને સહજતાથી કહી શકવા અસમર્થ છે એવો ખ્યાલ એને વર્ષોથી આવી ચૂકેલો. આ હાઈ-ફાઈ વર્ગ પર આવતું સામાજિક પ્રેશર, ઘર અને કેરિયર વચ્ચે અસંતુલન, જેન્ડર ઈક્વાલિટી, એક્સ્ટ્રા મેરિટલ અફેયર, ટીનએજ અને મેનસ્ટ્રુએશનની મથામણ જેવા વિષય એમને સમજાવવા જ રહ્યા એવું એ દ્રઢપણે માનતી સુરભી વાતની શરૂઆત કરે છે બે ટીનએજ બહેનપણીથી નામે સ્વીટી અને ગાર્ગી.

સ્વીટી તરુણાવસ્થા દરમિયાન આવતા હોર્મોન્સના ઘોડાપૂરમાં તણાવા તૈયાર છે, પણ મેન્સ્ટ્રુએશન હજુ આવ્યું નથી એની ચિંતામાં ગરકાવ રહે છે. ગાર્ગી પોતાને વારંવાર ઓપોઝિટ જેન્ડર પ્રત્યે આકર્ષણ કેમ થતું રહે છે એમાં ગૂંચવાયેલી છે. સ્વીટીને કોચિંગ ક્લાસમાં આવતી જાનકીની ભારોભાર ઈર્ષ્યા થાય છે. જાનકીના પેરેન્ટ્સ એને ખૂબ સપોર્ટ કરે, એ હંમેશાં ભણવામાં અવ્વલ રહે એટલે સ્વીટીને એ ખૂંચ્યા રાખે. તો હમણાં નવી સવી બનેલી ગાર્ગીની ફ્રેન્ડ એવી ક્રિષ્ના તો એને દીઠી ના ગમે. સાવ નાના ગામમાંથી હમણાંજ શહેરમાં આવેલી ક્રિષ્ના એને તદ્દન ગામડિયણ લાગ્યા કરે એટલે સ્વીટી એની સામું જુએ પણ નહીં. આ તરફ ક્રિષ્નાના દિવસો એકલતાના અભિશાપથી છલોછલ છે. એને હંમેશાં એની ક્લાસમેટ એવી તન્વીની બળતરા હાય છે. તન્વી ટીનએજને માણતી બિન્દાસ્ત સ્પોર્ટ્સ પર્સન છે, જે સ્કૂલમાં ક્રિકેટની એક્કી ગણાય છે.

આ દરેક તરુણીના જીવનમાં દેખીતો કોઈ પ્રશ્ન છે નહીં. અન્યોની સરખામણીએ એક અથવા બીજી રીતે ખૂબ નસીબદાર ગણાય એવી છે. ક્રિષ્ના પાસે પૈસો છે તો તન્વી પાસે તરવરાટભર્યુ જીવન. જાનકી પાસે સખ્ત સપોર્ટિવ પેરેન્ટ્સ છે ને સ્વીટી-ગાર્ગીને વળી શું તકલીફ હોવાની એવું બધા માને છે..... મોં વકાસતા આટલું બોલી સુરભી અટકી એટલે ક્લાસમાં અમુક છોકરીઓને હસવું આવ્યું.

-પણ ના, આ બધા પાસે પોતપોતાના પ્રાણપ્રશ્નો છે. પાણીનો ઘૂંટડો ગળે ઉતારી સુરભીએ આગળ ચલાવ્યું. જેના જવાબો એમની પાસે છે નથી અથવા જો છે તો અતિ અઘરા છે. ક્રિષ્નાના માતા-પિતા ઘર તરફ તદ્દન બેધ્યાન રહે છે માટે એ અણસમજુ છોકરી સતત એકલતાથી પિડાતી રહે છે.સ્વીટીના ગ્રુપમાં આમ પણ ક્રિષ્ના પર કોઈ ધ્યાન આપતું નથી. મોટા શહેરના પોશ એરિયામાં રહી સેટલ થવાના ક્રિષ્નાના લાખ પ્રયત્નો છતાં આસપાસ કોઈના પણ વાઈબ્સ એની સાથે મેચ નથી થતા. સ્વભાવે જબરી સ્વીટીને સતત એવું લાગે છે કે એની મમ્મી કેરિયર બનાવવામાં વ્યસ્ત છે માટે પોતાની તરફ તદ્દન બેપરવાહ- બેજવાબદાર અને બેકાળજી ધરાવે છે.

સ્વીટીને આસપાસની તમામ ટીનએજર્સ નોર્મલ લાગે છે, માત્ર પોતાની જાત એને સતત એબનોર્મલ લાગ્યા કરે. એમાંય મેન્સ્ટ્રુએશન શરૂ કેમ નથી થયું એની તો વળી એક વધુ ચિંતા સ્વીટીને સતાવી રહી છે. ઘરમાં પેરેન્ટ્સ સામે એ ઘૂરકિયા કર્યા રાખે. તન્વીને સખ્ત ચાહનારા બોયફ્રેન્ડને એ સ્પોર્ટ્સ રમે એ જ પસંદ નથી. પોતાના સ્ટેટની સ્ટાર પરફોર્મર, ભવિષ્યમાં નેશનલ રમવા માટેની પ્રબળ દાવેદાર તન્વી એના માટે એક નમણી, દેખાવડી, સુંદર પ્રેમિકા છે બસ. આ બધામાં સૌથી ઓછી મુશ્કેલીઓમાં હોય તો એ છે ગાર્ગી. એને ના કોઈથી બહુ મુશ્કેલી છે કે ના કોઈ સાથે બહુ પ્રેમ. પણ, હા પ્રેમ કોને કરવો એ અંગે મૂંઝવણ ચોક્કસ છે.

આમ અમુક વખતે તરુણો એકબીજાને અલગ-અલગ રીતે તિરસ્કૃત કરતા રહેતા હોય છે, જેમકે જાનકીના સારા ગ્રેડ્સ સહન ના થતા સ્વીટી અને એના મિત્રો એના ચારિત્ર્ય પર આંગળી ઉઠાવતા અચકાતા નથી. તન્વીની પોતાના મિત્રો સામે એક સ્પોર્ટ્સવુમન તરીકે ઓળખાણ આપવામાં એનો બોયફ્રેન્ડ સતત અચકાતો રહે છે. આ બધી ટીનએજર યુવતીઓ પોતપોતાને નડતરરૂપ સમસ્યાઓના પહાડો ઓળંગી શકે છે કે નહીં એ જોવા-જાણવાની ઉત્કંઠા હવે ક્લાસમાં સહુને જાગી.... એટલે સુરભીએ વાત અટકાવતા કહ્યુંઃ આવી અનેક તન્વી, જાનકી, ક્રિષ્ના કે સ્વીટી-ગાર્ગી જેવી તરુણીઓ તમારી આસપાસ કે તમારી વચ્ચેજ બેસેલી હોય શકે છે, પણ તમે એને ઓળખી નથી શકતા.

એમની વાતો પરથી તમારે એટલું શીખવાનું છે કે, આ ઉંમરે એકબીજાને સપોર્ટ કરવો. કોઈને ઈમોશનલ ઈજા પહોંચાડવાની ચેષ્ટા કરવા કરતાં જાતને ઈમોશનલી ફિટ રાખવાની કોશિશ કરવી. ઘરમાં તકલીફ હોય તો મિત્રો સાથે ને મિત્રો સાથે સમસ્યા થાય તો ઘરમાં કોઈ સાથે એ વિશે જરૂર વાત કરવી. તન્વીની જેમ અત્યારથી કોઈ સંબંધના દબાણમાં આવી કેરિયર ખરાબ કરવી નહીં ને ગાર્ગી માફક નાહક મૂંઝાવુ નહીં.

આખો ક્લાસ સુરભીને સાંભળી રહેલો, પણ લેક્ચર પૂરો થવાનો બેલ થઈ ચૂક્યો હતો એટલે આ બધી છોકરીઓ કોણ હતી એવું જાણવાની ઉત્કંઠા અધૂરી રહી ગઈ અને સાથોસાથ હોમવર્ક પણ મળી ગયું કે બીજો લેક્ચર આવે ત્યાં સુધીમાં દરેકે આવી એક ટીનએજ તકલીફ વિશે પ્રોજેક્ટ બનાવવાનો રહેશે....

સહુને સુરભી ફરી ક્યારે આવે ને વાત આગળ વધારે એ જાણવાની જિજ્ઞાસા છે -ભારોભાર ઉત્સુકતા પણ છે. ■

પ્રકરણ ૭૧



# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

'ગાયત્રી, તું રેવતી અને જમાઈબાબુને મૂકવા ગઈ હતી?'

બધા પોતપોતાના કમરામાં રવાના થઈ ગયા બાદ જગમોહને પ્રશ્ન કર્યો.

'ના, રેવતીએ જીદ કરી કે અમે એકલાં ચાલ્યા જશું, તમારે આવવાની જરૂર નથી.' ગાયત્રીએ જવાબ આપ્યો.

'હં... અ...' બોલીને જગમોહન વિચારમાં પડી ગયો.

'કાકુ, તમારે પોલીસ સ્ટેશને ફોન કરીને ઘરની આસપાસ પોલીસ બંદોબસ્ત માટે ગોઠવણ કરવાની છે. વિક્રમભાઈની પણ વાત કરવાની છે.' ગાયત્રીએ યાદ દેવડાવ્યું.

'હા, મને યાદ છે...'

એ જ સમયે પૂજા હોલમાં દાખલ થઈ.

'પપ્પા, માફ કરજો, તમને ડિસ્ટર્બ કર્યા...

'ના...બેટા, બોલો, બોલો, શું કામ હતું?' જગમોહને પોતાની મોટી વહુને પૂછ્યું.

'પપ્પા, મારું મન કહે છે કે એમણે કોઈનું ખૂન કર્યું નથી. એમને કોઈએ ફસાવ્યા છે, જો તમે કંઈક કરો તો એ જલદી છૂટી જશે, બાકી પપ્પા...' પૂજા થોડી ક્ષણ અટકી ગઈ.

'હા... હા... બોલો બેટા, તમારે સંકોચ રાખવાની કોઈ જરૂર નથી...'

'પપ્પા, એ જતાં જતાં જે તમારી સામે બોલતા ગયા એ માટે હું માફી માગું છું. એમના મનમાં કંઈ નથી, એ ફક્ત ગુસ્સામાં.....' પૂજાએ પતિનો બચાવ કર્યો.

'બેટા, હું મારા દીકરાને ક્યાં નથી ઓળખતો? તમે વિક્રમની ફિકર નહીં કરો. હું હમણાં જ

'પોલીસ કમિશનરને ફોન કરું છું.'

'અને એક બીજી વાત, પપ્પા...' પૂજાએ ખચકાતાં અચકાતા કહ્યું.

'હા, બોલો...' જગમોહને ફોન હાથમાં લેતાં કહ્યું.

'પપ્પા, બે-ત્રણ દિવસ તમારા માટે ભારે છે. તમે ખાસ સંભાળ લેજો. જરૂર પડે તો ઘરમાં-આસપાસમાં પોલીસ સિક્યુરિટી બેસાડી દેજો....!

************

'તમે જઈ શકો છો... મિસ્ટર વિક્રમ દીવાન...'

પોલીસ સ્ટેશનના ઑફિસર ઇન્ચાર્જે વિક્રમ સાથે હસ્તધૂનન કર્યું. થોડી મિનિટો પહેલાં એક કોન્સ્ટબલ આવીને વિક્રમને પોલીસ લોકઅપમાં ખબર આપી ગયો હતો કે તમને છોડવાનો ઉપરથી હુકમ આવી ચૂક્યો છે.

'સાહેબ', વિક્રમે ઓ.સી.ને પૂછ્યું, થોડા કલાકો પહેલાં તમને ખાતરી હતી કે હું એક ખૂની છું...હવે અચાનક હું તમને નિર્દોષ કેવી રીતે લાગવા માંડ્યો?'

'તમે સવારના ખૂની નહોતા અને હમણાં નિર્દોષ પણ નથી. આ તો ઉપરથી અમારા કમિશનર રવિ શ્રીવાસ્તવનો ફોન આવ્યો એટલે નો કોમેન્ટ્સ'બાકી કોઈ કબીર નામના ભૂતપૂર્વ પોલીસ ઑફિસરે અમારા સાહેબને ફોન કર્યો હતો એટલે... '

'ઓ.કે. થેન્કસ, મારી જ્યારે પણ જરૂર પડે તો મને ફોન કરી દેજો. હું હાજર થઈ જઈશ.' વિક્રમે કહ્યું.

'મિ. દીવાન, એક છેલ્લો પ્રશ્ન...જો શ્યામલી ચક્રવર્તીનો અકસ્માતાને કમોત પાછળ તમે નથી તો તમારા મત મુજબ કોણે હોઈ શકે?' ઑફિસર ઇન્ચાર્જે પ્રશ્ન પૂછી નાખ્યો.

'સાહેબ, પહેલાં એ નક્કી થવું જોઈએ કે આ આખરે એક ખૂન હતું કે અકસ્માત...અને હા, મારી વિરુદ્ધ જેણે ફરિયાદ નોંધાવી એની થોડી ઊંડી પૂછપરછ કરશો તો કદાચ વધુ જાણવા મળશે!'

પોલીસ સ્ટેશનની બહાર આવીને વિક્રમે કબીરને ફોન જોડ્યો.

'કબીર અંકલ, થેન્કસ, મને છોડાવવા બદલ... મારા સગા બાપે મને મદદ કરવાની ના પાડી દીધી ત્યારે તમે મારી પડખે ઊભા રહ્યા... થેન્કસ, રિયલી...' વિક્રમનો ગદગદિત થઈ ગયો.

'વિક્રમ દીકરા, તારી ભૂલ થાય છે. તારા બાપે જ મને કમિશનર સાથે તારા વિશે વાત કરવા કહ્યું. જગ્ગે ઇચ્છતો હતો કે તું જેમ બને તેમ જલદી પોલીસ સ્ટેશનેથી ઘેર પાછો આવી જાય.!' કબીરે ખુલાસો કર્યો.

'ના અંકલ, હું મારા પપ્પાને ઓળખું છું. સિદ્ધાંતની વાત આવે છે ત્યારે સંતાનોને પણ કોરાણે મૂકી દે છે. એની વે, થેન્કસ અગીઈન, કબીરઅંકલ.'

બંને વચ્ચે વાત પૂરી થઈ.

'હવે? ક્યાં જવું? ઘરે...?' વિક્રમને આટલા જલદી ઘરે જવાની ઇચ્છા નહોતી.

શ્યામલી...!

વિક્રમને શ્યામલી યાદ આવી ગઈ. કાશ..આજે શ્યામલી જીવતી હોત તો...તો એ અચૂક એના ફ્લેટ પર પહોંચી ગયો હોત...

વિક્રમને અચાનક દાઢીવાળો યાદ આવી ગયો. ઇન્સ્પેક્ટર પ્રમાણિકે કહ્યું હતું કે દાઢીવાળો મૌલાલી વિસ્તારના 'ડિવાઇનગેસ્ટહાઉસ' માં રહે છે. વિક્રમે ટેક્સી કરી :

'મૌલાલી...!'

***************

રાતના બધાં ડાઇનિંગ ટેબલ પર બેઠાં હતાં ત્યારે કમરામાં ભારેખમ મૌન છવાયેલું હતું.

'તમે તો કહેતા હતા કે પોલીસ કમિશનર સાથે વાત થઈ ગઈ છે તો વિક્રમ હજી સુધી આવ્યો કેમ નહીં?' પ્રભાએ પૂછ્યું.

'પોલીસે તો વિક્રમને ક્યારનોય છોડી મૂક્યો છે. કબીરનો પણ ફોન આવી ગયો કે વિક્રમે થાણામાંથી નીકળ્યા બાદ એની સાથે પહેલાં વાત કરી હતી. પણ પછી એ ક્યાંક ગયો છે...' જગમોહને જવાબ આપ્યો.

'ક્યાં ગયો હશે મારો દીકરો?' પ્રભાએ ચિંતા વ્યક્ત કરી.

'જ્યાં પણ હશે ત્યાંથી ઘરે જ આવશે. તમે ફિકર નહીં કરો...' જગમોહને દિલાસો આપ્યો.

'એ નારાજ થઈને હંમેશ માટે ઘર છોડીને જતો રહ્યો હશે તો...' પ્રભા બોલી.

'શું મમ્મી, વિક્રમભાઈ એટલા નબળા નથી, એ આવતા હશે.' કરણ બોલ્યો.

'હા મમ્મી, એ ઘરે જ આવશે, બીજે ક્યાંય નહીં જાય...' પૂજાએ પણ સૂર પુરાવ્યો.

ગાયત્રી વિચારતી હતી. હવે એ જાય ક્યાં? શ્યામલી તો.....

એ જ વખતે કોલબેલ વાગતાં કરણ ઊઠીને દરવાજો ખોલવા ગયો. થોડી વારમાં એ વિક્રમને દોરીને અંદર લઈ આવ્યો.

'લ્યો, મમ્મી, આ તમારો લાડકો દીકરો આવી ગયો છે.' કરણે વાતાવરણને હળવું બનાવવાનો પ્રયાસ કર્યો પણ કોઈ હસ્યું નહીં. હા, વિક્રમને જોઈને દરેકે નિરાંતનો શ્વાસ જરૂર લીધો.

'બેસી જા, બેટા જમવા... સવારનો ભૂખ્યો હોઈશ.' પ્રભાએ બેટાને આવકાર્યો.

'ના મમ્મી, મેં નાસ્તો કર્યો છે, ભૂખ નથી. હું મારા રૂમમાં આરામ કરું છું.' વિક્રમ બહાર નીકળવા ગયો.

'વિક્રમભાઈ...' ગાયત્રીએ બૂમ મારી :

'હજી નારાજ છો?'

વિક્રમ અટકી ગયો.

'પ્લીઝ, અમારી સાથે બેસોને... જસ્ટ રિલેક્ષ...' ગાયત્રી હસીને બોલી.

પૂજાએ ખુરશી ખેંચીને વિક્રમને બેસવા ઇશારો કર્યો. વિક્રમ પાછો વળ્યો. ખુરશી પર બેઠો. 'ઓ.કે. તમે બધાં કહો છો તો હું બેસીશ પણ કંઈ ખાઈશ નહીં...' વિક્રમ ફિક્કું હસ્યો.

'ઓકે, નો પ્રોબ્લેમ...' ગાયત્રીએ કહ્યું.

'ભાઈ...' કરણે વાત શરૂ કરી, પપ્પાએ કમિશનરને ફોન કરીને તમને છોડાવવાની વ્યવસ્થા કરી હતી.'

'હા, મને ખબર છે. પપ્પાએ કબીરઅંકલને ફોન કર્યો હતો.... વ્યવસ્થા કબીર અંકલે કરી છે.' વિક્રમનો અવાજ જગમોહનને ડંખ મારતો હતો.

વાત એક જ છે... વિક્રમભાઈ, અમને બધાંને વિશ્વાસ છે કે તમે નિર્દોષ છો.' ગાયત્રી બોલી.

'હા, સિવાય પપ્પાને....જો એમને વિશ્વાસ હોત તો એમણે મને પોલીસ સ્ટેશન જવા જ ન દીધો હોત.' વિક્રમ મોઢું નીચું કરીને બોલતો હતો.

'એવું નથી, વિક્રમ... ખેર, હમણાં તું ગુસ્સામાં છો એટલે મારી વાત પર ભરોસો નહીં બેસે...' જગમોહનને પોતાના બચાવ કરવો પડે એ ગમ્યું નહીં.

'રહેવા દો, પપ્પા તમારી ભૂલ હતી એ કહેતાં તમને તમારો અહમ્ આડો આવે છે.' વિક્રમે અણધાર્યો આંચકો આપ્યો.

'વિક્રમ, તને મારી ભૂલ દેખાય છે, તારી કોઈ ભૂલ નહીં? મેં પોલીસને એની ફરજ બજાવવા દીધી એમાં કંઈ અનૈતિક નહોતું, પણ એક પરસ્ત્રી સાથે સંબંધ રાખવો એ શું નૈતિક હતું? તેં જે ભૂલ કરી છે એના માટે તો તેં માફી માગી જ નથી... કેં તેં સોરી પણ નથી કહ્યું, અરે, અમારી વાત છોડ...પણ આ તારી નિર્દોષ પત્નીનો શું વાંક? એને તો સોરી કહી શકતો હતો? વિક્રમ, બીજાને દોષિત ઠેરવીને શહીદ બનવામાં બહુ આનંદ આવે પણ ક્યારેક ક્યારે 'આપણી અંદર પણ એક ડોકિયું કરવું જોઈએ.'

ગાયત્રીને લાગ્યું કે જગમોહનની વાત ખોટી નહોતી, પણ હમણાં આ ચર્ચા ન થઈ હોત તો સારું હતું.

વિક્રમ ખુરશીને પગથી પાછળ હડસેલીને ઊભો થયોઃ

'એટલે જ હું અહીં બેસવા નહોતો માગતો. મને ખબર હતી કે કોઈ પણ વાત હશે, છેલ્લે ગુનેગાર માનીને મને જ શૂળીએ ચડાવવામાં આવશે.' કહીને એ ઝડપથી બહાર નીકળવા ગયો.

'વિક્રમ' જગમોહન ચિલ્લાયો :

'મારા પરિવારના નાના મોટા

સભ્યોની હાજરીમાં મારે આડા સંબંધોની વાત કરવી પડે એ મને પણ ન ગમે, પણ જો હું તને આયનો નહીં દેખાડું તો તું તારી જાતને જીવનભર નિર્દોષ માનતો રહીશ.'

'પપ્પા, તમે જિંદગીભર બધાને અરીસો જ દેખાડ્યા કરો. કોઈકવાર તો તમે પણ જુઓ એ આયનામાં. આપણી જ પત્ની સાથે આપણે સીધા સંબંધ ન રાખી શકીએ તો બીજાના આડા સંબંધ વિશે ટીકા કરવાનો શો અર્થ?' વિક્રમ ફૂંફાડા મારતો હતો.


'વિક્રમ, તને ભાન છે તું શું બોલી રહ્યો છે?' જગમોહને કરડી નજરે પ્રભા સામે જોયું. પ્રભાના હોઠ પર એક આછું સ્મિત એણે જોયું કે એ એનો ભ્રમ હતો?

પ્રભા કંઈ બોલી નહીં. બધાં ચૂપ રહ્યાં.

'ઓ.કે. દીકરા, તેં ખરેખર મને આયનો દેખાડી દીધો આજે. તેં મને ભાન કરાવી દીધું કે મેં મારા મોટા પુત્ર પર આટલો વિશ્વાસ રાખ્યો એ મારી ભૂલ હતી. માણસને કડવા અનુભવ થયા બાદ એ કોઈ પણ સંબંધ તોડી શકે, પણ એક બાપ ગમે તેટલા કડવા અનુભવ બાદ પણ સંતાનો સાથે સંબંધ-વિચ્છેદ નથી કરી શકતો....'

જગમોહન સહેજ થાભ્યો. પછી તરત જ પોતાની વાતનો દોર સાધી લીધો :

'દીકરાને મા સાથે ગર્ભનાળનો સંબંધ હોય છે પણ બાપને કોણ જાણે કેવો મોહ રહી ગયો હોય છે કે હડહડતું અપમાન થયા બાદ પણ એનો પુત્રમોહ ઓછો નથી થતો.... સારું બેટા, હવે હું એ અંધમોહને ઓછો કરવાનો વિશ્વાસ કરીશ. તેં મને અરીસો દેખાડીને મને દેખાડી દીધું છે કે અંધ હું જ હતો.. તું નહીં.'




જગમોહનની આંખમાંથી આંસુ બહાર ધસી આવ્યાં.

ગાયત્રીને આ માણસની દયા આવી ગઈ. સફળતાના શિખર પર બિરાજમાન આ વ્યક્તિ આજે કેટલો એકલો અટૂલો પડી ગયો છે. એટલી હદ સુધી કે એની પત્ની, એનાં સંતાનોએ એને ગુનેગાર સાબિત કરી દીધો છે.

'તમારે પપ્પા સામે આવું ન બોલવું જોઈએ.' પૂજા ક્ષીણ સ્વરે બોલી, પણ જગમોહને એને અટકાવી દીધી :

'નહીં પૂજા બેટા, હું ઘણો જ નબળો પુરવાર થયો છું. હવે મારો પક્ષ લઈને મને વધુ કમજોર નહીં બનાવો. આજે સંતાનો કંઈ પણ કહે છે એ અમારા ગઈકાલના વાવેલા બીજનું જ ફળ છે. દોષ અમારો છે, દોષ મારો છે. દરેક બાપને એની ભૂલ ત્યારે જ સમજાય છે જ્યારે એનું ફરજંદ પણ એની સામે મોટા સાદે બોલીને એનું અપમાન કરે છે.' બોલીને જગમોહન ખુરશી પરથી ઊભો થયો અને ધીમાં ડગલાં માંડતો એ બહાર નીકળી ગયો.

****************

'સાંભળો, મારે એક વાત કરવી છે.' પૂજાએ મૃદુ સ્વરે આંખ બંધ કરીને પડેલા વિક્રમને ઢંઢોળીને કહ્યું.

'ખબર છે...ખબર છે...તું એ જ કહેવા માગે છે ને કે મારે પપ્પા સાથે આવી રીતે વાત નહોતી કરવી...' વિક્રમ પડખું ફેરવી ગયો.

'ના, એ તો બધા જાણે છે. તમે પણ જાણતા હશો કે તમે ભૂલ કરી છે. આ તો મારે કહેવું હતું કે આ અઠવાડિયે જય નાગપુરથી આવે છે.' પોતાના ભાઈના આગમનની વાત પૂજાએ ધીમેથી કરી દીધી.

'કેમ? અચાનક જયને બનેવી યાદ આવ્યા? હવે શું પ્રોબ્લેમ છે?' વિક્રમે નારાજગી દર્શાવતાં કહ્યું.

'એ કહેતો હતો કે શેરબજારમાં ભારે ખોટ ગઈ છે એટલે જીજાજીની સલાહ લેવી છે...'

સાળાબાબુ ઠેઠ નાગપુરથી સલાહ લેવા નહીં, નાણાકીય સહાય લેવા આવતા હશે એ વિક્રમને સમજાઈ ગયું, પણ હમણાં ભાઈ વિશે વાત સાંભળશે તો પૂજા ભડકશે એવું વિચારીને વિક્રમ ચૂપ રહ્યો.

'તું એને કહી દેજે કે એક-બે અઠવાડિયાં હું બિઝી રહેવાનો છું. જેવો ફ્રી થઈશ કે એને બોલાવી લઈશ...' વિક્રમે ઉડાઉ જવાબ આપ્યો.

'કેમ, શ્યામલી માટે કેવો સમય નીકળી જતો હતો? ત્યારે બિઝી નહોતા? કે પછી શ્યામલીમાં જ બિઝી હતા?' પૂજાએ ફૂંફાડો માર્યો.

'જો પૂજા, તારા પપ્પા કે ભાઈ આવે છે ત્યારે હું હંમેશાં સાથ આપું છું. આ વખતે વારંવાર પોલીસ આવે એ વખતે એ લોકો અહીં હોય એ સારું ન લાગે એટલે મેં એ લોકો એક-બે અઠવાડિયાં પછી આવે એમ કહ્યું.' પૂજાને છંછેડવાથી વાત બગડી જશે એવું વિચારીને વિક્રમે નરમાશથી વાત કરી.

'ભલેને એ લોકોને પણ ખબર પડે કે એમના જમાઈરાજનાં કરતૂત કેવાં છે... બાય ધ વે, શ્યામલીને કેટલા રૂપિયા આપી આવ્યા હતા? એક નિઃસહાય વિધવાને જોઈને હૃદય દ્રવી ગયું હશે તમારું,ખરુંને?' પૂજાએ ફરી ડંખ માર્યો.

વિક્રમને લાગ્યું કે સ્ત્રી જ્યારે માથે હાથ ફેરવીને પ્રેમ કરે ત્યારે લાગે કે દુનિયામાં આનાથી વધુ શીતળતા ક્યાંય ન સાંપડે અને એ જ સ્ત્રી નાગણ થઈને ઝેર ઓકે છે ત્યારે ભયાનક લાગવા માંડે.

'જો પૂજા, તું વાતને નાહકનો જુદો વળાંક આપે છે, ખેર, તારી ઇચ્છા છે કે જય આવતા અઠવાડિયે આવે તો ઠીક છે, આવવા દે, આપણે કંઈ રસ્તો કાઢીશું.'

'હવે તમે શ્યામલી માટે પણ રસ્તો કાઢ્યો પણ શું થયું? બિચારીનું કાટલું જ નીકળી ગયું...'

વિક્રમ ચૂપ રહ્યો. પૂજા પડખું ફેરવી ગઈ. વિક્રમે નિરાંતનો શ્વાસ લીધો. હમણાં એક મિનિટમાં પૂજાનાં નસકોરા સંભળાશે અને પછીશાંતિ. ત્યાં જ પૂજાએ ફરી પડખું ફેરવ્યું અને વિક્રમ સામે જોવા લાગી.

વિક્રમને લાગ્યું કે એ કોઈ બીજી સ્ત્રીને જોઈ રહ્યો છે.

'યાદ રાખજો, આવતા બે દિવસ આ ઘર માટે ઘણા ભારે છે.'

**************

'જગ્ગે,' જગમોહનને ફોન પર કબીરે કહ્યું,

'ચાલ દોસ્ત, હવે આપણી ઇચ્છા પૂરી કરવાના દિવસો આવી ગયા. હું પરમ દિવસ સાંજની ફ્લાઇટમાં કોલકાતા આવું છું. આર યુ રેડી ફોર મી?'

'આવ દોસ્ત, હવે તું જ એક સહારો છે...' જગમોહને નિસાસો નાખ્યો.

'હવે તું આવી દેવદાસ જેવી કેમ વાતો કરે છે? ભૂલી ગયો તું જ બોલ્યો હતો કે એક વાર આવ, બહુ પીશું અને ધમાલ મચાવીશું.' કબીર બોલતો હતો.

'હા, દોસ્ત, એક વાર આવ તો ખરો, તારી સામે ઘણી ઘણી વાતો કરવી છે. પીશું પણ ખરા અને ધમાલ પણ મચાવીશું.'

***************

'જગમોહન શેઠ'

અડધી રાતે ફોનની ઘંટડી વાગતાં જગમોહનની નિંદર ઊડી ગઈ. હજી થોડી વાર પહેલાં તો કબીરનો ફોન હતો.

'કોણ?' જગમોહને પૂછ્યું.

'જગમોહન શેઠ, હવે બહુ જીવી લીધું. હવે તમારા હાથમાં બે દિવસ જ બચ્યા છે. બે દિવસ એટલે કે ૪૮ કલાક... કેટલી મિનિટ અને કેટલી સેકન્ડસ થાય એનો હિસાબ હવે તમે માંડજો... આવજો..!'

(ક્રમશઃ)■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| रांग | અનાડી |
| रान | ક્રોધ |
| राग | અનામત |
| रांगडा | જંગલ |
| राखीव | કતાર |

### ઓળખાણ પડી?



૬૦ વર્ષ પહેલા વિશ્વભરમાં એકલપંડે વિમાન ઉડાવવાની સિદ્ધિ મેળવનારી પાઈલટની ઓળખાણ પડી? ૨૯ દિવસમાં તેણે ૩૬૭૯૦ કિમી અંતર કાપ્યું હતું.

અ) Bessie Coleman બ) Kate Newton ક) Beryl Markham ડ) Jerrie Mock

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સં | બો | ૨ ધ | ન | | ૩ મુ | ૪ લા | કા | ૫ ત | |
| ગ્ર | | રા | | ૬ સ | જ | ન | | ૭ જ | ૮ ચે |
| ૯ હા | ૧૦ જ | ર | | મા | | ૧૧ ત | ૧૨ ક | | ત |
| ૧૩ લ | ખ | | ૧૪ વ | ધા | રો | | ૧૫ ર | ખા | વ |
| ૧૬ ય | મ | ૧૭ ના | | ન | | ૧૮ તા | વ | | ણી |
| | | ૧૯ મ | ધ્ય | | ૨૦ ટ | ક | ટ | ૨૧ ક | |
| ૨૨ ષ | ટ | ક | | ૨૩ સ | ન | | | ૨૪ ર | ૨૫ જ |
| દ્ | | ૨૬ ર | હે | મ | ન | જ | ૨૭ ર | | ના |
| ૨૮ ચ | ૨૯ રા | ણ | | થ | | | ૩૦ બ | ચા | વ |
| ૩૧ ક | મ | | ૩૨ અ | ન | રા | ધા | ર | | ર |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | | | ૮ | | | | |
| ૯ | | ૧૦ | | | | | | | |
| | | ૧૧ | | | | | | ૧૨ | |
| | ૧૩ | | | | ૧૪ | ૧૫ | | | |
| ૧૬ | | | | ૧૭ | | | | | |
| ૧૮ | | | ૧૯ | | ૨૦ | | ૨૧ | | ૨૨ |
| ૨૩ | | ૨૪ | | | ૨૫ | ૨૬ | | | |
| | | ૨૭ | | | | ૨૮ | | | |
| ૨૯ | | | | ૩૦ | | | | ૩૧ | |

**આડી ચાવી**

૧. દેદીપ્યમાન, તેજીલું (૫)
૪. આશરે (૪)
૭. પર્વત, શિખર (૨)
૮. સાથ (સંગીતમાં) (૩)
૯. જાણીતું સરોવર, (કૈલાસ પાસેનું) (૪)
૧૧. દીપ શ્રેણી (૪)
૧૨. ---- જેવું એટલે સાફ, સ્પષ્ટ (૨)
૧૪. તબક્કા પ્રમાણે, વારા પ્રમાણે (૫)
૧૬. જાળવણી, માવજત (૩)
૧૮. નિર ---- કે ---- રામ (૨)
૧૯. ગણવાની રીત, માન (૩)
૨૩. એક ---- સૂરજ થવાને શમણે (૪)
૨૫. હંમેશાં, નિત્ય (૫)
૨૭. રોટલી સાથે ખાવા જોઈએ (૨)
૨૮. શ્રેષ્ઠ (૨)
૨૯. પરિચ્છેદ, અધ્યાય (૩)
૩૦. ભૂતકાળ (૩)
૩૧. ---- બહાર જાય નહીં (૨)

**ઊભી ચાવી**

૧. જીવ અને માલમતા (૪)
૨. યજ્ઞ, મોટું કાર્ય (૩)
૩. સફેદ જાડું કપડું (૫)
૪. ભાગ, હિસ્સો (૨)
૫. પહેલાં વડીલો સવારે કરતા (૩)
૬. ભાતભાતનું, વિવિધ, વિચિત્ર (૫)
૮. ચલાવવામાં આવતું (૪)
૧૦. શતક, સો (૨)
૧૨. વજીર, પ્રધાન, પાટ (૩)
૧૩. પંજાબની એક નદી (૪)
૧૫. ખરાબી (૨)
૧૬. જોરદાર, જબરું (૫)
૧૭. ખબર, માહિતી (૨)
૧૯. ગણત્રી કરનાર (૩)
૨૦. કેટલાક માસના દિવસ હોય (૨)
૨૧. ધૂળના રંગનું, ઝાંખું (૩)
૨૨. દુશ્મની, દ્વેષ, ખાર (૪)
૨૪. કોઈક (૩)
૨૬. જમણવાર, પાર્ટી (૩)

### ગુજરાત મોરી મોરી રે

પુરુષના એકમાત્ર મામીની એકમાત્ર સગી ભાભીના સસરાનો પ્રપૌત્ર પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભાણેજ બ) ભત્રીજો ક) પુત્ર ડ) પિતરાઈ

### જાણવા જેવું

નારી એટલે સ્ત્રી, વનિતા સહુ જાણે છે. આ ઉપરાંત પાણીમાં થતી જાંબુડિયા અને ધોળાં ફૂલની કીડામારી તરીકે ઓળખાતી એક વેલ પણ નારી તરીકે ઓળખાય છે. એના પાંદડાં આંગળભર પહોળાં અને બે ત્રણ આંગળ લાંબાં હોય છે. તેનાં પાંદડાં ઉપર એક મોટો અર્ધચંદ્રાકૃતિ ખાંચો હોવાથી તેને ચાંદવેલ કહે છે.

### સુડોકુ-૬૦૯૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | | | | | | | |
| | ૮ | | ૯ | | | ૫ | | |
| ૨ | | | ૩ | ૭ | | | ૪ | |
| ૫ | ૩ | | | | ૪ | ૨ | | |
| | | | | | | | | |
| | | ૯ | ૨ | | | | ૧ | ૬ |
| | ૧ | | | ૩ | ૮ | | | ૯ |
| | | ૮ | | | ૫ | | ૭ | |
| | | | | | | | ૮ | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૬૦૯૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૮ | ૬ | ૭ | ૫ | ૧ | ૯ | ૨ |
| ૯ | ૫ | ૭ | ૩ | ૧ | ૨ | ૬ | ૮ | ૪ |
| ૨ | ૬ | ૧ | ૪ | ૮ | ૯ | ૭ | ૫ | ૩ |
| ૪ | ૩ | ૯ | ૧ | ૨ | ૮ | ૫ | ૬ | ૭ |
| ૬ | ૭ | ૫ | ૯ | ૩ | ૪ | ૨ | ૧ | ૮ |
| ૧ | ૮ | ૨ | ૭ | ૫ | ૬ | ૪ | ૩ | ૯ |
| ૮ | ૯ | ૬ | ૫ | ૪ | ૭ | ૩ | ૨ | ૧ |
| ૫ | ૧ | ૪ | ૨ | ૯ | ૩ | ૮ | ૭ | ૬ |
| ૭ | ૨ | ૩ | ૮ | ૬ | ૧ | ૯ | ૪ | ૫ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક મીઠાઈ સંતાઈને બેઠી છે એ શોધી કાઢો.
સવારના પહોરમાં કાજલે બીતા બીતા પોતાની યોજના પપ્પાને જણાવી.

### નોંધી રાખો

જીવનમાં ઘણી વાર એવો સમય આવે છે કે શું કરવું એ સૂઝતું નથી કે કઈ દિશામાં આગળ વધવું એ સમજાતું નથી. આવા સમયે તમે પ્રયત્ન તો જરૂર કરી શકો છો.

### માઈન્ડ ગેમ

દર ચાર વર્ષે યોજવામાં આવતા ઓલિમ્પિક રમતોત્સવમાં અત્યાર સુધી એક પણ વાર સહભાગી નહીં થયેલા દેશનું નામ જણાવો.

અ) તાઈવાન બ) મોંગોલિયા
ક) ધ વેટિકન સિટી ડ) સુરીનામ

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| विळा | દાતરડું |
| विकत | વેચાતું |
| वीट | ઈંટ |
| वीण | વણાટ |
| विख | ઝેર |

ગુજરાત મોરી મોરી રે
સસરા

ઓળખાણ પડી?
હિમાંશી શેલત

માઈન્ડ ગેમ
સ્વિટ્ઝર્લેન્ડ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
સ્પેન

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) નીતા દેસાઈ (૩) ભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) મુલરાજ કપૂર (૬) પ્રતીમા પમણી (૭) ગીતા ઉદેશી (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) સુરેખા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૨) શીરીન ઔરંગાબાદવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) વિભા મહેશ્વરી (૧૯) મહેશ દોશી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) હર્ષા મહેતા (૨૫) અશોક સંઘવી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) અંજુ ટોલિયા (૩૧) પ્રવીણ વોરા (૩૨) નિતીન બજરિયા (૩૩) મીની કાપડિયા (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) અરવિંદ કામદાર (૩૭) પુષ્પા ખોના (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) હિના દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ

# પુરુષ



# ડિયર હની... તારો બન્ની

## પત્ની ને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com



## આ હતો વિશ્વનો પહેલો પ્રેમપત્ર....

**પ્રિય હની,**

હું તને આ પત્ર લખી રહ્યો છે એનું કારણ એ છે કે, ઘણી વાર આપણે સાથે હોવા છતાં ઘણું બધું એવું હોય છે કે એ વખતે કહી શકાયું નથી હોતું અથવા તો ચુકી જવાતું હોય છે. અને આવી વાતની વોટ્સ એપમાં એટલી મજા આવતી નથી. પત્ર લખવા બેસીએ તો એનો એક અલગ આનંદ હોય છે. હા,એ ય સાચું કે હવે કોઈ પત્ર લખતું નથી. અને એમાં ય પ્રેમપત્ર - લવ લેટર હોય તો વાત આખી બદલાઈ જાય છે.

આજે મારે જરા જુદી વાત કરવી છે. તને ખબર છે? આ દુનિયાનો પહેલો પ્રેમપત્ર કોણે, કોને લખેલો?

રુક્મિણીએ પહેલો પ્રેમપત્ર લખ્યો હતો...! અલબત, એના કોઈ પ્રમાણભૂત પુરાવા નથી. પણ એમ માનવામાં આવે છે કે, રુક્મિણીએ કૃષ્ણને જે પત્ર લખેલો એ દુનિયાનો પહેલો પ્રેમપત્ર હતો.

વાત બહુ મજાની છે. રુક્મિણીનાં લગ્ન શિશુપાલ સાથે નક્કી થાય છે, પણ રુક્મિણીને એ પસંદ નથી એટલે એ કૃષ્ણને પત્ર લખે છે. સંકેત સુદેવ બ્રાહ્મણ સાથે પત્ર કૃષ્ણને મોકલાવે છે. ત્યારે આજ જેવી કોઈ ટેક્નોલોજી તો હતી નહીં. સંદેશાવાહક એ કામ કરતા હતા. અને આ પત્રની રસાળતા..

અહા! સાચું કહું, આવો રસાળ અને ખુમારીભર્યો પ્રેમપત્ર કોઈએ કોઈને લખ્યો નહીં હોય!

આ પત્ર તો પાછો કૃષ્ણને લખાયેલો અને એની પર કોણ ફિદા નહોતું? ગોપીઓ અને રાણીઓ ...એની સંખ્યામાં પડવા જેવું નથી.

રુક્મિણી લખે છે : જેની પાસે મારું મસ્તક નમે એવો પતિ જોઈએ. અને એવી અલૌકિક વ્યક્તિ તમે જ છો. થાય તો છે કે,તમારી પાસે નાસીને આવું, પણ તમારા જેવા વીરને એવું પસંદ ના જ પડે. બીજો રસ્તો તો એ છે કે તમે મને આવી લઇ જાવ...., પણ એ રસ્તો પણ તમારા જેવા શૂરવીરને ના શોભે.

હવે એક જ રસ્તો બચે છે અને એ છે કે પશુ જેવા શિશુપાલનો વધ કરો અને મને લઇ જાવ...!

- અને આટલેથી રુક્મિણી અટકતી નથી. શિશુપાલનો વધ કઈ રીતે કરવો એની ટીપ-સંકેત પણ કૃષ્ણને આપે છે. એ લખે છે :

'લગ્ન પહેલા કુળદેવનાં દર્શન કરવા જવાનો રિવાજ છે. ત્યાં તમે આવો અને બધાની વચ્ચેથી મને લઇ જાવ એવું હું ઈચ્છું છું ...'

એ તો બહુ જાણીતી વાત છે કે, રુક્મિણીના ભાઈ રુક્મિએ શિશુપાલ સાથે બહેનના વિવાહ નક્કી કર્યા હતા. રુક્મિણીના પત્ર બાદ કૃષ્ણે રુક્મીને યુદ્ધમાં હરાવ્યો હતો. શિશુપાલનો વધ કર્યો અને રુક્મિણીનું હરણ કરી ગયા હતા અને કૃષ્ણના સૌથી પ્રિય પત્ની રુક્મિણી હતા.

કૃષ્ણને રુક્મિણી 'કમલનયન' તરીકે નવાજી લખે છે : 'જો તમારી કૃપા મેળવી ના શકું તો વ્રત ઉપવાસ કરી હું પ્રાણ ત્યાગી દઈશ...'

આમ એક રીતે ધમકી પણ આપે છે. આજથી સદીઓ પહેલા લખાયેલો આ પત્ર છે એ યાદ રાખવા જેવું છે. એ સમયે કોઇ સ્ત્રીમાં આટલી હિંમત હોવી એ નાનીસુની વાત નથી. કદાચ આજે પણ બહુ ઓછી સ્ત્રી આવી હિંમત દાખવી શકે.

સાત શ્લોકમાં આખો પ્રેમપત્ર છે. ભાગવતમાં એનો કોઈ ઉલ્લેખ નથી, પણ મજાની વાત એ પણ છે કે,જે યુવતીનાં લગ્ન થતા ના હોય, વિલંબ થતો હોય એ રુક્મિણીનો આ પત્ર શ્રદ્ધાથી શ્રવણ કરે કે પાઠ કરે તો વિઘ્ન દૂર થાય છે. ઇચ્છિત વરની પ્રાપ્તિ થાય છે. આવી માન્યતા પણ છે. રુક્મિણી દેવી તરીકે પૂજાય પણ છે. દ્વારકામાં રુક્મિણીનું મંદિર પણ છે. આ મંદિર પણ જોવા જેવું છે. ૧૨મી સદીમાં બધાયેલું આ મંદિર છે.

રુક્મિણી પોતાના પત્રમાં પ્રેમનો ઈઝહાર તો કરે છે સાથે કૃષ્ણને પડકારે પણ છે. અને પોતાનું અને કૃષ્ણનું ગૌરવ જળવાય એ માટે સચેત પણ છે. આ પ્રેમપત્ર લખાયો હતો કે નહિ એની પંચાતમાં કોણ પડે? મને તો આ પ્રેમપત્રનું પોત-હાર્દ બહુ ગમે છે. તને ય ગમશે એની ખાતરી છે.

તું ય મને આવો રસીલો, પ્રેમ - પડકારભર્યો પત્ર લખ ને ...મને ગમશે. નિયમિત આપણે એકબીજાને પત્ર લખીએ એવું કેમ ના બને?! અને એ પત્રોનો આપણે કરીશું ગમતાનો ગુલાલ ...

**તારો બન્ની**



મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@
bombaysamachar.com

# પ્રેમ તૂટે - લગ્ન તૂટે કે સંબંધ તૂટે

## તો શું એ દરેક કિસ્સામાં માત્ર પુરુષ જ જવાબદાર?

આજકાલ સંબંધ અત્યંત ઉપરછલ્લા થઈ ગયા છે. એક સમય હતો જ્યારે સંબંધ તૂટતો કે લગ્ન તૂટતા ત્યારે હોહા થઈ જતી. આવું કશુંક થાય તો લોકો છીછ પણ અનુભવતા. એ છીછને કારણે પણ ઘણીવાર લોકો સંબંધ નિભાવી લેતા!

જોકે અહીં નકામો-અર્થહીન સંબંધ નિભાવી લેવાની સલાહ નથી આપવી. મુદ્દો એ છે કે હવે સંબંધ તૂટવું કે છૂટા થઈ જવું એ અત્યંત સહજ બની ગયું છે. ઠીક છે. સમાજની એ વૃત્તિને આપણે આધુનિક સમાજ વ્યવસ્થા તરીકે સ્વીકારી લઈએ., પરંતુ એ આધુનિક સમાજ વ્યવસ્થાના અન્યાય તરીકે જે સ્વીકારવાનું નથી થતું તે એ છે કે જો સંબંધ તોડો જ છો અથવા તો સંબંધ તૂટે જ છે તો પછી પ્રેમ અને સમજદારીપૂર્વક આગળ પણ વધી જવું! પછી પોતાને હવે સંબંધ રહ્યો જ નથી તો સામેના માણસને રંજાડવાના આશયથી તેની બદનામી માટે તે વ્યક્તિને કાયદાકીય રીતે ત્રાસ આપવાથી કોઈક પગલું ભરો તો એ ન ચાલે.



આ કથા માંડી એટલા માટે કે આજકાલ અખબારો કહેવાતા ડોમેસ્ટિક વાયોલન્સ -ઘરેલું હિંસા કે કહેવાતા દુષ્કર્મના બનાવોથી ઘણા ઊભરાઈ રહ્યા છે. લગભગ રોજ એકાદ સમાચાર તો વાંચવા મળે જ, જેમાં એમ લખાયું હોય છે કે લગ્નની લાલચ આપી પ્રેમી દુષ્કર્મ કરતો રહ્યો.' અથવા તો આપણને એમ વાંચવા મળે કે મોટા 'મોટા સપનાં દેખાડી યુવતીને હવસનો ભોગ બનાવામાં આવી' કે પછી જે પુરુષ સાથે ત્રણ -ચાર વર્ષ લીવ ઈન' માં સાથે રહ્યા પછી યુવતી પેલા પર 'બળાત્કાર'નો આરોપ મૂકે ત્યારે શું સમજવું ?!

આવા સમાચારોમાં એક સામાન્ય પ્રશ્ન એમ ઊઠે કે શું યુવતી મહિનાઓ સુધી કોઈ યુવકની હવસનો શિકાર થઈ હશે? શું એની સાથે જે થતું રહ્યું એ બધુ દુષ્કર્મ હતું?

હશે એવા હવસખોરો, શોષણખોરોના કિસ્સા,પણ એવા કિસ્સામાં કોઈ પણ સંજોગમાં પીડિતાને ન્યાય મળવો જ જોઈએ, પરંતુ છાસવારે આવા કિસ્સા પ્રકાશમાં આવે તો એનું શું કરવું? અને દર વખતે પુરુષ જ દુષ્કર્મ હતો તો પછી સ્ત્રીએ રાજીખુશીથી બાંધેલા શારીરિક સંબંધનું શું? પુખ્તવયની વયે બંને પક્ષની મરજીથી થયેલી સાયુજ્યની ક્રિયાઓ સંબંધ તૂટે ત્યારે એનું સ્વરૂપ બદલાઈ જાય ? અને જો સ્વરૂપ બદલી લે તો પછી એ સ્વરૂપ મહિલા તરફી જ શું કામ હોય છે ? એવા સંબંધ તૂટે પછી ચગાવાતા કિસ્સામાં ક્યારેય સ્ત્રી શું કામ પુરૂષને સપનાં બતાવીને એના પર દુષ્કર્મ નથી કરતી ? શું પુરૂષ અખબારવાળા માને છે એટલો ખરાબ છે ?

-પણ નહીં. અખબારો કે લોકો માને એટલો પુરુષ ખરાબ નથી. માત્ર એને-એના પરિવારને ઇરાદાપૂર્વક ટાર્ગેટ કરવામાં આવે છે અને એ રીતે એને બદનામ કરવામાં આવે છે.

જોકે, હવે કોર્ટ અત્યંત સજાગ થઈ છે. સંબંધ તૂટવાની આવી કોઈ પણ ઘટનામાં કોર્ટ ફરિયાદ દાખલ કરનારને પૂછી નાંખે છે કે દુષ્કર્મને તમે કઈ રીતે ડિફાઈન કરો છો-વર્ણવો છે ? માન્યું કે તમને કોઈક મુદ્દે ડિફ્રન્સ ઓફ ઓપિનિયન થયા હશે. માન્યું કે તમને ક્યાંક નહીં ફાવ્યું હોય અને એ પણ માન્યું કે તમે તમારા સંબંધમાંથી છૂટા થાવ છો, પરંતુ છૂટા થાવ છો એટલે હવે પુરુષ દુષ્કર્મ કરનારો બની ગયો કહેવાય ?!

તમારે એ પ્રૂવ પણ કરવું જોઈએ કે પુરુષે દુષ્કર્મ કર્યું ત્યારે તમારા પર શું શું અત્યાચારો થયા, કઈ રીતે ત્રાસ અપાયો. તમે અત્યાર સુધી કયાં કારણોસર આ બધું વેઠતા રહ્યા ? અને ખાસ તો વેઠતા હતા ત્યારે તમે ભૂમિકા શું ભજવતા હતા? ભારે હૈયે વેઠતા હતા? કે તમે સહકાર પણ આપતા હતા?

આવા બધા પ્રશ્નના ચોક્કસ જવાબો હોય તો એ પુરાવા કહેવાય અને જો એ પુરાવા હોય તો પુરુષને ફાંસીએ લટકાવવો જોઈએ., પરંતુ જો માત્ર બદનામી (અને બદમાશી !) ના આશયથી આવું થતું હોય તો ફરિયાદી ખુદ હલકી માનસિકતાના ગુનેગાર ગણાય.

આખરે એણે પોતાના સંબંધની, પોતાના ભૂતકાળની આમાન્યા તો ના જ જાળવી, પરંતુ એણે સમાજમાં પણ અત્યંત ખોટો ચીલો ચાતર્યો કહેવાય! ■

હળવે હૈયે
નીતિન દેસાઈ
feedback@
bombaysamachar.com



# બ્રેકિંગ ન્યૂઝ... કાગડા કબૂતર બની ગયા !

કથા-વ્યથા ને પ્રથાઓ અનેક છે. પ્રથાઓમાં મને કાગવાસની પ્રથા ખૂબ ગમે છે, કારણ કે એ દિવસે મને કાગડાના બહાને સ્વાદિષ્ટ ભોજન આરોગવા મળે છે. કહે છે શ્રાદ્ધના દિવસે પિતૃઓ આભમાંથી ટેરેસ પર કૃપા વરસાવવા પોતાના ખર્ચે અને જોખમે કાગડા બનીને આવે છે.

આ અવસરે મારા એક મિત્રએ તો પિતૃકૃપા માટે હોટેલમાં સ્પેશિયલ કાગવાસ પાર્ટી રાખી છે, કારણ કે એમના પિતૃઓ ડાન્સ, ડિનર અને ડી .જે.પાર્ટીના શોખીન હતા.શ્રાદ્ધના દિવસે કાગડાનો વેશ પહેરી પિતૃઓ ડાયરેકટ હોટલમાં જ આવી જાય તો પાર્ટી કમ શ્રાદ્ધ 'ટુ ઇન વન' સાથે થઈ જાય.

જોકે, મેં દર વર્ષની જેમ ટેરેસ પર શ્રાદ્ધ મનાવવાનું નક્કી કર્યું છે. આ માટે મેં કાગડાઓની પ્રોફાઈલ પણ ચેક કરી છે. 'મન-કર્મ ને વચને કાગડા બધે સરખા' (કાળા)... આવા વિચારમાં પરોવાયો હતો ત્યાં જ પત્ની વર્ષાની નમ્ર કહી શકાય એવી ત્રાડ આવી :

લે.. અહીંયા શું કરો છો?તમારો ઉપર જવાનો સમય થઈ ગયો છે ' . બગડેલો હીરો ચમકે એમ હું ચમકી ગયો. મે પૂછ્યું :

'ઉપર એટલે આ વખતે પિતૃઓને શ્રાદ્ધનું ભોજન આપવા મારે સ્વર્ગલોક જવાનું છે ? જો ત્યાં સુધી જવામાં મને વાંધો નથી , પણ ત્યાંની ટિકિટો માત્ર વેઇટિંગ લિસ્ટમાં જ મળે છે. આર.એસ.સી. જેવી કોઈ સ્કીમ નથી અને ઈશ્વરની દુનિયામાં હજુ વી.આઈ.પી (વેરી ઈમ્પોર્ટન્ટ પિતૃ) જેવી કોઈ સિસ્ટમ શરૂ નથી થઈ'

મારો જવાબ સાંભળીને પત્નીની નમ્રતા ઘટી ને ત્રાડ વધી :

ઉપર એટલે ટેરેસ પર .આજે દાદાજી કાગડા બનીને આવશે અને જમશે. (હતા ત્યારે તેં કયાં એમને નિયમિત જમાડ્યા હતા?!).

હું ભાગ્યો...ક્યાંક દાદાજી ભૂખ્યા પેટે કોઈક બીજાની ડિશ ઓહિયા કરી લે તો દિલ વગરનું બિલ મારા નામ પર ફાટશે !

હું ટેરેસ પર પહોંચ્યો. ત્યાં બિલ્ડિંગવાસીઓ પણ પોતપોતાના પિતૃઓની રાહ જોઈ રહ્યા હતા. મારા દાદાજી તો જન્મજાત લેટ કમર હતા. દરેક વાતે મોડા. અરે, પોતાના લગ્નમાં પણ મારા દાદા લેટ પડેલા એમાં તો આખી દાદી બદલાઈ ગયેલી..!

હું વર્ષોથી કાગવાસ નાખવા જાઉં છું, પરંતુ કે.ટી. (કાગડા ટેસ્ટ )ની એક્ઝામમાં હું વારંવાર નાપાસ થયો છું. અસંખ્ય કાગડાઓમાં મારા દાદાજી કોણ હશે? એ જાણવું મારી બુદ્ધિની બહારની વાત છે. પિતૃઓને આધાર કાર્ડ કેમ નહીં અપાતા હોય?

અમે સહુ શ્રદ્ધાળુઓ કાગડા એરલાઇન્સમાં આવતા કાગડાઓનું પ્લેન લેન્ડ થવાની રાહ જોતા હતાં .ત્યાં જ પાડોશી ગોરધનભાઈએ મંગાવેલા પીઝા (અમેરિકનો એને પિત્ઝા' ઉચ્ચારે છે ) અને મિનરલ વોટર આવી ગયા.

મેં પૂછ્યુંઃ 'પીઝા અને મિનરલ વોટર કેમ?'

એમણે કહ્યું: 'અમારા દાદાજી એન.આર.આઈ હતા. આખી જિંદગી એમણે ફાસ્ટ ફૂડ અને બેક્ટેરિયા વગરનું પાણી જ પીધું છે એટલે..' સાચી વાત છે. આજકાલ તો કોઈ વૃદ્ધ અંતિમ અવસ્થાએ હોય ત્યારે અમુક લોકો ગંગાજળને મિનરલ વોટર સાથે વૃદ્ધને પીવડાવે છે. પછી એ બેમાંથી શું શુદ્ધ હતું એ તો અંતિમ વિદાય લેનાર જ જાણે!

દાદાજીની રાહ જોવામાં મારી ભૂખ વધતી જતી હતી .મેં ત્રાંસી આંખે ડાબી તરફ જોયું પાડોશી ગોરધનભાઈ ખુદ પિતૃઓના પાર્સલમાં રહેલા પીઝા ચૂપકેથી કાગડાની માફક ઝાપટી રહ્યા હતા.

મેં દયાભાવે પૂછ્યું : ભૂખ્યા થયા છો ? તો એ કહે : 'ના..ના..એન.આર.આઇ પિતૃઓ ભોજન આરોગે એ તાજું છે કે નહિ એ ટેસ્ટ કરવું પડે ને ! ક્યાંક ભળતું ખવાઈ જાય ને પિતૃઓ બીમાર પડી જાય તો?'.

અફસોસ કે પિતૃઓ માટે પૃથ્વી પર કોઈ હેલ્થ ઇન્સ્યોરન્સ સ્કીમ નથી.આ તો પિતૃઓની આપણી પર ખાનદાની છે કે આકાશમાંથી હેલ્થ ઇન્સ્યોરન્સ કઢાવીને આવે છે.બાકી ધારો કે આપણે હેલ્થ ઇન્સ્યોરન્સ કઢાવી પિતૃઓ પાસે સ્વર્ગમાં વિઝા કઢાવી જવું પડત તો ગજબની ઉપાધિ થઈ જાયને?! એમાંય સ્વર્ગની ટિકિટ સહેલાઈથી ઓછી મળે છે ? અને સ્વર્ગના વિઝા કંઈ ડુપ્લિકેટ અને ખોટા ઇન્કમ પ્રૂફ પરથી થોડા મળે ? ધારી લો કે પિતૃઓના પુણ્ય બળવાન હોય અને વિઝા મળી પણ જાય, પિતૃઓને પાર્સલ આપવા પહોંચી પણ જઈએ, પણ ત્યાં કસ્ટમમાં અધિકારીઓ ફૂડ રિજેક્ટ કરી દે તો?

'જો કે અત્યારે તો કાગડાઓના અરાઇવલનો સમય નક્કી નહતો થતો. બિલ્ડિંગવાસીઓએ તાત્કાલિક મીટિંગ કરી નિર્ણય લીધોઃ

'જો થોડા સમયમાં પિતૃઓ કાગડા બનીને નહીં આવે તો ટેરેસ પર પિતૃઓ એ જાતે જ ઠંડું થયેલું બુફે લેવું પડશે..!'

આમ પણ વિદેશમાં કબૂતર બની જતા આપણા કેટલાક સંબંધી લગભગ ફ્રીજનું ઠંડું જમી જમીને કાગડા જ બની જતા હોય છે. પછી તો કાગડો કોણ કબૂતર કોણ એ પણ નક્કી નથી થતું...

આવા વિચારમાં હતો ત્યાં જ અચાનક આકાશમાંથી કેટલાક પંખીઓનું ઈમરજન્સી લેન્ડિંગ થયું, પણ આ પંખીઓની અમને ઓળખ ન પડી..

અમે સહુ 'કાંકાંકાંકાં ...'.ના આવજો કરવા લાગ્યા તો સામેથી 'ઘુઘુઘુઘુ'ના પોકાર થયાં ત્યારે સહુને ખબર પડી કે આ તો કાગડા નહિ કબૂતર છે !

ફરી મીટિંગ થઇ સેક્રેટરીએ જાહેર કર્યુંઃ 'શ્રાદ્ધમાં કાગડા અવેલેબલ ન હોયતો કબૂતર પણ ચાલે ! ' આ નિર્ણયથી સહુ ઘેલા થઈ ગયા, કારણ કે કાગડા કરતાં માણસ તરીકે કબૂતર સારા! અને આમેય આ કાળમાં કબૂતર અને કાગડા વચ્ચે પાતળી ભેદરેખા છે, જે ભેદ તો અનુભવી જ સમજી શકે.

મેં ઘરે જઇ મારી પત્નીને વાત કરી.

સ્ત્રીની બુદ્ધિ પગની પાની સુધી નહિ, પણ હૃદયની વાણી સુધી હોય છે..

પત્ની ઉવાચઃ જે કબૂતર લાગે છે એ કાગડા પણ હોય અને કાગડા કબૂતર પણ હોય ! જોકે,એ બધું જ આપણી શ્રદ્ધા અને વિશ્વાસ પર છે. આપણી આંખો આ ભેદ સમજી શકે તો સમજણની પાંખો ફૂટે.. મહત્ત્વ આસ્થાનું છે.. 'આસ્થા હોય તો પિતૃઓની કૃપા આસપાસ જ છે.' ■

# શૅરબજારે અંતિમ તબક્કામાં ઉછાળો મારીને હાંસલ કરી નવી વિક્રમી ઊંચી સપાટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અનિશ્ચિત વાતાવરણમાં નીચા મથાળે શરૂઆત કર્યા બાદ શેરબજારે સત્રના અંતિમ તબક્કામાં નવેસરની લેવાલીનો ટેકો મળતાં ઉછાળો માર્યો હતો અને સેન્સેક્સ તથા નિફ્ટીને નવી વિક્રમી ઊંચી સપાટીએ પહોંચાડ્યા હતા. બેન્કિંગ અને પાવર શેરોની આગેવાનીએ સત્રના પાછલા ભાગમાં લેવાલી નીકળતાં બેન્ચમાર્ક સેન્સેક્સ પ્રથમ વખત ૮૫,૦૦૦ના સ્તરની ઉપર બંધ થવામાં સફળ થયો છે, જ્યારે નિફ્ટી ૨૬,૦૦૦ની સપાટી વટાવીને બુધવારે તાજી જીવનકાળની ઊંચી સપાટીએ સ્થિર થયો હતો.

દિવસ દરમિયાન જોવા મળેલા વેપાર પછી, ૩૦ શેરો ધરાવતો બીએસઇ સેન્સેક્સ ૨૫૫.૮૩ પોઈન્ટ અથવા ૦.૩૦ ટકા વધીને ૮૫,૧૬૯.૮૭ પોઇન્ટની સર્વકાલીન ટોચ પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન, તે ૩૩૩.૩૮ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૮૫,૨૪૭.૪૨ પોઇન્ટની વિક્રમી ઈન્ટ્રા-ડે ટોચ પર પહોંચ્યો હતો. એ જ રીતે, નિફ્ટી ૬૩.૭૫ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકા વધીને ૨૬,૦૦૪.૧૫ પોઇન્ટની વિક્રમી સપાટીએ બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન, તે ૯૨.૪ પોઇન્ટ અથવા ૦.૩૫ ટકા વધીને ૨૬,૦૩૨.૮૦ પોઇન્ટની નવી ઇન્ટ્રા-ડે ટોચ પર પહોંચ્યો હતો.

સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી પાવર ગ્રીડ, એક્સિસ બેન્ક, એનટીપીસી, બજાજ ફિનસર્વ, બજાજ ફાઇનાન્સ, ટાટા સ્ટીલ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને એચડીએફસી બેન્ક ટોપ ગેઇનર્સમાં સામેલ થયા હતા, જ્યારે ટેક મહિન્દ્રા, ટાટા મોટર્સ, ટાઇટન, કોટક મહિન્દ્રા બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને જેએસડબલ્યુ સ્ટીલ ટોપ લૂઝર્સ શેરોની યાદીમાં હતા.

એરક્રાફ્ટ સર્વિસ અને ડિફેન્સ ક્ષેત્રે ભાગીદારી અંગે ચર્ચા કરવા માટે બિલિયોનેર ગોતમ અદાણીએ બોમ્બાર્ડિઅરના સીઇઓ એરિક માર્ટેલ સાથે ચર્ચા કરી હતી. અદાણી દેશના સાત એરપોર્ટનું સંચાલન કરે છે, જ્યારે બોમ્બાર્ડિઅર જેટ વિમાન તૈયાર કરે છે. કેઆરએન હીટ એક્સચેન્જરનો આઇપીઓ ખૂલવાની ગણતરીની મિનિટોમાં જ સંપૂર્ણપણે ભરાઇ ગયો હતો અને ત્રણ લાખથી વધુ અરજી મળી હતી.

હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયાને જાહેર ભરણા માટે સેબીની મંજૂરી મળી ગઇ છે. પ્રવેગ લિમિટેડે ધોરડોમાં ભૂંગાના ઇકો-ફ્રેન્ડલી મેનેજમેન્ટ માટે ગુજરાતના પ્રવાસન નિગમ સાથે મોટો કરાર કર્યો છે, જે અંતર્ગત ગુજરાતના ધોરડોમાં ૩૦ ભૂંગાના સંચાલન, જાળવણી અને સંચાલન માટે નોંધપાત્ર કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આ ભૂંગા કચ્છ પ્રદેશના વતની પરંપરાગત માટીના ઝૂંપડા ઇકો ફ્રેન્ડલી પર્યટનના હિસ્સા હોવાથી સરકાર તેને પ્રોત્સાહન આપે છે. સ્વીગીને આઇપીઓ મારફત માટે સેબીની મંજૂરી મળી છે.

બજાજ ફિનસર્વ, બ્લુ સ્ટાર, બોશ, કેમ્પસ એક્ટિવ, સીએટ, ઇક્લેરક્સ સર્વિસ, ફર્સ્ટસોર્સ સોલ્યુશન્સ, હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, ઇપકા લેબ્સ, એમએન્ડએમ, મહાનગર ગેસ, મેટ્રોપોલિસ, એનટીપીસી, પીસીબીએલ, પાવર ગ્રીડ કોર્પ, ટાટા કોમ્યુનિકેશન્સ, ટ્રેન્ટ, ટીવીએસ મોટર સહિત લગભગ ૩૦૦ શેરોએ બીએસઇ પર તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીને સ્પર્શી હતી.

એરટેલે સ્પેમ કોલનો ખાતમો બોલાવવા એઓઆઇ આધારિત નેટવર્ક ટેકનોલોજી અપનાવવાની જાહેરાત કરી છે. બીએસઇના મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૫ ટકા ઘટ્યા છે. સેક્ટોરલ મોરચે, પાવર, મેટલ, મીડિયા અને રિયલ્ટી ઇન્ડેક્સ ૦.૫-૩ ટકા વધ્યા હતા, જ્યારે એફએમસીજી, પીએસયુ બેન્ક અને આઇટી ઇન્ડેક્સ ૦.૫-૧ ટકા ઘટ્યા હતા.

નિફ્ટીના શેરોમાં પાવર ગ્રીડ કોર્પોરેશન, એનટીપીસી, એક્સિસ બેંક, ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ, બજાજ ફિનસર્વ ટોપ ગેઇનર્સમાં હતા, જ્યારે એલટીઆઇમાઇન્ડટ્રી, ટેક મહિન્દ્રા, ટાટા કન્ઝ્યુમર, ટાટા મોટર્સ અને ટાઇટન કંપની ટોપ લુઝર્સ રહ્યાં હતાં.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, રેન્જ-બાઉન્ડ ટ્રેડ પછી પાવર અને બેંકિંગ શેરોની




આગેવાની હેઠળ બેન્ચમાર્ક શેરઆંક સત્રના પાછલા ભાગમાં ઊંચી સપાટી તરફ આગળ વધ્યાં હતાં, જ્યારે ઊંચા વેલ્યુએશન્સની ચિંતા વચ્ચે કરેકશન આવતાં મિડકેપ અને સ્મોલકેપ શેરઆંક નીચી સપાટીએ ગબડ્યા હતા. .

ઇક્વિટી એનાલિસ્ટે એવી ચેતવણી પણ આપી છે કે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોના પ્રવાહમાં ઘટાડો અને સસ્તા વેલ્યુએશનને કારણે અન્ય ઊભરતાં બજારોમાં એફઆઇઆઇ ભંડોળના સ્થાનાંતરણને કારણે સ્થાનિક બજારને ટૂંકા ગાળાના પડકારોનો સામનો કરવો પડી શકે છે.

એશિયન બજારોમાં, શાંઘાઈ અને હોંગકોંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા જ્યારે સિયોલ અને ટોકિયો નેગેટિવ ઝોનમાં ધકેલાયા હતા. યુરોપિયન બજારો મોટે ભાગે નીચા મથાળે ટ્રેડ થઈ રહ્યા હતા. મંગળવારે અમેરિકી બજારો ઊંચા સ્તરે બંધ રહ્યા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૨,૭૮૪.૧૪ કરોડના મૂલ્યની ઇક્વિટીઓ ઓફલોડ કરી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૩૫ ટકા ઘટીને ૭૪.૯૧ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે.

નોંધવું રહ્યું કે, મંગળવારે દિવસ દરમિયાન ઊંચા અને નીચા સ્તર વચ્ચે અથડાયા પછી, બીએસઇ બેન્ચમાર્ક ૧૪.૫૭ પોઈન્ટ અથવા ૦.૦૨ ટકા ઘટીને ૮૪,૯૧૪.૦૪ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૨૩૪.૬૨ પોઈન્ટ અથવા ૦.૨૭ ટકા ઉછળીને ૮૫,૧૬૩.૨૩ની તાજી ઓલ-ટાઇમ ઇન્ટ્રા-ડે ટોચે પહોંચ્યો હતો. એ જ રીતે, નિફ્ટી ૧.૩૫ પોઈન્ટ અથવા ૦.૦૧ ટકાનો નજીવો વધારો નોંધાવી ૨૫,૯૪૦.૪૦ના સ્તરે પહોંચ્યો હતો. દિવસ દરમિયાન, તે ૭૨.૫ પોઈન્ટ અથવા ૦.૨૭ ટકા વધીને ૨૬,૦૧૧.૫૫ ના નવા રેકોર્ડ ઈન્ટ્રા-ડે હાઈ પર પહોંચ્યો હતો.

યુટિલિટીઝ અને પાવર ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં ઝડપી ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સની ૨૦ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૦ સ્ક્રિપ્સ ઘટી હતી. બુધવારે બીએસઈ સેન્સેક્સ મંગળવારના ૮૪,૯૧૪.૦૪ના બંધથી ૨૫૫.૮૩ પોઈન્ટ્સ (૦.૩૦ ટકા) વધ્યો હતો.

જોકે, બીએસઇની સાઇટ અનુસાર માર્કેટ કેપ રૂ. ૦.૮૨ લાખ કરોડ ઘટીને રૂ. ૪૭૫.૨૫ લાખ કરોડ રહ્યું હતું.

એક્સચેન્જમાં ૪,૦૬૫ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૬૯૭ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૨૫૬ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૧૨ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૬૭ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૩૮ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૫૩ ટકા વધ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૩૫ ટકા ઘટ્યો હતો. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૯૫ ટકા ઘટ્યો હતો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૮૭ ટકા વધ્યો હતો.

સેકટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ યુટિલિટીઝ ૦.૯૯ ટકા, પાવર ૦.૮૭ ટકા, રિયલ્ટી ૦.૭૧ ટકા, મેટલ ૦.૪ ટકા, બેન્કેક્સ ૦.૩૪ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૨૪ ટકા, કોમોડિટીઝ ૦.૨૩ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૦૯ ટકા અને એનર્જી ૦.૦૨ ટકા વધ્યા હતા, જ્યારે કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૭ ટકા, આઈટી ૦.૫૯ ટકા, એફએમસીજી ૦.૪૭ ટકા, સર્વિસીસ ૦.૩૮ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૩૪ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૩૨ ટકા, ઓટો ૦.૨૮ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૨૭ ટકા, ટેક ૦.૨૬ ટકા, હેલ્થકેર ૦.૧૪ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ૦.૦૩ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે પાવર ગ્રીડ ૩.૯૧ ટકા, એક્સિસ બેન્ક ૨.૧૮ ટકા, એનટીપીસી ૧.૯૪ ટકા, બજાજ ફિનસર્વ ૧.૧૦ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૯૧ ટકા, તાતા સ્ટીલ ૦.૯૫ ટકા, એચડીએફસી બેન્ક ૦.૫૯ મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૫૮ ટકા, આઈટીસી ૦.૪૨ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૩૭ ટકા અને એચસીએલ ટેકનોલોજી ૦.૩૫ ટકા વધ્યા હતા.

જ્યારે ટેક મહિન્દ્ર ૨.૨૧ ટકા, તાતા મોટર્સ ૧.૩૯ ટકા, ટાઈટન ૦.૯૨ ટકા, સ્ટેટ બેન્ક ૦.૬૮ ટકા, જેએસડબલ્યુ સ્ટીલ ૦.૬૭ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૫૩ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૪૩ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૧૫ ટકા અને હિંદુસ્તાન યુનિલિવર ૦.૧૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૭૨.૮૦ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૪૧૫ સોદામાં ૮૫૨ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૫,૫૫,૧૯૭ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૩,૭૮,૪૨૮.૦૫ કરોડનું રહ્યું હતું.

## ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચીનના સ્ટિમ્યુલસ પૅકેજની જાહેરાત બાદ ગઈકાલે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યા બાદ આજે લંડન ખાતે મિશ્ર વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સ્ટોકિસ્ટોની લે-વેચ અને માગ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

આજે મુખ્યત્વે ટીનમાં ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણે ભાવમાં કિલોદીઠ રૂ. ૨૯નો ઘટાડો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એક ઘટી આવ્યા હતા. તેની સામે કોપર, બ્રાસ શીટ કટિંગ્સ, નિકલ, ઝિન્ક અને લીડ ઈન્ગોટ્સમાં સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકથી આઠ વધી આવ્યા હતા અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા.

ગઈકાલે ચીને સ્ટિમ્યુલસ પૅકેજ જાહેર કરતાં લંડન ખાતે કોપરના ભાવમાં મજબૂત તેજીનું વલણ જોવા મળ્યા બાદ આજે બૅન્ચમાર્ક કોપર વાયદાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ટનદીઠ ૯૮૫૮.૫૦ ડૉલર અને એક મહિને ડિલિવરી શરતે વાયદામાં ભાવ ૦.૨ ટકા ઘટીને પાઉન્ડદીઠ ૪.૫૧૫૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

દરમિયાન સ્થાનિકમાં આજે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૮૬૮, કોપર સ્ક્રેપ હેવીના ભાવ રૂ. સાત વધીને રૂ. ૮૦૪, કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૧૧, રૂ. ૭૯૦ અને રૂ. ૭૪૦, બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૫૭૦ અને રૂ. ૨૭૭, નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૪૧૫ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૯૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ટીનમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૯ ઘટીને રૂ. ૨૭૭૬ના મથાળે રહ્યા હતા.

જ્યારે નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટસના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૩૮ના મથાળે રહ્યા હતા, જ્યારે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૨૮ અને રૂ. ૧૯૪ના મથાળે ટકેલા રહ્યા હતા.

### વૈશ્વિક સોનાએ ૨૭૦૦ ડૉલરની સપાટીએથી પાછું ફર્યું

## સ્થાનિકમાં આગઝરતી ₹ ૪૮૪ની તેજી સાથે શુદ્ધ સોનું ₹ ૭૫,૦૦૦ની પાર, ચાંદી ₹ ૯૦,૦૦૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વનાં વ્યાજદરમાં કપાત પશ્ચાત્ સોના સહિતની ધાતુના મુખ્ય વપરાશકાર દેશ ચીને સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરતા વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૨૭૦૦ ડૉલરની સપાટીની ઉપર પહોંચીને પાછા ફર્યા હતા. વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર ભાવમાં વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો આવ્યો હતો, જ્યારે વાયદામાં સુધારો આગળ ધપ્યો હતો. તેમ જ ચાંદીના ભાવ પણ ઔંસદીઠ ૩૨ ડૉલરથી સાધારણ નીચે ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓમાં આગઝરતી તેજી જોવા મળી હતી, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૨થી ૪૮૪નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૩૨૮નો ઉછાળો આવતા શુદ્ધ સોનાએ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫,૦૦૦ની અને ચાંદીએ કિલોદીઠ રૂ. ૯૦,૦૦૦ની સપાટી પાર કરી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક સટ્ટાકીય




લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૩૨૮ વધીને રૂ. ૯૦,૭૩૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૨ વધીને રૂ. ૭૪,૯૪૭ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૮૪ વધીને રૂ. ૭૫,૨૪૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજની ઝડપી તેજીના માહોલમાં સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી અત્યંત પાંખી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ડૉલર ઈન્ડેક્સની નરમાઈ સાથે ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના હાજર ભાવમાં ઉછાળો આવ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકા ઘટીને ઔંસદીઠ ૨૬૫૫.૩૦ ડૉલર અને ડિસેમ્બર વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧૮ ટકા વધીને ૨૬૮૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮૮ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૧.૮૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા હળવી નાણાનીતિ અખત્યાર કરતાં જાહેર કરેલી વ્યાજદરમાં કપાત અને ચીન દ્વારા આર્થિક વૃદ્ધિને વેગ આપવા માટે સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરતાં વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૧૪ મહિનાની નીચી સપાટી આસપાસ પ્રવર્તી રહ્યો હોવાથી સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું વિશ્લેષકો જણાવી રહ્યા છે. જોકે, હાલમાં રોકાણકારોની નજર આવતીકાલના ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવેલના વક્તવ્ય અને શુક્રવારે જાહેર થનારા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટા પર સ્થિર થઈ છે.

સામાન્યપણે નીચા વ્યાજદરના સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી સોના જેવી અસ્ક્યામતોમાં રોકાણકારોની લેવાલી રહેતી હોય છે અને અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા તાજેતરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો રેટ કટ કર્યા બાદ આ વર્ષમાં કુલ ૧૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવે તેવી ધારણા સિટી બૅન્કના વિશ્લેષકો મૂકી રહ્યા છે, જ્યારે ગોલ્ડમેન સાશના મતાનુસાર ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાથી જૂન ૨૦૨૫ સુધીની પ્રત્યેક બેઠકમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકશે. આમ નીચા વ્યાજદરના સંજોગો, રાજકીય-ભૌગોલિક તણાવ, કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી અને એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં આંતરપ્રવાહ જળવાઈ રહેતાં સોનામાં તેજીનો અન્ડરટોન જળવાઈ રહેવાની શક્યતા વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યા છે.

## નાણાકીય વર્ષ ૨૦૨૫માં ફેશન રિટેલરોની આવકો ૧૫ ટકા વધવાની શક્યતાઃ અહેવાલ

નવી દિલ્હીઃ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫માં ખાસ કરીને નેટવર્ક વિસ્તરણને કારણે ફેશન રિટેલરોની આવકોમાં ૧૫ ટકા જેટલો વધારો જોવા મળે તેવી શક્યતા અગ્રણી રેટિંગ એજન્સી ઈક્રાએ એક અહેવાલમાં વ્યક્ત કરી છે. વર્તમાન નાણાકીય વર્ષમાં ફુગાવાલક્ષી દબાણ રહેવા છતાં નેટવર્કમાં થયેલા વિસ્તરણને ટેકે ફેશન રિટેલરોની આવકમાં વધારાનો ટેકો મળશે, એવું અહેવાલમાં વ્યક્ત કરતાં એજન્સીએ ફેશન રિટેલ ક્ષેત્રને સ્થિર આઉટલૂક આપ્યું છે. ઈક્રા દ્વારા સમીક્ષા માટે પસંદ કરવામાં આવેલી કંપનીઓના મતાનુસાર વર્તમાન નાણાકીય વર્ષમાં ફેશન રિટેલરોનો આવક વૃદ્ધિદર વર્ષાનુવર્ષ ધોરણે ૧૪થી ૧૫ ટકા રહેવાનો અંદાજ હોવા છતાં ઓપરેટિંગ પ્રોફિટ માર્જિન (ઓપીએમ)૧૩થી ૧૪ ટકા આસપાસ રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો. ઈક્રાના મતાનુસાર તહેવારોની મોસમને કારણે ફેશન રિટેલરોના માસાનુમાસ ધોરણે ત્રીજા ત્રિમાસિકગાળામાં રિટેલ વેચાણ બીજા ત્રિમાસિકગાળાની સરખામણીમાં વધુ રહેશે. તેમ જ તહેવારોની મોસમની માગ ઉપરાંત નેટવર્ક વિસ્તરણને કારણે સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૫માં વર્ષાનુવર્ષ ધોરણે આવકમાં ૧૪થી ૧૫ ટકાની વૃદ્ધિ જોવા મળશે. ફુગાવાલક્ષી દબાણને કારણે ફેશન રિટેલ સેગ્મેન્ટ નાણાકીય વર્ષ ૨૦૨૩નાં ચોથા ત્રિમાસિકગાળાથી મંદી સામે ઝઝૂમી રહ્યો હતો. જોકે, ઈક્રાને પ્રતિસાદ આપનાર કંપનીઓએ સ્ટોરનું નેટવર્ક વિસ્તારવાની સાથે નવાં ઉત્પાદનોની શ્રેણી વધારતા નાણાકીય વર્ષ ૨૦૨૫નાં પહેલા ત્રિમાસિકગાળામાં વર્ષાનુવર્ષ ધોરણે ૧૮ ટકાનો વૃદ્ધિદર દાખવ્યો હતો. જોકે, તેમાં પ્રીમિયમ સેગ્મેન્ટમાં સરેરાશ વેચાણમાં ત્રણ ટકાનો ઘટાડો રહ્યો હતો.

## ઈથેનોલની વધતી માગઃ બિહારમાં મકાઈ ક્ષેત્રે રોકાણ કરવા આહ્વાન

નવી દિલ્હીઃ દેશમાં વધી રહેલી ઈથેનોલની માગને ધ્યાનમાં લેતા બિહારના કૃષિ પ્રધાન મંગલ પાંડેએ હાઈબ્રિડ મકાઈનાં બિયારણના ઉત્પાદન અને વેરહાઉસ સુવિધાઓ વિકસાવવા માટે ખાનગી ક્ષેત્રને રોકાણ માટે આહ્વાન આપ્યું છે.

અત્રે ફિક્કિ દ્વારા આયોજિત મકાઈ પરિષદ (મેઈઝ સમિટ)ને સંબોધતા તેમણે આ વર્ષે બિહારમાં ૧૦ લાખ હેક્ટર વિસ્તારમાં મકાઈનાં વાવેતરનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંકની જાહેરાત કરી હતી. ભારતનાં સૌથી મોટા પાંચમાં ક્રમાંકના મકાઈના ઉત્પાદક રાજ્ય બિહારમાં ખેડૂતો મકાઈના આકર્ષક ભાવને ધ્યાનમાં લેતા મકાઈનાં પાક તરફ આકર્ષિત થઈ રહ્યા છે. હવે મકાઈ માત્ર માનવ અને પ્રાણીના વપરાશ માટે જ નથી રહી, પરંતુ તે હવે પેટ્રોલમાં મિશ્રિત થઈને વાહનોને પાવર પણ પૂરું પાડી રહી હોવાનું જણાવતાં તેમણે મકાઈનાં પાકની મહત્ત્વતા દર્શાવી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઈથેનોલ ઉત્પાદન માટે મકાઈને ફિડસ્ટોક તરીકે મંજૂરી આપતા કેન્દ્રનાં નિર્ણયથી માગમાં નોંધપાત્ર વધારો થતાં રાજ્યભરમાં ઈથેનોલ પ્લાન્ટની સ્થાપનાને પણ વેગ મળ્યો છે.

જોકે, આ પરિવર્તનને કારણે હાઈબ્રિડ બિયારણની અછત અને સંગ્રહ માટેના અપૂરતા માળખા જેવાં પડકારો પણ ઊભા થયા છે. આથી અમે હાઈબ્રિડ બિયારણની વિશાળ જરૂરિયાતનો સામનો કરી રહ્યા હોવાથી ખાનગી ઉદ્યોગને બિયારણનાં ઉત્પાદનમાં રોકાણ માટે તેમ જ વેરહાઉસ સુવિધાઓ વધારવા માટે ખાનગી રોકાણકારોને આમંત્રિત કરી રહ્યા છીએ એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં કેન્દ્રીય સચિવ દેવેશ ચતુર્વેદીએ હાઈબ્રિડ મકાઈના બિયારણના ઉત્પાદનમાં વધારો કરવાની આવશ્યકતા મૂકતા જણાવ્યું હતું કે તેલંગણા અને આંધ્ર પ્રદેશ જેવાં દક્ષિણના રાજ્યો હાલ આ ક્ષેત્રમાં પ્રભુત્વ ધરાવે છે, પરંતુ હવે ઉત્તરીય રાજ્યોમાં બિયારણના ઉત્પાદનની શક્યતાઓ ખોળવા સંશોધન માટે આહ્વાન આપ્યું હતું. આ સિવાય બિહારના કૃષિ સચિવ સંજય કુમાર અગ્રવાલે પણ રાજ્યના હાઇબ્રિડ મકાઈના ૯૯ ટકા બીજ હાલમાં અન્ય રાજ્યોમાંથી મેળવવામાં આવતા હોવાથી ઉદ્યોગના ખેલાડીઓને બિહારમાં તેમની બીજ ઉત્પાદન કામગીરી વિસ્તારવા અનુરોધ કર્યો હતો.

હાલમાં રાજ્યની ઇથેનોલ ઉત્પાદન ક્ષમતા વર્ષના અંત સુધીમાં વાર્ષિક ૮.૦૯ લાખ કિલો લિટર સુધી પહોંચવાની તૈયારી છે, જેમાં ૧૫ પ્લાન્ટ કાર્યરત થવાની અપેક્ષા છે. આ વિસ્તરણ માટે વાર્ષિક આશરે ૨૩.૩૮ લાખ ટન મકાઈની જરૂર પડશે, જે પાકની માગમાં વધુ વધારો કરશે.

## ડૉલર સામે રૂપિયામાં બે પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો બે પૈસાના સુધારા સાથે ૮૩.૬૧ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી અને વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ સુધારાતરફી રહ્યા હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૬૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૩.૫૯ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૬૪ અને ઉપરમાં ૮૩.૫૧ની રેન્જમાં અથડાઈને અંતે બે પૈસાના સુધારા સાથે ૮૩.૬૧ના મથાળે બંધ રહ્યો હતો.

તાજેતરમાં ઈક્વિટી માર્કેટમાં સુધારો અને નબળા ડૉલરનો રૂપિયાને ટેકો મળી રહ્યો હોવાનું એલકેપી સિક્યોરિટીઝનાં વિશ્લેષક જતીન ત્રિવેદીએ જણાવતા ઉમેર્યું હતું કે આજે એશિયન ડેવલોપમેન્ટ બૅન્કે વર્તમાન નાણાકીય વર્ષ માટે દેશનો આર્થિક વૃદ્ધિદર સાત ટકા રહેવાનો અંદાજ મૂક્યો હોવાથી પણ રૂપિયાને ટેકો મળ્યો છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ જળવાઈ રહેતાં ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૦૫ ટકાના સુધારા સાથે ૧૦૦.૫૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૭૮૪.૧૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો, પરંતુ આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૫૫.૮૩ પૉઈન્ટનો અને ૬૩.૭૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૫ ટકા ઘટીને બેરલદીઠ ૭૪.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં બે પૈસાનો મામૂલી સુધારો જોવા મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સૌરાષ્ટ્ર અને કચ્છમાં મગફળી તેમ જ અન્ય પાકોને બચાવવા ખેતી માટે ૧૦ કલાક વીજળી અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લામાં ખેડૂતોના મગફળી તેમજ અન્ય ઊભા પાકોને બચાવવા ખેતી માટે ખેતીવાડીના દરેક ગ્રૂપને ૧૦ કલાક વીજળી આપવાનો ખેડૂત હિતલક્ષી મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

ગુજરાતના ઊર્જા પ્રધાન કનુભાઈ દેસાઈ એ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે રાજયમાં ખેતી માટે ખેતીવાડીના દરેક ગ્રૂપને એક અઠવાડિયે દિવસે અને બીજા અઠવાડિયે રાત્રેની રોટેશન પદ્ધતિથી દરરોજ નિયમિત સમયસર ૮ કલાક વીજળી આપવાનો કાર્યક્રમ અમલમાં છે, અને તે રીતે નિર્ધારીત નીતિ મુજબ ખેડૂતોને કૃષિ વિષયક વીજળી માટે સામાન્ય પરિસ્થિતીમાં પ્રતિ દિન સરેરાશ ૮ કલાક વીજળી રોટેશનથી આપવામાં આવતી હોય છે. જોકે સૌર ઉત્પાદનને અનુલક્ષીને હાલમાં ખેતીવાડી ક્ષેત્રે લગભગ ૭૫ ટકાથી વધુ સપ્લાય દિવસ દરમ્યાન આપવામાં આવે છે. રાજ્યના આશરે ૨૦.૧૦ લાખ ખેતીવાડી ગ્રાહકો પૈકી આશરે ૧૬.૦૧ લાખ ગ્રાહકો ને દિવસ દરમ્યાન (એટલે કે સવારે ૫ કલાકે થી રાત્રે ૯ કલાકમાં) ખેતી વિષયક વીજળી પૂરી પાડવામાં આવે છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વરસાદ ખેંચાતો હોય અથવા ઉભા પાકને બચાવવું જરૂરી જણાય તેવા વિવિધ સંજોગોમાં તેમજ ઋતુ પ્રમાણેના ડાંગર, જીરું જેવા પાક ને બચાવવા માટે જરૂરિયાત પ્રમાણે કૃષિ વીજગ્રાહકોને પ્રતિ દિન સરેરાશ ૮ કલાક ઉપરાંત વધારાના કલાકો માટે વીજપુરવઠો પૂરો પાડવામાં આવે છે.

હાલમાં રાજ્યમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના પીજીવીસીએલના વીજ વિતરણ ક્ષેત્ર હેઠળ આવતા જામ જોધપુર, લાલપુર, માણાવદર, વંથલી, મેંદરડા, કેશોદ, માંગરોલ, માળીયા હટીના તાલુકામાં તેમજ કચ્છ જિલ્લામાં મગફળી તેમ જ અન્ય પાકોને બચાવવાના હેતુથી ખેતી માટે ખેતીવાડીના દરેક ગ્રૂપને ૧૦ કલાક વીજળી આપવા અમલવારી કરવાની સૂચના ડિસ્કોમને આપી દેવામાં આવી છે જેનાથી ખેડૂતોના મહામૂલા ઊભા પાકને જીવતદાન મળ્યું છે.

દેસાઈ એ ઉમેર્યું હતું કે, તા.૨૭.૦૮.૨૦૨૪ના રોજ પીજીવીસીએલની મહત્તમ વીજમાંગ ૩૧૪૭ મેગાવોટ અને વીજ વપરાશ ૫૫ મિલિયન યુનીટસ હતી, જે હાલમાં તા. ૨૩.૦૯.૨૦૨૪ ના રોજ વધીને અનુક્રમે ૯૦૩૫ મેગાવોટ અને ૧૫૪ મિલિયન યુનીટસ નોંધાયેલ છે. જે દર્શાવે છે કે પીજીવીસીએલની વીજમાગમાં ઘણો વધારો થયેલ છે. એજ રીતે પીજીવીસીએલની ખેતીવાડી ક્ષેત્રની મહત્તમ વીજમાગ ૧૮૭ મેગાવોટ અને વીજ વપરાશ ૦૩ મિલિયન યુનિટસ હતો, જે હાલમાં તા. ૨૩.૦૯.૨૦૨૪ ના રોજ વધીને અનુક્રમે ૫૮૨૦ મેગાવોટ અને ૫૫ મિલિયન યુનિટસ નોંધાયેલ છે. જે પીજીવીસીએલની ખેતીવાડી ક્ષેત્રની વીજમાગમાં થયેલ વધારો દર્શાવે છે.

તા. ૨૭.૦૮.૨૦૨૪ના રોજ રાજ્યની મહત્તમ વીજમાગ ૧૨૧૫૭ મેગાવોટ અને વીજ વપરાશ ૨૬૯ મિલિયન યુનિટસ હતો, જે હાલમાં તા. ૨૩.૦૯.૨૦૨૪ ના રોજ વધીને અનુક્રમે ૨૪૨૦૫ મેગાવોટ અને ૪૯૩ મિલિયન યુનિટસ નોંધાયેલ છે. જે રાજ્યની વીજમાગમાં થયેલ નોંધપાત્ર વધારો દર્શાવે છે.

ઊભા પાકને બચાવવા જરૂરી જણાય ત્યારે મોંઘા ભાવના ગેસ એક્મોમાંથી, કેન્દ્રીય ક્ષેત્રના જનરેટીંગ સ્ટેશન, એક્સચેન્જ અને રીઅલ ટાઇમ માર્કેટમાંથી મોંઘા ભાવે વીજળીની ખરીદી કરીને પણ ખેતીવાડી ક્ષેત્રે ૧૦ કલાક વીજળી પૂરી પાડવામાં આવે છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

# ડીસા-લાખણી-કાંકરેજ-દિયોદર તાલુકાના કુલ ૧૯૨ ગામ અને થરા શહેરને મળશે શુદ્ધ પીવાનું પાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સરહદી જિલ્લા બનાસકાંઠામાં ૨૭ મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ડીસા અને લાખણી તાલુકાના ગામોની જૂથ પાણી પુરવઠા યોજના ફેઝ-૧ થી ૪ ના તથા રાણકપુર ઓફટેક આધારિત પાણી પુરવઠાની સુધારણા યોજનાના વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે.

કુલ રૂપિયા ૬૩૩ કરોડના ખર્ચે તૈયાર થયેલ આ બે યોજનાઓનું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ થવાથી ડીસા અને લાખણી તાલુકાના કુલ ૮૮ ગામ તેમજ કાંકરેજ અને દિયોદરના કુલ ૧૦૪ ગામ અને થરા શહેરને શુદ્ધ પીવાના પાણીનો લાભ મળી રહેશે.

બનાસકાંઠા જિલ્લાના નર્મદા મુખ્ય નહેરના દેવપુરા, તાલુકો વાવ ઓફટેક આધારિત ડીસા અને લાખણી તાલુકાના કુલ ૮૮ ગામોનો સમાવેશ થાય છે. જેમાં ડીસા તાલુકાના ૫૧ ગામ અને લાખણી તાલુકાના ૩૭ ગામ છે. જ્યારે બીજી પાણી પુરવઠા યોજના રાણકપુર ઓફટેક સુધારણા યોજના હેઠળ કાંકરેજ અને દિયોદર તાલુકાના કુલ ૧૦૪ ગામ અને થરા શહેરનો સમાવેશ કરાયો છે. જેમાં કાંકરેજ તાલુકાના ૮૦ ગામ, દિયોદર તાલુકાના ૨૩ ગામ, લાખણી તાલુકાના ૦૧ ગામ તથા થરા શહેરનો સમાવેશ થયો છે.

ડીસા, લાખણી, કાંકરેજ અને દિયોદર તાલુકાના ગામ પાતાળ કૂવા આધારિત, સ્વતંત્ર બોર આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના મારફત પાણી મેળવે છે. આ ગામના પાતાળ કૂવાઓના પાણીનું સ્તર દિન-પ્રતિદિન નીચા ઊતરતા જતા હોઇ તથા આ વિસ્તારમાં પાણીના દ્રાવ્ય ક્ષારો જેવાં કે ફ્લોરાઈડ, નાઇટ્રેટ તથા સેલીનીટીનું પ્રમાણ વધુ હોઇ પીવાના પાણીની સમસ્યા હતી. જ્યારે વર્ષોવર્ષ ઓછા વરસાદના કારણે ભૂગર્ભ જળના તળ નીચે જવાથી પાણીની ગુણવત્તાયુકત ન હોઇ, વિશ્વસનીય સ્રોત તરીકે નર્મદા મુખ્ય નહેરની તાતી જરૂરિયાત હતી.

ગુજરાત સરકાર દ્વારા આ સમસ્યાને ગંભીરતાથી લઈ કરોડો રૂપિયાના ખર્ચે બે પાણી પુરવઠા યોજના અમલમાં મુકાઈ હતી. બનાસકાંઠા જિલ્લાના ડીસા, લાખણી, કાંકરેજ અને દિયોદર તાલુકાના ગામડાઓ અને થરા શહેરને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા દ્વારા દેવપુરા-વાવ ઓફટેક અને રાણકપુર ઓફટેક સુધારણા યોજના વર્ષ ૨૦૨૦માં તૈયાર કરવામાં આવી હતી. જે યોજનાની કામગીરી પૂર્ણ થતાં તેનું લોકાર્પણ થશે. જે લોકાર્પણ થતાં નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ થશે.

# રાજકોટમાં ગેરકાયદે ટાઉનશિપનું ડિમોલિશનઃ રહેવાસીઓનો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)





અમદાવાદ: રાજકોટના વોર્ડ નં.૧૧માં આવેલા અંબિકા ટાઉનશિપ વિસ્તારમાં થોડા સમય પહેલા જનતા રેડમાં દારૂની ભઠ્ઠી પકડાઈ હતી. આ ગેરકાયદે પ્રવૃત્તિ ચલાવતા ગેરકાયદે બાંધકામોનું ડિમોલિશન રાખવામાં આવતા મકાનમાલિક સહિતના લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. તે બાદ વધારાની પોલીસ બોલાવાતા અને અન્ય આગેવાનો પહોંચતા રકઝક વચ્ચે સવારે ડિમોલિશન રોકી દેવાયુ હતું. જોકે, ગેરકાયદે બાંધકામ તોડવા કમિશનરે સૂચના આપી છે.

થોડા સમય પહેલા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન આ જગ્યાએ તપાસ પર ગયા હતા અને ત્યાં ગેરકાયદે બાંધકામ જોવા મળતા તેમણે લોકોની ફરિયાદ પરથી આ મકાનો તોડવા સૂચના આપી હતી જેથી આજે સવારે ટીપી સ્ટાફ પહોંચતા ઘેરી લેવામાં આવ્યો હતો. ગત તા.૨૧ સપ્ટે.ના રોજ સ્થાનિક લોકોએ દેશી દારૂના અડ્ડા પર જનતા રેડ કરી હતી.

કોર્પો.ના પદાધિકારી અને અધિકારીઓએ આ અડ્ડાના બાંધકામ અંગે તપાસ કરતા તે ગેરકાયદે અને રસ્તા પર હોવાનું ધ્યાને આવ્યું હતું. આજે ટીપીની ટીમ વિજિલન્સ પોલીસ સાથે પહોંચતા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. આ લોકોએ બુલડોઝર ફેરવવાનો વિરોધ કર્યો હતો અને બાંધકામ તોડવા દીધા ન હતા.

આથી તાલુકા પોલીસને જાણ કરવામા આવી હતી. આ બાંધકામો બચાવવા માગતા લોકોએ કોર્પોરેશન સામે ભ્રષ્ટાચારના આક્ષેપ કર્યા હતા.

તેઓ ૨૦ વર્ષથી રહેતા હોવાના કાગળો રજૂ કર્યા હતા અને બિલ્ડરોને લાભ કરાવવા ખોટી રીતે ડિમોલિશન કરાતુ હોવાનો આક્ષેપ કર્યો હતો.

# રાજકોટમાં ₹300 કરોડનાં ખર્ચે વિશ્વનું સૌથી મોટું નિઃશુલ્ક વૃદ્ધાશ્રમ આકાર લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ-જામનગર હાઇવે ઉપર રામપર ખાતે ભારતનાં સૌથી મોટા સદ્ભાવના વૃદ્ધાશ્રના નવા પરિસરનું ૩૦ એકર જગ્યામાં નિર્માણ થશે.આ વૃધ્ધાશ્રમ બનાવવાનો ખર્ચ અંદાજે રૂ. ૩૦૦ કરોડ છે, જેમાં ૧૧ માળના ૭ નવા બિલ્ડિંગમાં ૫૦૦૦ નિરાધાર, પથારીવશ, બીમાર વડીલો માટે ૧૪૦૦ રૂમ તૈયાર કરવામાં આવશે.

હિન્દુ ધર્માચાર્ય મહાસભાના આંતરરાષ્ટ્રીય કન્વીનર અને મહામંત્રી તેમ જ શ્રી શિવાનંદ આશ્રમ અમદાવાદના અધ્યક્ષ અને સદ્ભાવના વૃદ્ધાશ્રમના સંરક્ષક પ.પૂ પરમાત્માનંદ સરસ્વતીજીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં માતૃદેવ ભવ - પિતૃ દેવો ભવ આવી ભાવનાનો પણ હ્રાસ થયો છે, જેથી અનાથ, નિરાધાર, જેનું કોઈ નથી એવા વડીલોની સેવામાં વધુને વધુ લોકો જોડાતા રહે એ આજના સાંપ્રત સમયની માગ છે. તદુપરાંત સંયુક્ત કુટુંબો રહ્યા નથી. આવા કારણોને લીધે સમાજના બધા જ સ્તરના વડીલો માટે વૃદ્ધાવસ્થા બહુ જ પીડાજનક બને છે. સમાજના આવા લોકોની સ્થિતિ જોઈને, તેમના પ્રત્યેની અનુકંપાથી પ્રેરાઈને સદ્ભાવના વૃદ્ધાશ્રમની શરૂઆત કરવામાં આવી છે.

સદ્ભાવના વૃદ્ધાશ્રમમાં આજે ૬૫૦ જેટલા વૃદ્ધોની સેવા થઈ રહી છે જેમાં ૨૦૦થી વધુ વડીલો તો પથારીવશ છે ડાઈપર ઉપર છે, એટલે તેમને તૈયાર કરવા, કપડા બદલવા, ખવડાવવું, આ બધુ કરવાવાળા કાર્યકર્તાઓ પણ નિષ્ઠાથી કામ કરે છે.

પરમાત્માનંદ સરસ્વતીજીએ વધુમા જણાવ્યું હતું કે, હવે રાજકોટ-જામનગર હાઇવે ઉપર રામપર ખાતે ૩૦ એકર જમીનમાં-૫૦૦૦ જેટલા વૃદ્ધો રહી શકે તેવા ૧૪૦૦ રૂમોવાળા એક વિશાળ વૃદ્ધાશ્રમનું નિર્માણ કરવા જઈ રહ્યું છે. આ વૃદ્ધાશ્રમ આવતા બે વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે. સદ્ભાવના વૃદ્ધાશ્રમના પ્રમુખ વિજય ડોબરીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે સદ્ભાવના વૃદ્ધાશ્રમમાં સામાજિક કે શારીરિક રીતે અશકત હોય તેવા કોઈપણ ઉંમરના વ્યક્તિઓને, નાતજાત કે ધર્મના ભેદભાવ વગર, હરખભેર આવકારવામાં આવે છે.

સદ્ભાવના વૃદ્ધાશ્રમ દ્વારા પર્યાવરણ સંરક્ષણ ભાગરૂપે માત્ર વૃક્ષારોપણ જ નહીં, વૃક્ષોનું જતન અને ઉછેર કરવામાં આવે છે, અત્યાર સુધીમાં ૩૦ લાખથી વધુ વૃક્ષોનું પીંજરા સાથે વાવેતર ગુજરાતમાં થઈ ચૂકયું છે તેમ જ મીયાવાકી જંગલોના માધ્યમથી ૭૦ લાખ વૃક્ષો સાથે ૪૦૦ ટેન્કર, ૪૦૦ ટ્રેક્ટર અને ૧૬૦૦ માણસનો પગારદાર સ્ટાફની મહેનતથી વાવવામાં આવ્યા છે. સમગ્ર ભારતમાં ૧૫૦ કરોડ વૃક્ષો વાવવાનો,ઉછેરવાનો સંસ્થાનો ધ્યેય છે.

# માણાવદર માર્કેટિંગ યાર્ડના ચેરમેને રાજીનામું આપ્યુંઃ જવાહર ચાવડા વિરુદ્ધ રોષ ઠાલવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: માણાવદર માર્કેટિંગ યાર્ડમાં ચાલી રહેલા ગેરવહીવટ મુદ્દે બે દિવસ પહેલા ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણીએ પૂર્વ પ્રધાન જવાહર ચાવડા સામે આક્ષેપો કર્યા હતા. જો કે બુધવારે માણાવદર માર્કેટિંગ યાર્ડના ચેરમેન જગદીશ મારુએ ચેરમેન પદેથી રાજીનામું આપતા ખળભળાટ મચી ગયો હતો. જેને પગલે ફરી એક વખત માણાવદરનું રાજકારણ ગરમાયું હતું.

માણાવદર માર્કેટિંગ યાર્ડના ચેરમેન જગદીશ મારુંએ જિલ્લા રજિસ્ટ્રારને રાજીનામાં આપ્યું હતુ જેમાં તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, હું જગદીશભાઈ કાનાભાઈ મારુ છેલ્લાં અઢી વર્ષ કરતા પણ વધારે સમયથી માણાવદર માર્કેટિંગ યાર્ડમાં ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાયેલો છું. વર્તમાન ૮૫-માણાવદર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણીએ માણાવદર માર્કેટિંગ યાર્ડમાં અગાઉ યાર્ડની સ્થાપનાથી થયેલ ભ્રષ્ટાચાર માટે જે તપાસ માંગી છે. તેને કારણે તેમ જ વર્તમાનમાં યાર્ડના કર્મચારીઓના પગાર અંદાજે એકાદ વર્ષથી પગાર બાકી છે. અને આ યાર્ડમાં ખેડૂતોની સવલત અને જરૂરિયાતો યાર્ડ દ્વારા પૂરી થઈ શકતી નથી તેમ જ યાર્ડને લગતા અનેક પ્રશ્નોનો વિચાર કરી તથા પૂર્વ કેબિનેટ પ્રધાન અને માણાવદર માર્કેટિંગ યાર્ડના પૂર્વ ચેરમેન જવાહર ચાવડાની નીતિરીતિ મને અનુકૂળ ન આવતી હોય. જેના કારણે હું માણાવદર માર્કેટિંગ યાર્ડના ચાલુ ચેરમેન પદેથી મારી સ્વેચ્છાએથી રાજીનામું આપું છું.

અત્રે ઉલ્લેખનીય છે કે, માણાવદર માર્કેટિંગ યાર્ડમાં જવાહર ચાવડા ચેરમેન હતા ત્યારે કર્મચારીઓની ભરતી અને બાંધકામમાં ગેરરીતિ થયા હોવાનો અરવિંદ લાડાની દ્વારા ગુજરાતના સહકાર પ્રધાને પત્ર લખી શિક્ષાત્મક કાર્યવાહી કરવા માગ કરી હતી. તો બીજી તરફ માણાવદર માર્કેટિંગ યાર્ડને લઈ પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડા દ્વારા પણ સહકાર પ્રધાને પત્ર લખી માર્કેટિંગ યાર્ડ મામલે તટસ્થ તપાસ કરવાની માગ કરી હતી અને જો માર્કેટિંગ યાર્ડ મામલે કોઈ પણ ગેરરીતિ કે કંઈક ખોટું થયું હોય તો ઊંડાણપૂર્વક તપાસ કરી કાર્યવાહી કરવા જવાહર ચાવડા દ્વારા માગ કરવામાં આવી હતી.

# આદિપુરના ફાઈનાન્સરને ગોવાની ફાસ્ટ ટ્રેક કોર્ટે દુષ્કર્મના કેસમાં બિન તહોમત મુક્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાંધીધામ સંકુલના આદિપુર શહેરના અનંત તન્ના નામના જાણીતા ફાઇનાન્સર પર ગોવામાં દુષ્કર્મ સહિત વિવિધ ગંભીર કલમો તળે નોંધાયેલી ફરિયાદ બોગસ હોવાનું પોલીસ તપાસમાં પૂરવાર થતાં ગોવાની ફાસ્ટ ટ્રેક કોર્ટે તન્નાને બિન તહોમત મુક્ત કરી દીધા છે.

ફાઇનાન્સર સામે ખોટી ફરિયાદ નોંધાવનારી યુવતી સહિતની ગેંગ પૈસાદાર પુરુષોને હની ટ્રેપમાં ફસાવી, દુષ્કર્મની ખોટી ફરિયાદનો ડર બતાવીને રૂપિયા પડાવી લેવાતા હોવાનો અત્યારસુધીની તપાસમાં ઘટસ્ફોટ થતાં ગોવા પોલીસે આ યુવતી અને તેની મિત્ર સહિત ત્રણ લોકો વિરુદ્ધ ગત ઑગસ્ટ ૨૦૨૩માં ફરિયાદ નોંધી સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરી હતી જેની છાનબીનમાં આ ગેંગે ગોવા અને ગુજરાતમાં બળાત્કાર અંગેની પાંચથી વધુ ફરિયાદો નોંધાવી હોવાનું સ્પષ્ટ થયું હતું.

કરતૂતોનો ઘટસ્ફોટ થયાં બાદ ગોવા પોલીસે અનંત તન્નાના કેસમાં પૂરક ચાર્જશીટ સાથે બી સમરી ભરી હતી. ટ્રાયલ કોર્ટે તેને અવગણીને ચાર્જ ફ્રેમ કરવા હુકમ કરતાં તન્નાએ હાઈ કોર્ટમાં અરજ કરતાં હાઈ કોર્ટે ટ્રાયલ કોર્ટનો હુકમ રદ્દબાતલ ઠેરવીને પૂરક ચાર્જશીટ તથા બી સમરી રીપોર્ટને ધ્યાને લઈ કાયદેસર પ્રક્રિયા હાથ ધરવા કરેલા હુકમ બાદ ટ્રાયલ કોર્ટે તન્નાને ગંભીર આરોપોમાંથી મુક્ત કર્યા છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ગત ઑક્ટોબર ૨૦૨૨ના રોજ અનંત તન્નાએ ભુજ બી ડિવિઝન પોલીસ મથકે કચ્છ લડાયક મંચ નામની સંસ્થાના પ્રમુખ રમેશ રણછોડદાસ જોશી, રમેશના નાના ભાઈ શંભુ જોશી, ભુજના કહેવાતા બિલ્ડર કમ હોટેલિયર વિનય ઊર્ફે લાલો વિનોદ રેલોન, ભાનુશાલી હત્યા કેસના આરોપી જેન્તી ઠક્કર, જેન્તીના ભાણિયા કુશલ ઠક્કર, ભચાઉના વકીલ હરેશ કાંઠેચા, સુરતની યુવતી આશા ઘોરી અને અંજારના મનીષ મહેતા સહિત કુલ આઠ શખ્સ વિરુદ્ધ બદનામ કરવાની ધમકી આપી દસ કરોડ રૂપિયાની ખંડણી માગતા હોવાની ફરિયાદ નોંધાવી હતી.

આ ફરિયાદના થોડાં દિવસો બાદ ગોવાના કલંગુટ પોલીસ મથકે અનંત તન્ના વિરુદ્ધ દુષ્કર્મ સહિતની કલમો તળે ફરિયાદ નોંધાતાં ચકચાર મચી ગઈ હતી.

ગોવામાં નોંધાયેલી ફરિયાદમાં તન્ના ફરિયાદી યુવતીના કોઈ સંપર્કમાં હોવાના પૂરાવા જ પોલીસને મળ્યાં નહોતાં.

ગોવાની કોર્ટે પણ ફરિયાદની સત્યતા પર સંદેહ દર્શાવી તન્નાને જામીન આપ્યાં હતા.

# ગોંડલમાં વગર વરસાદે એકથી બે ફૂટ પાણી ભરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના ગોંડલમાં વગર વરસાદે પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે. ઉમરવાડા અંડરબ્રિજ નીચે પાણી ભરાતા લોકોને હેરાનગતી થઈ રહી છે. અંડરબ્રિજ નીચે પાણી ભરાતા લોકોને ફરીને જવાનો વારો આવ્યો છે. તંત્રએ પાણીની મોટર રિપેરિંગનું કામ હવે શરૂ કર્યું છે અને અંડરબ્રિજ બંધ કરી દેવામાં આવતા વાહનચાલકોને ફરીને જવું પડે છે.

સમગ્ર ઘટનામાં પાણી કયાંથી આવ્યું તે અંગે શહેરીજનો વિચારમાં પડી ગયા છે. તંત્રએ પાણીની મોટર રિપેરિંગનું કામ શરૂ કર્યુ છે અને પાણી દૂર કરવાનું કામ શરૂ કર્યુ છે. અંડરપાસ બંધ કરી દેવામાં આવ્યો છે અને રોડને ડાયવર્ટ કરવામાં આવ્યો છે. સૂત્રો તરફથી મળતી માહિતી પ્રમાણે રેલવે તંત્રની પાણીની મોટર ખરાબ થતા અંડરબ્રિજ નીચે પાણી ભરાયું છે.

ગોંડલમાં વગર વરસાદે ઉમવાડા અંડરબ્રિજ નીચે પાણી ભરાતા રોડને ડાયવર્ઝન અપાયું છે. તંત્રની બેદરકારીને કારણે અંડરબ્રિજ નીચે એકથી બે ફૂટ પાણી ભરાયા છે. બ્રીજ નીચે રાહદારીઓ વાહનચાલકોને પસાર થવા મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગુંદાળા ફાટક બંધ થતાં ઉમવાડા અંડરબ્રિજ વાહનચાલકો માટે ડાયવર્ટ કરાયો છે. પાણી ઊતરી જશે ત્યારબાદ રોડને ફરીથી શરૂ કરવામાં આવશે. સ્થાનિકોનો આક્ષેપ છે કે ગટરના પાણી રોડ પર આવી ગયા છે. તંત્ર દ્વારા પાણી દૂર કરવાની કામગીરી શરૂ કરાઈ છે. પાણી ગટરના ભાગેથી વહીને બહાર ફરી વળ્યું છે અને રાત્રીના સમયે આ પાણી ફરી વળ્યું છે. આગામી સમયમાં આવી સમસ્યા ફરીથી ન સર્જાય તે માટે તંત્ર એલર્ટ મોર્ડ પર છે. હાલમાં પાણી ખેંચાઈ રહ્યું છે અને સફાઈની કામગીરી કરાઈ રહી છે.

# ભુજમાં બેકાબૂ ટ્રેલરે કેબિન અને વાહનોને અડફેટે લેતાં ભય ફેલાયો



(ઉત્સવ વૈદ્ય)

ભુજ: ભુજના ભુજિયા ડુંગરની તળેટીમાં આકાર પામેલા સ્મૃતિવન પાસેના 'અકસ્માતઝોન' બની ચૂકેલા માર્ગ પર આવેલા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે મંગળવારની સાંજે પૂરપાટ વેગે આવી રહેલું એક કન્ટેનર ટ્રેલર અચાનક બેકાબૂ બની આસપાસની કેટલીક કેબિનો અને વાહનો પર ફરી વળતાં અહીં ઉપસ્થિત લોકોમાં નાસભાગ મચી હતી. અકસ્માતની આ ઘટનામાં સદ્ભાગ્યે જાનહાનિ ટળી હતી, પરંતુ એક મોટરસાઇકલ ચાલક અને ટ્રેલર ચાલકને ઇજાઓ પહોંચતા તેમને જી.કે હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.

બનાવ અંગે જાણવા મળેલી વિગતો મુજબ, ગત સાંજના ચાર વાગ્યાના અરસામાં પધ્ધર તરફથી આવતું એક મહાકાય કન્ટેનર ટ્રેલર મુંદરા તરફ જવા માટે ભુજના જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસેના સર્કલ પરથી પસાર થઈ રહ્યું હતું ત્યારે સંભવિત બ્રેક ફેલ થવાથી ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો અને ટ્રેલર આસપાસની કેબિનો અને રસ્તા પરથી પસાર થતા કેટલાક વાહનોને કચડીને ઊભું રહી ગયું હતું. અચાનક સાક્ષાત્ મોત જેમ આવી ચડેલા ટ્રેલરના લીધે વટેમાર્ગુઓમાં નાસભાગ મચી ગઇ હતી.

અકસ્માત બાદ લોકોની ભારે ભીડ એકઠી થઈ જવા પામી હતી તો એક તરફનો માર્ગ પણ આંશિક બંધ પડી જતા વાહનવ્યવહારને અસર પહોંચી હતી.

આ અકસ્માત અંગે ભુજ બી ડિવિઝન મથકે તપાસ કરતા આ વિશેની કોઈ નોંધ થઈ ન હોવાનું જાણવા મળી રહ્યું છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ગત સ્વાતંત્ર્ય પર્વના દિવસે આ જ માર્ગ પર એક સિમેન્ટ બનાવતી કંપનીનું ટ્રેઇલર આવી જ રીતે બેકાબૂ બની કેબિનો અને વાહનોને અડફેટમાં લીધા હતા. ભૂતકાળમાં ખૂદ આઈજીના બંગલાના આગળના ભાગે એકથી વધુ વખત મોટા વાહનો ટકરાઈ ચૂક્યાં છે. આરટીઓ સર્કલ પાસે પણ સેંકડો અકસ્માતના દાખલા છે.

# રાજકોટમાં પ્રેમી યુગલની આત્મહત્યાઃ પ્રેમિકાને લટકતી જોઇ યુવકે પણ ગળાફાંસો ખાધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં લીવ ઈનમાં રહેતા યુગલે આત્મહત્યા કરતા ખળભળાટ મચી ગયો હતો. દોઢ વર્ષ પૂર્વે ઈન્સ્ટાગ્રામ મારફતે ત્યક્તા મહિલા અને યુવક વચ્ચે પ્રેમ પાંગરતા યુગલે ૧૦ દિવસ પહેલા જ રેલનગરમાં આવેલી શ્રીજી રેસીડેન્સીમાં મકાન ભાડે રાખ્યું હતું.

પ્રેમી બહારથી ઘરે આવતાં પ્રેમિકાને ગળાફાંસો ખાધેલી હાલતમાં લટકતી જોતા જ તેને ભારે આઘાત લાગ્યો હતો, પ્રેમીએ મિત્રને વોઈસ મેસેજ કરી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પ્રેમી પંખીડાના આપઘાતથી બન્ને પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી અને પોલીસે પ્રેમી યુગલના આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમાં રેલનગર વિસ્તારમાં આવેલી શ્રીજી રેસીડેન્સીમાં ભાડાના મકાનમાં રહેતા અક્ષય શૈલેષભાઈ કલોલીયા (ઉ.૨૯) અને તૃપ્તીબેન ભાવેશભાઈ ધ્રાંગધરીયા (ઉ.૩૭)એ સજોડે ગળેફાંસો ખાઈ આપઘાત કરેલી હાલતમાં બન્નેના લટકતા મૃતદેહ મળી આવ્યો હતો.

બન્ને મૃતદેહ જોઇ પરિવારમાં અરેરાટી સાથે કરુણ કલ્પાંત સર્જાયો હતો. આ ઘટના અંગે જાણ થતાં પ્ર.નગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે બન્ને મૃતદેહને નીચે ઉતારી ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ અર્થે સિવિલ હૉસ્પિટલ ખાતે ખસેડ્યા હતાં.મળતી પ્રાથમિક માહિતી મુજબ, મૃતક અક્ષય કલોલીયા અપરિણીત હતો. જયારે મૃતક તૃપ્તીબેન ધ્રાંગધરીયાના ૧૫ વર્ષ પૂર્વે સમાજના રીતરિવાજ મુજબ લગ્ન થયા બાદ છુટાછેડા થઈ ગયા હતાં. બાદમાં ભાવેશ નામના યુવક સાથે પ્રેમ લગ્ન કર્યા હતાં અને જ્યાં ભાવેશ થકી પુત્રનો જન્મ થયો હતો. ભાવેશ સાથે છૂટાછેડા થઈ ગયા બાદ તૃપ્તીબેન ધ્રાંગધરીયાને છેલ્લાં દોઢેક વર્ષથી અક્ષય કલોલીયા સાથે ઈન્સ્ટાગ્રામમાં પ્રેમ પાંગર્યો હતો.